


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 24 JULY 2026 Vol. 24, No. 29 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# હુમલા બંધ નહીં થાય તો US માં શોક છવાશે : ઈરાન

## ટ્રમ્પે ઈરાનને 9 સપ્ટમ્બરે ટ્વીન ટાવર પર થયેલા હુમલા જેવી કાર્યવાહીની ધમકી આપતાં મામલો ફરી બિચક્યો

**તહેરાન**

હોર્મુઝ સ્ટ્રેઈટસમાંથી પસાર થતા જહાજો ઉપર હુમલા કરવા સામે ડૉનાલ્ડ ટ્રમ્પે ઈરાનને આપેલી ધમકીના જવાબમાં ઈરાને વળતી ધમકી આપતા કહ્યું હતું કે, 'જો અમેરિકા હુમલા બંધ નહીં કરે તો ઈરાન તેવું પગલું ભરશે કે જેથી અમેરિકામાં 'રાષ્ટ્રીય શોક' છવાઈ જશે.

આ અંગે વિશ્લેષકોનું સહજ અનુમાન છે કે, 'આ દ્વારા ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે ૧૧ સપ્ટેમ્બર ૨૦01ના દિવસે પાકિસ્તાન સ્થિત વૈશ્વિક ત્રાસવાદી ઓસામા-બિન-લાદેન દ્વારા ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર કરાયેલા વિમાની હુમલાની યાદ આપી હતી.

ઈરાનની 'મજલિસ' (સંસદ)ના આધારે અને વરિષ્ઠ મંત્રણાકાર મોહમ્મદ બાધેર ઘાવીબાફે તેવી ચેતવણી ઉચ્ચારી હતી કે જો ઈરાન તેનું તેલ વેચી નહીં શકે તો બીજો કોઈપણ દેશ વેચી નહીં શકે. જ્યાં સુધી અમેરીકી દળો રહેશે ત્યાં સુધી હોર્મુઝ સલામત નહીં રહે. તેનું સમીકરણ બહુ સીધું છે. ઈરાનની સલામતી અંગે ગેરેન્ટી નહીં આપવામાં આવે ત્યાં સુધી હોર્મુઝ બંધ રહેશે.

બીજી તરફ ઈરાનના સ્ટેટ મીડિયાએ જણાવ્યું હતું કે, અમેરિકા જો અમારી એનર્જી- ફેસીલીટીઝ પર હુમલા ચાલુ રાખશે તો ઈરાન અમેરિકામાં જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ (પાયાની સવલતો) ઉપર હુમલા કરે જ રાખશે તો સમગ્ર અમેરિકા શોકમાં ડૂબી જશે તેવો વળતો ફટકો મારવામાં આવશે.



ઈરાનની સ્ટેટ ન્યૂઝ એજન્સીએ આપેલા આ અહેવાલનું સીધું અર્થઘટન તે થઈ શકે કે આ દ્વારા ઈરાને ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૧ના દિવસે પાકિસ્તાન- અફઘાન સરહદે રહેલા વૈશ્વિક આતંકવાદી ઓસામા- બિન લાદેને ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર્સના ટ્વિન ટાવર્સ ઉપર આતંકીઓએ વિમાન દ્વારા કરેલા હુમલાનો આડકતરો ઉલ્લેખ કર્યો હતો, ઈરાન- અમેરિકા વચ્ચે તંગદિલી સતત વધતી જ જાય છે. ટ્રમ્પે ઈરાનના પૂલો અને પાવર પ્લાન્ટ્સ ઉડાડી દેવાની ધમકી ઉચ્ચારી છે તો તે સામે ઈરાને, સપ્ટેમ્બર ૧૧, ૨૦01ના દિવસે ન્યૂયોર્કના ટ્વિન ટાવર્સ ઉપર કરાયેલા વિમાની હુમલાની યાદ આપી છે.

## સ્પેસએક્સના શેર્સમાં પણ 6%થી વધુનો કડાકો

# મસ્કને ઝટકો, 24 કલાકમાં 44.4 અબજ ડોલર ગુમાવ્યા

**વોશિંગ્ટન**

ઈલોન મસ્કની કંપની ટેસ્લાના શેર્સમાં બુધવારે, 22 જુલાઈના રોજ આશરે 5%નો ઘટાડો નોંધાયો હતો. આ સાથે જ ઈલોન મસ્કની બીજી કંપની સ્પેસએક્સના શેર્સમાં પણ 6%થી વધુનો કડાકો બોલ્યો હતો. કંપનીઓના શેર્સ તૂટવાના કારણે ઈલોન મસ્કને એક જ દિવસમાં 44.4 અબજ ડૉલરનું જંગી નુકસાન વેઠવું પડ્યું છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, હવે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કની કુલ સંપત્તિ ઘટીને 745 અબજ ડૉલર રહી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ ઈલોન મસ્ક ટ્રિલિયોનર બન્યા હતા.

એપ્રિલથી જૂન ત્રિમાસિક ગાળાના મિશ્ર પરિણામો જાહેર કર્યા બાદ ટેસ્લાના શેર્સમાં આ ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, કંપનીની આવક અપેક્ષા કરતાં વધુ રહી હતી, પરંતુ નફામાં મોટો ઘટાડો અને નેગેટિવ ફ્રી કેશ ફ્લોને કારણે રોકાણકારોનો વિશ્વાસ ડગમગી ગયો હતો. એક્સટેન્ડેડ ટ્રેડિંગમાં ટેસ્લાના શેર 4.4% ઘટીને 374.01 ડૉલર પર આવી ગયા હતા. જ્યારે નિયમિત કારોબારમાં પણ શેર 1.3% તૂટ્યો હતો અને વર્ષ 2026માં અત્યાર સુધીમાં આ શેર 15% જેટલો નીચે આવી ચૂક્યો છે.



**આવક વધી પણ ચોખ્ખો નફો 5% ઘટ્યો :** ટેસ્લાની આ ત્રિમાસિક ગાળામાં કુલ આવક 28.24 અબજ ડૉલર રહી હતી, જે ગયા વર્ષના સમાન ગાળા કરતાં 26% વધુ છે. પરંતુ, કંપનીની શેર દીઠ કમાણી (EPS) માત્ર 0.33 ડૉલર રહી હતી, જે વોલ સ્ટ્રીટની 0.51 ડૉલરની અપેક્ષા કરતાં ખૂબ ઓછી છે. આ સમયગાળા દરમિયાન કંપનીનો ચોખ્ખો નફો (Net Profit) પણ ગયા વર્ષની સરખામણીએ 5% ઘટીને 1.11 અબજ ડૉલર થઈ ગયો હતો.

**ઓટોમોબાઈલ અને એનર્જીનું પ્રદર્શન :** કંપનીના ઓટોમોબાઈલ બિઝનેસની આવક વાર્ષિક ધોરણે 23% વધીને 20.52 અબજ ડૉલર થઈ છે. આ સિવાય, એનર્જી બિઝનેસમાં પણ આવક 13% વધીને 3.14 અબજ ડૉલર પર પહોંચી છે, જેમાં સોલર એનર્જી અને બેટરી સ્ટોરેજ સિસ્ટમનો સમાવેશ થાય છે. જોકે, કારની સરેરાશ વેચાણ કિંમતમાં ઘટાડો થવાને કારણે ટેસ્લાનું કુલ પ્રોફિટ માર્જિન ઘટી ગયું હતું, જેના લીધે ગ્રોસ માર્જિન અગાઉના 17.2%થી ઘટીને 16.8% રહી ગયું છે.

# ભારતથી સાઉથ કોરિયા સુધી 10 હજાર કિમી વાદળોની દીવાલ : સેટેલાઈટ તસવીરે ચોંકાવી

## સામાન્ય કરતાં 180% વધુ વરસાદ: ભારત માટે રાહત અને આફત બંને

**નવી દિલ્હી**

અંતરિક્ષમાંથી લેવાયેલી સેટેલાઇટ ઈમેજરીમાં પૃથ્વી પર એક એવો દ્રશ્ય કેપ્ચર થયો છે, જેણે આખા એશિયા ખંડના હવામાનશાસ્ત્રીઓને આશ્ચર્યચકિત કરી દીધા છે. ઉત્તર ભારતથી શરૂ કરીને હિમાલય, ચીન અને સીધા સાઉથ કોરિયા સુધી ફેલાયેલી 7,000થી 10,000 કિલોમીટર લાંબી વાદળોની વિશાળ પટ્ટી જોવા મળી છે.

આ ઘટના વર્ષ 2026ના દક્ષિણ-પશ્ચિમ ચોમાસાના સૌથી સક્રિય તબક્કાની સાક્ષી પૂરે છે. એક તરફ જ્યાં આ વાદળો બમ્પર વરસાદ લાવીને દેશના જળાશયો ભરી રહ્યા છે, તો બીજી તરફ હિમાચલ અને ઉત્તરાખંડ જેવા પહાડી રાજ્યોમાં પૂર અને લેન્ડસ્લાઈડનો ભય પણ ઊભો થયો છે.

છેલ્લા 2 દિવસમાં ભારતમાં તેના દૈનિક સરેરાશ ચોમાસાના વરસાદ કરતાં 170 થી 180% જેટલો વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિજ્ઞાનીઓએ આ દિવસોને "Massive Monsoon Days" તરીકે વર્ણવ્યા છે, અરબી સમુદ્રથી શરૂ કરીને પશ્ચિમ પેસિફિક મહાસાગર સુધીની આ વાતાવરણીય સિસ્ટમ સમગ્ર ખંડના હવામાનને અસર કરી રહી છે.


### શું છે આ 'મોનસૂન કન્વર્જન્સ ઝોન'?

હવામાન નિષ્ણાતો આ અદ્ભુત ઘટનાને 'Monsoon Convergence Zone' તરીકે ઓળખાવી રહ્યા છે. હિંદ મહાસાગર પરથી આવતા ભેજયુક્ત પવનો જ્યારે સમગ્ર એશિયામાં સક્રિય હવામાન પ્રણાલીઓ સાથે ભળે છે, ત્યારે આવી ઘટના આકાર લે છે. સેટેલાઈટ તસવીરો દર્શાવે છે કે ઘટ્ટ વાદળોએ મધ્ય, ઉત્તર અને પૂર્વ ભારતને સંપૂર્ણપણે ઘેરી લીધું છે. ત્યાંથી આગળ વધીને આ વાદળો હિમાલયન બેલ્ટ, ચીન, જાપાન અને સાઉથ કોરિયા સુધી પહોંચી ગયા છે.









# ટેરિફ વોરનો તાપ : કેનેડાએ અમેરિકા સાથેનો બ્રિજ ઉદ્ઘાટન સમારોહ રદ

## ટ્રમ્પની 50% ટેરિફની ધમકી સામે ઓટાવાનો આકરો જવાબ; હવે અલગ-અલગ ઉજવણી કરાશે

**ઓટાવા**

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કેનેડિયન માલસામાન ઉપર 50 ટકા જેટલા ભારે ટેરિફ લાદવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા બાદ કેનેડા અને અમેરિકા વચ્ચે આર્થિક અને રાજદ્વારી તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ટ્રમ્પની આ ખુલ્લી ધમકીના વિરોધમાં કેનેડાએ આ અઠવાડિયે યોજાનારા 'ગોર્ડી હોવ ઈન્ટરનેશનલ બ્રિજ'ના સંયુક્ત ઉદ્ઘાટન સમારોહમાં અમેરિકન પ્રતિનિધિઓ સાથે જોડાવાનો ઈનકાર કરી દીધો છે.

કેનેડાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રધાન ગ્રેગર રોબર્ટસનના કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, "યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ધમકી આપવામાં આવેલી વેપાર કાર્યવાહીને ધ્યાનમાં રાખીને બંને દેશો વચ્ચે સંયુક્ત રીતે ઉજવણી



કાર્યક્રમ સાથે આગળ વધવું અયોગ્ય રહેશે." આ નિર્ણય બાદ હવે શુક્રવારે યોજાનારો રિબન કટિંગ સમારોહ સંયુક્ત રીતે યોજવાને બદલે બંને દેશો દ્વારા અલગ-અલગ યોજવામાં આવશે. રોબર્ટસન અન્ય ફેડરલ અધિકારીઓ સાથે કેનેડા પૂરતા મર્યાદિત સમારોહમાં ભાગ લેશે. અમેરિકા સાથેના નવા મહેસૂલ-વહેંચણી કરાર હેઠળ આ મહત્વકાંક્ષી પુલ 27 જુલાઈના રોજ ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવશે. તે પહેલાં 24 જુલાઈએ કેનેડિયન નાગરિકો આ સીમાચિહ્નરૂપ સિદ્ધિની ઉજવણી કરશે. સરકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગોર્ડી હોવ ઈન્ટરનેશનલ બ્રિજ એક અત્યંત મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે, જે વર્ષોની સખત મહેનતનું પરિણામ છે અને તે ભવિષ્યમાં આ ક્ષેત્રનો મુખ્ય આર્થિક ચાલક બનશે.

વિન્ડસર અને ડેટ્રોઈટને જોડતા આ પુલ માટે હાર્પર સરકાર હેઠળ 2012માં કરાર કરવામાં આવ્યો હતો. જેમાં ઓટાવાએ મિશિગન સાથે માલિકીની ભાગીદારી રાખીને પુલના નિર્માણનો સંપૂર્ણ $6.4 બિલિયનનો ખર્ચ ઉઠાવવાનું વચન આપ્યું હતું.

# ધૂમ્રપાન રોકવા હવે સિગારેટના પેક પર ગ્રાફિક ઈમેજ વોર્નિંગ રજૂ કરાશે

### 1 ઓગસ્ટથી 13 નવી ગ્રાફિક ચેતવણીઓ ફરજિયાત; તમાકુનો વપરાશ ઘટાડવા ફેડરલ સરકારનો નિર્ણય

**ઓટાવા**

ધૂમ્રપાનના ઘાતક જોખમો પ્રત્યે લોકોને જાગૃત કરવા અને સિગારેટ છોડવા માટે પ્રેરિત કરવાના હેતુથી કેનેડા સરકારે એક મોટો અને આકરો નિર્ણય લીધો છે. સમગ્ર દેશમાં મોઢાના કેન્સર, હૃદયરોગ, સ્ટ્રોક અને સેકન્ડ હેન્ડ સ્મોકના નુકસાન અંગે ચેતવણી આપતી અત્યંત ગંભીર ગ્રાફિક (ચિત્ર) ઈમેજીસની એક નવી શ્રેણી જારી કરવામાં આવી છે. હેલ્થ કેનેડાના નિયમ મુજબ આવનારી 1 ઓગસ્ટ સુધીમાં સિગારેટ અને તમાકુના દરેક પેકેજ પર આવી 13 નવી ચિત્રાવલી લેબલ તરીકે છાપવી ફરજિયાત રહેશે. નવી જારી કરાયેલી આ ભયાનક ઈમેજીસમાં ટોઈલેટ બાઉલમાં લોહીવાળું પેશાબ, કેન્સરગ્રસ્ત કોલોન અને કેન્સરથી પીડિત વ્યક્તિની જખમી જીભ દર્શાવવામાં આવી છે.

જીભના કેન્સર વાળા લેબલ પર લખવામાં આવ્યું છે કે, આ રોગથી પીડાતા 36 ટકા લોકો પાંચ વર્ષમાં મૃત્યુ પામે છે. આ ઉપરાંત, ધુમાડામાં લપેટાયેલા એક માસૂમ બાળકનું ચિત્ર દર્શાવીને નિષ્ક્રિય ધૂમ્રપાન ના ગંભીર નુકસાન વિશે પણ ચેતવણી આપવામાં આવી છે.

# અમેરિકા પર નિર્ભરતા ઘટાડવા માટે કેનેડા 'સ્ટીલ્થ ફાઈટર જેટ' પ્રોજેક્ટમાં જોડાયું

### કેનેડા, UK, ઇટાલી અને જાપાનના 'ગ્લોબલ કોમ્બેટ એર પ્રોગ્રામ'માં કેનેડા પ્રથમ નિરીક્ષક બન્યું

**ઓટાવા**

અમેરિકા દ્વારા કેનેડિયન નિકાસ પર 50 ટકા જેટલો ભારે ટેરિફ લાદવામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચે વધતા રાજદ્વારી તણાવ વચ્ચે કેનેડાએ પોતાની લશ્કરી વ્યૂહરચનામાં મોટો ફેરફાર કર્યો છે. યુએસ ઉપર પોતાની સૈન્ય નિર્ભરતા ઘટાડવાના હેતુથી વડાપ્રધાન માર્ક કાર્નેની સરકારે 2035 સુધીમાં આગામી (છઠ્ઠી) પેઢીના સ્ટીલ્થ ફાઈટર જેટ વિકસાવવા માટેના યુકે, ઈટાલી અને જાપાનના મહત્વાકાંક્ષી 'ગ્લોબલ કોમ્બેટ એર પ્રોગ્રામ' (GCAP)માં પ્રથમ 'નિરીક્ષક' (Observer) દેશ તરીકે જોડાવા માટે કરાર કર્યા છે.

રોયલ કેનેડિયન એરફોર્સના કમાન્ડર લેફ્ટનન્ટ-જનરલ જેમી સ્પીઝર-બ્લેન્ચેટે સ્પષ્ટ કર્યું હતું કે નિરીક્ષકનો દરજ્જો મળવાથી કેનેડા હવે આ ગુપ્ત અને વર્ગીકૃત વાટાઘાટોમાં ભાગ લઈ શકશે. આ સાથે જ કેનેડા આ વૈશ્વિક પ્રોજેક્ટમાં પોતાની ભૂમિકાનું મૂલ્યાંકન કરશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, કેનેડા આગળ જતાં આ પ્રોગ્રામમાં સંપૂર્ણ ભાગીદાર બનીને આ આધુનિક ફાઈટર જેટની ખરીદી પણ કરી શકે છે.

લંડન ખાતે યુકેના સંરક્ષણ સચિવ વેસ સ્ટ્રીટિંગ તથા ઈટાલી અને જાપાનના સંરક્ષણ મંત્રીઓની હાજરીમાં મેકગિન્ટી દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી, જેને યુકેના વડાપ્રધાન એન્ડી બર્નહામે આવકારી હતી.

સરકાર પાંચમી પેઢીના F-35 જેટની ખરીદી કરી રહી હોવા છતાં છઠ્ઠી પેઢીના વિમાનો તરફ નજર દોડાવી રહી છે. કારણ કે લશ્કરી ટેક્નોલોજી ઝડપથી બદલાઈ રહી છે.

# ગૂગલ મેપથી ખૂલ્યું વર્ષો જૂનું રહસ્ય : યુવકની જિજ્ઞાસાને કારણે અવકાશી ઘટનાનો પત્તો મળ્યો





### કેનેડાના યુવકને મેપમાં અજીબ ખાડો દેખાતાં વૈજ્ઞાનિકોને જાણ કરી હતી ; ઉલ્કાપિંડની ટક્કરથી બનેલા ક્રેટરનું નામ 'ઉહાચાટિક' રખાયું

**ઓટાવા**

કેનેડામાં ગૂગલ મેપના કારણે હજારો વર્ષ પહેલાં ઘટેલી એક વિશાળ અવકાશી ઘટના પરથી પડદો ઊંચકાયો છે. વીક-એન્ડમાં ફરવાનો પ્લાન કરી રહેલા એક કેનેડિયન નાગરિકને ગૂગલ સેટેલાઈટ મેપ ઉપર એક અજીબ ખાડો (ક્રેટર) દેખાતાં તેણે શરૂ કરેલી તપાસ બાદ વૈજ્ઞાનિકોએ એક કરોડો વર્ષ જૂની ખગોળીય ઘટના શોધી કાઢી છે. આ રસપ્રદ શોધ અંગેની તમામ માહિતી હવે ટૂંક સમયમાં જ એક ગ્લોબલ સાયન્સ કોન્ફરન્સમાં રજૂ કરવામાં આવશે. જોયેલ લાપોઈન્ટે નામના કેનેડિયન નાગરિકે વીક-એન્ડ દરમિયાન કોઈ અજાણી જગ્યાએ ફરવા જવા માટે ગૂગલ મેપ પર આસપાસના વિસ્તારો શોધવાનું શરૂ કર્યું હતું. જુદી જુદી જગ્યાઓ એક્સપ્લોર કરતી વખતે તેની નજર એક વિચિત્ર આકારના ખાડા પર પડી હતી. જેની લંબાઈ અને બનાવટ સામાન્ય જમીન કે સ્થાનિક બાંધકામ કરતાં તદ્દન અલગ હતી. તેણે સ્થળ પર જઈને પ્રાથમિક તપાસ કરી, પરંતુ સ્થાનિક લોકોએ એ ખાડો બનાવ્યો હોય તેવો કોઈ પુરાવો મળ્યો નહીં. જે બાદ

જોયેલે આ અંગેની માહિતી વૈજ્ઞાનિકોને આપી હતી. ત્યારબાદ પ્રોફેસર જોર્ડન ઓસિન્સ્કી અને ફ્રાન્સના સાયન્ટિસ્ટ જેરોમ ગટ્ટાકેકા સહિતની નિષ્ણાતોની ટીમે આ દુર્ગમ જંગલ વિસ્તારમાં પહોંચીને જમીનના સેમ્પલ લીધા હતા. લેબોરેટરી અને સાયન્ટિફિક પદ્ધતિથી તપાસ કરતાં માલૂમ પડ્યું કે, આ ખાડો માનવસર્જિત નથી, પરંતુ આજથી લગભગ હજારો વર્ષ પહેલાં એક વિશાળ એસ્ટરોઈડ (ઉલ્કાપિંડ) પૃથ્વી સાથે ટકરાવાને કારણે બન્યો હતો.

આ વિસ્તારમાં વસતી સ્થાનિક આદિજાતિની સંસ્કૃતિના સન્માનમાં આ ક્રેટરનું નામ 'ઉહાચાટિક' રાખવામાં આવ્યું છે. પૃથ્વી પર ઉલ્કાપિંડની ટક્કરથી અનેક જગ્યાએ ખાડા પડ્યા છે, પરંતુ સામાન્ય નાગરિક દ્વારા ગૂગલ મેપના ઉપયોગથી કરોડો વર્ષ જૂની અવકાશી ટક્કરની ભાળ મળી હોય તેવી વિશ્વની આ પ્રથમ ઘટના છે.

# 'નેચર' જર્નલમાં ધડાકો : માછલીઓમાં ટ્રાન્સમિસિબલ કેન્સરનો પ્રથમ કિસ્સો

**ક્યુબેક**

પ્રસિદ્ધ 'નેચર' જર્નલમાં પ્રકાશિત એક આનુવંશિક અભ્યાસ અનુસાર આ વિસ્તારોના તળાવોમાં જોવા મળતી 'બ્રાઉન બુલહેડ કેટફિશ' માછલીઓમાં ત્વચાનું કેન્સરની ગાંઠો મળી આવી છે. વિજ્ઞાનના ઈતિહાસમાં માછલીઓમાં 'ટ્રાન્સમિસિબલ' એટલે કે એકબીજામાં ફેલાતું ચેપી કેન્સર જોવા મળ્યું હોય તેવો આ પ્રથમ કિસ્સો છે.

આ રહસ્યમય બીમારીનો સિલસિલો 2012માં શરૂ થયો હતો, જ્યારે ક્યુબેક અને વર્મોન્ટની સરહદ પર આવેલા લેક મેમ્ફ્રેમાગોગના સ્થાનિક માછીમારોએ કાળાં ફોલ્લીઓ અને વિચિત્ર ગઠ્ઠાઓ ધરાવતી કેટફિશ પકડી હતી. તબીબી તપાસમાં આ ગઠ્ઠા મેલાનોમા સ્કીન કેન્સરની ગાંઠો હોવાનું ખુલ્લું પડ્યું હતું. અગાઉ 2011માં આવેલા ઉષ્ણકટિબંધીય તોફાન 'ઈરેન'ના પૂરના પાણી સાથે ઝેરી કેમિકલ્સ (કાર્સિનોજેન્સ) તળાવમાં ભળી જવાથી આ રોગ થયો હોવાની આશંકા સેવાતી હતી. મે મહિનાના એક અહેવાલમાં કેન્સરગ્રસ્ત માછલીઓની ચામડીમાં આર્સેનિક અને ઝીંક જેવી ધાતુઓનું પ્રમાણ વધુ મળ્યું હતું, પરંતુ કેન્સર માટે તે જ જવાબદાર છે તે સાબિત થઈ શક્યું નહોતું. અભ્યાસના સહ-નેતા અને વર્મોન્ટ યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર જુલી ડ્રેગને જણાવ્યું હતું કે, સમગ્ર જીવસૃષ્ટિમાં અત્યાર સુધી આવા ફેલાતા ચેપી કેન્સરના માત્ર ત્રણ જ ઉદાહરણો જાણીતા હતા– જે તાસ્માનિયન ડેવિલ્સ, કૂતરા અને શેલફિશમાં જોવા મળે છે. હવે માછલીઓમાં મળેલું આ ચોથું ટ્રાન્સમિસિબલ કેન્સર છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

# ઉત્તર ઓન્ટેરિયોના જંગલોમાં ૨૦૦થી વધુ સ્થળે દાવનળ

## ૫૬ આગ હજુ બેકાબૂ, ૧૩ સમુદાયો પ્રભાવિત; ૧૫૫ ફાયર ક્રૂ અને ૮૦ વોટર બોમ્બર્સ-હેલિકોપ્ટર કામગીરીમાં તૈનાત

**ઓટાવા**

ઉત્તરી ઓન્ટેરિયોના જંગલોમાં લાગેલી ભીષણ આગને કારણે અત્યાર સુધીમાં ૧,૮૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. પ્રાંતના પ્રીમિયર ડગ ફોર્ડે સોમવારે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, હાલ પ્રાંતમાં ૧૯૦થી વધુ સક્રિય આગ લાગી છે, જેમાંથી ૫૬ આગ સંપૂર્ણપણે કાબૂ બહાર છે.

વધુમાં, ૧૧૨ સ્થળોએ આગ જોવા મળી રહી છે, જ્યારે માત્ર ૬ આગ પર જ પૂરો કાબૂ મેળવી શકાયો છે અને ૧૬ આગ પર નિયંત્રણ મેળવાયું છે. મોટાભાગની આગ પ્રાંતના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં ઝડપથી ફેલાઈ રહી છે.૧૩ સમુદાયોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે અથવા સ્થળાંતરની પ્રક્રિયા ચાલુ છે. કટોકટી વ્યવસ્થાપન મંત્રી જીલ ડનલોપે જણાવ્યું હતું કે, વિસ્થાપિતોને થંડર બે, કાપુસ્કાસિંગ, સડબરી અને બેરી જેવા હબ શહેરોમાં લઈ જવામાં આવ્યા છે. આ ઉપરાંત, ટોરોન્ટો શહેર પણ જરૂરિયાતમંદોને આશ્રય આપવા માટે આગળ આવ્યું છે. નેસ્કાન્ટાગા ફર્સ્ટ નેશન દ્વારા સ્થળાંતર માટે ખાસ ફ્લાઈટ્સ ચલાવવામાં આવી રહી છે, કારણ કે થંડર બેમાં હોટલો ભરાઈ જવાથી લોકોને ટોરોન્ટો ખસેડાઈ રહ્યા છે. વ્હાઈટવોટર લેક ફર્સ્ટ નેશને ઘરો, માલ-સામાન અને મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓને વ્યાપક નુકસાન થયું હોવાની ચિંતા વ્યક્ત કરી છે. હાલ ઓન્ટેરિયો કોર્પ્સ, ફીડ ઓન્ટેરિયો અને કેનેડિયન રેડ ક્રોસ જેવી સંસ્થાઓ ખોરાક, N95 માસ્ક અને ઈમરજન્સી સુવિધાઓ પૂરી પાડી રહી છે. હાલમાં આગ ઓલવવા માટે ૧૫૫ ફાયર ક્રૂ સભ્યો, ૮૦ વોટર બોમ્બર્સ અને હેલિકોપ્ટર્સ સતત કાર્યરત છે. તાજેતરમાં થયેલા વરસાદથી આગની તીવ્રતા થોડી ઘટી છે, પરંતુ અધિકારીઓના જણાવ્યા મુજબ ધુમાડો અને પુરવઠામાં અવરોધ દૂર કરવા હજુ પણ વધુ અને સતત વરસાદની જરૂર છે.

# ‘અમને તમારા તેલની જરૂર નથી, પણ કેનેડા જ અમારો શ્રેષ્ઠ વિકલ્પ : યુએસ રાજદૂત

## USMCA કરાર રિન્યૂ થવાની શક્યતા ઓછી : ટ્રમ્પના નિવેદન પર પીટ હોએક્સ્ટ્રાની સ્પષ્ટતા

**ઓટાવા**

કેનેડામાં યુએસ રાજદૂત પીટ હોએક્સ્ટ્રાએ સોમવારે જણાવ્યું હતું કે, અમેરિકા માટે તેલ ખરીદવા માટે કેનેડા “વિશ્વના શ્રેષ્ઠ સ્થળોમાંનું એક” છે. કેનેડા પર વધુ યુએસ-બળજબરીથી મજૂરી ટેરિફ લાદશે, તેવા નિવેદનના થોડા દિવસો પહેલા જ રાજદૂતે આ નિવેદન આપ્યું છે. ઉલ્લેખનીય છે કે, ક્ષેત્રીય ટેરિફ એક વર્ષથી વધુ સમયથી અમલમાં છે. પેસિફિક નોર્થવેસ્ટ ઈકોનોમિક રિજન વાર્ષિક સમિટમાં એક પેનલ દરમિયાન, હોએક્સ્ટ્રાને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી સ્પષ્ટ કરવા માટે કહેવામાં આવ્યું હતું, જેમાં ટ્રમ્પે કહ્યું હતું કે, યુ.એસ.ને કેનેડિયન તેલની “જરૂર” નથી. હોએક્સ્ટ્રાએ ઉમેર્યું હતું કે, “જ્યારે રાષ્ટ્રપતિ કહે છે કે, ‘અમને તમારા તેલની જરૂર નથી,’ તેનો અર્થ એ થાય છે કે, અમને તેલની જરૂર તો છે, પરંતુ માત્ર કેનેડા પાસેથી જ લેવું પડે તેવી કોઈ ફરજિયાત જરૂરિયાત નથી. જો કે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે, કેનેડા યુ.એસ. માટે પસંદગીનું સપ્લાયર રહ્યું છે. “છેલ્લા બે દાયકામાં અમને જાણવા મળ્યું છે કે, તેલ મેળવવા માટે વિશ્વના શ્રેષ્ઠ સ્થળોમાંનું એક કેનેડા છે. તે નજીક છે. બીજી તરફ, ટ્રમ્પે વારંવાર કહ્યું છે કે, યુ.એસ.ને તેલ અને ગેસ સહિત કેનેડિયન ઉત્પાદનોની જરૂર નથી. જાન્યુઆરીમાં દાવોસ ખાતે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દરમિયાન ટ્રમ્પે દાવો કર્યો હતો કે, “અમને અમારી કાર બનાવવા માટે તેમની જરૂર નથી, અને તેઓ તેમાંથી ઘણું બધું બનાવે છે. અમને તેમના લાકડાની જરૂર નથી. કારણ કે અમારી પાસે અમારા પોતાના જંગલો છે.

# ગેસના ભાવ ઘટતાં કેનેડામાં ફુગાવો ઘટીને ૨.૮%, કરિયાણામાં રાહત

## ઈરાન તણાવ અને રશિયન રિફાઈનરીઓ પર હુમલાથી ફરી વધારાનું જોખમ

**ઓટાવા**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાના તાજેતરના ડેટા અનુસાર ગેસના ભાવમાં ઘટાડો થવાને કારણે જૂન મહિનામાં કેનેડાનો વાર્ષિક ફુગાવાનો દર ઘટીને ૨.૮ ટકા નોંધાયો છે. આ અગાઉ મે મહિનામાં અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવને કારણે તેલના ઊંચા ભાવ રહેતાં ફુગાવો ૩.૨ ટકા સુધી પહોંચી ગયો હતો. ગયા મહિને બંને દેશો વચ્ચે રાજદ્વારી વાટાઘાટો અને યુદ્ધવિરામ બાદ તેલના ભાવ ઘટતાં દર મહિને ગેસના ભાવમાં ૧૦.૨ ટકાનો મોટો ઘટાડો નોંધાયો હતો, જેણે ફુગાવો નીચો લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. જો ફુગાવાના સમીકરણમાંથી ગેસના ભાવ બાદ કરવામાં આવે તો મેથી જૂન વચ્ચે ફુગાવો યથાવત રહ્યો હતો. બીજી તરફ, જૂનમાં કરિયાણાની દુકાનોમાં ભાવવધારાનો દર ઘટીને ૩.૯ ટકા થયો છે, જે મે મહિનામાં ૪.૩ ટકા હતો. સર્વસ ક્રેડિટ યુનિયનના મુખ્ય અર્થશાસ્ત્રી ચાર્લ્સ સેન્ટ-આર્નાઉડે જણાવ્યું હતું કે, ૨૦૨૧થી મોંઘા થયેલા રેડ મીટના વિકલ્પ તરીકે લોકો ચિકન તરફ વળ્યા છે, જેથી ચિકનની માંગ અને ભાવ વધવાની શક્યતા છે.

# $ 60,000નું ભાડા કૌભાંડમાં ભારતીય મૂળની મહિલા સવ્રીત કૌરની ધરપકડ

**બ્રામ્પટન**

કેનેડામાં વસવાટ કરવા ઈચ્છતા અને ઘરની શોધમાં રહેલા ડઝનેક લોકોને નિશાન બનાવી લાખો રૂપિયા ચૂસી લેનારા એક મોટા રેન્ટલ સ્કેમનો પીલ રિજનલ પોલીસે પર્દાફાશ કર્યો છે. આ છેતરપિંડી આચરવા બદલ બ્રેમ્પટનમાં રહેતી 27 વર્ષીય ભારતીય મૂળની મહિલા સવ્રીત કૌરની ધરપકડ કરાઈ છે. આરોપીઓએ મે 2025થી ફેબ્રુઆરી 2026 દરમિયાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બેઝમેન્ટ એપાર્ટમેન્ટ સહિતની વિવિધ મિલકતો ભાડે આપવા અંગેની આકર્ષક જાહેરાતો મૂકી હતી. જે લોકોએ આ યાદીનો સંપર્ક કર્યો, તેમની પાસે ભાડા કરાર પર સહી કરાવીને પહેલા અને છેલ્લા મહિનાનું એડવાન્સ ભાડું અને ડિપોઝિટ વસૂલવામાં આવતી હતી. આ આખું કૌભાંડ ત્યારે પ્રકાશમાં આવ્યું, જ્યારે પીડિત ભાડૂઆતો કરાર મુજબ પોતાના સામાન સાથે જાહેરાત કરેલા સરનામે રહેવા પહોંચ્યા હતા. ત્યાં પહોંચતા જ તેમને માલૂમ પડ્યું કે, મિલકત ઉપલબ્ધ જ નથી. ઘણા કિસ્સાઓમાં પીડિતોએ નવા ઘરમાં શિફ્ટ થવાના ચક્કરમાં પોતાના અગાઉના ઘરો પણ ખાલી કરી દીધા હતા, જેથી તેઓ રસ્તા પર આવી ગયા હતા. પીલ રિજનલ પોલીસે કથિત ભાડા કૌભાંડ સાથે જોડાયેલા 17 અલગ-અલગ કિસ્સાઓ ઓળખી કાઢ્યા છે, જેમાં કુલ નુકસાન Canadian $60,000 (આશરે 36 લાખ રૂપિયાથી વધુ) આંકવામાં આવ્યું છે.





તંત્રી સ્થાનેથી

# દિલ્હી નિર્દોષો સાથે બર્બરતા : ક્રુર અને તાનાશાહ શાસનની પ્રતીતિ

ભારતમાં નીટ પેપર લીક થયા બાદ હતાશ થયેલા 27 માસૂમોએ આત્મહત્યા કરી લેતાં કોકરોચ જનતા પાર્ટી દ્વારા દિલ્હીમાં શરૂ થયેલા આંદોલને વ્યાપક સ્વરૂપ લઈ લીધું છે. આંદોલનના સમર્થનમાં આમરણ ઉપવાસ પર બેઠેલા સોનમ વાંગચૂકને ઘસડીને જબરદસ્તી હોસ્પિટલમાં લઈ જવાયા બાદ દેશમાં સરકાર સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો. આથી, સોમવારે આંદોલનના ભાગરૂપે જંતરમંતર ખાતેથી સંસદ માર્ચનું આયોજન કરી દેશના યુવાનોને તેમાં જોડાવવા આહવાન કરાયું હતુ. જેને પગલે સરકાર દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. બીજી તરફ આંદોલનમાં જોડાવવા દેશમાંથી હજારો નહીં પણ લાખોની સંખ્યામાં યુવાનો, માસૂમો વૃદ્ધો, મહિલાઓ ઉમટી પડ્યા હતા. સરકારને પણ આટલી મોટી સંખ્યામાં યુવાનો આવશે તેવો અંદાજો ન હતો. આખરે સરકાર હરકતમાં આવી અને આંદોલનને દબાવવા ઉતાવળે હિંસાનો માર્ગ અપનાવ્યો.



તંત્રી - સ્વદેશ

હજારો યુવાનોએ સોમવારે દિલ્હીના આંદોલન સ્થળ જંતર મંતરેથી સંસદ સુધી માર્ચ કરી ત્યારે આ ટોળામાં કોલેજના વિદ્યાર્થીઓ, મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ, સ્કૂલના બાળકો, સીનિયર સિટિઝન, માતા પિતા સહિત તમામ વર્ગના લોકો સામેલ થયા હતા. આ સમયે ભારત માતા કી જય, જય ભીમ, વંદે માતરમ્, ધર્મેન્દ્ર પ્રધાન ઈસ્તિફા દો, જબ જબ મોદી ડરતે હૈ પુલીસ કો આગે કરતે હૈ, જેવા સુત્રોચ્ચાર સાથે સંસદ તરફ માર્ચ કરી રહેલા યુવાનો અને પોલીસ તેમજ કેન્દ્રીય દળોના જવાનો વચ્ચે ભારે ઘર્ષણ થયું.

માર્ચને રોકવા માટે જંતર મંતરેથી જ પોલીસ દ્વારા લાઠીચાર્જ કરાયો, આંસુ ગેસના શેલ છોડાયા. જેને પગલે અનેક યુવાનો ઘાયલ થયા હતા. જો કે, તેમ છતાં તેઓએ હાર નહોતી માની, આટલી મોટી સંખ્યામાં યુવાનોને આવતા જોઈને સંસદના કેટલાક એન્ટ્રી ગેટ બંધ કરવા પડયા હતા. દરમિયાન માસૂમો પર તૂટી પડેલા પોલીસ અને આર્મીના જવાનોએ માત્ર લાઠીચાર્જથી સંતોષ માન્યો ન હતો. આ જવાનો કોઈ આતંકવાદીઓને ફટકારતા હોય, તે રીતે બેરહેમીથી હજારો માસૂમોને કલાકો સુધી ફટકારતા રહ્યા હતા.

વિદ્યાર્થીઓને ભગાડવા માટે ટીયર ગેસ છોડાયા, ઈંટ અને પથ્થરો પણ ફેંકાયા. ઉપરથી કોઈ પણ ભોગે આંદોલનને કચડવાનો આદેશ મળ્યો હોવાથી લાઠી થકી કરંટ સુદ્ધા અપાયા. એટલું જ નહીં અનેક લાઠી પર ખીલા જડીને યુવાનો, યુવતીઓ, મહિલાઓને ઢોર માર મારવામાં આવ્યો. પોલીસ અને આર્મીના જવાનોની હેવાનીયત તો એટલે સુધી પહોંચી કે, મહિલાઓ, યુવતીઓ અને 15થી 8 વર્ષની દિકરીઓના કપડાં સુદ્ધા ફાડી નાંખી માર મરાયો હોવાના ગંભીર આરોપો છે. આ અંગે કેટલાય વાયરલ થયેલા વીડિયોને કારણે આમજનતામાં સરકાર સામેનો પ્રચંડ રોષ ભભૂકવા માંડ્યો અને તે હવે ઠંડો પડી રહ્યો નથી. અમાનવીય અત્યાચારની ઘટનાના બીજા દિવસથી તો જંતર મંતર પર ભીડ વધી રહી છે. વળી, બાળકો, વડીલો, મહિલાઓ ઉપર ગુજારેલા અત્યાચારના પડઘા હવે દેશના ખૂણે ખૂણેથી સંભળાઈ રહ્યા છે. ગુરુવારે પણ પટનામાં પ્રદર્શન થયું અને તેમાં વિદ્યાર્થીઓ પર બળપ્રયોગ કરવાની નીતિ અપનાવાતા બાજી બગડી હતી. જે બાદ ભાજપના બે નેતાઓને ગુસ્સે ભરાયેલા કેટલાક આંદોલનકારીઓએ ઢોર માર માર્યો હતો.

દિલ્હીમાં સરકારે આચરેલી બર્બરતાના વીડિયો જેમ જેમ વાયરલ થતા રહ્યાં તેમ તેમ દેશના મોટા શહેરોથી માંડીને નાના ગામડાઓમાં તેના પ્રત્યાઘાત પડ્યા અને હવે વિરોધ પ્રદર્શનનો સિલસિલો ચાલી રહ્યો છે. સીજેપીના આંદોલનને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદને કારણે આંદોલનકારીઓનો જુસ્સો પણ બેવડાયો છે.

આંદોલન કર્તાઓની માંગ છે કે, શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સમગ્ર કોભાંડની જવાબદારી લે અને રાજીનામુ આપે તેમજ દેશમાં શિક્ષા વ્યવસ્થા માટે ચોક્કસ રણનીતિ ઘડવામાં આવે. પણ સરકારે આ મુદ્દાને અહમ અને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવી દેતાં વિવાદ વકરી રહ્યો છે. વળી, દેશના વિરોધ પક્ષોએ ખુલ્લેઆમ વિદ્યાર્થી આંદોલનને સમર્થન કરતા સરકાર ભીંસમાં મુકાઈ ગઈ છે. આમ, તો સંસદમાં ચોમાસુ સત્રના પહેલાં જ દિવસે વિપક્ષે આ મુદ્દે ચર્ચા કરવા રજૂઆત કરી હતી. જેના પ્રત્યુત્તરમાં સ્પીકરે સરકારને પુછીને જવાબ આપવાનું કહેતા હોબાળો થયો અને સંસદની કાર્યવાહી કલાકો સુધી થંભી ગઈ હતી.

આખરે બીજા દિવસે પણ સરકાર કોઈપણ ભોગે આ મુદ્દે ચર્ચા કરવા ન માંગતા રાહુલ ગાંધી અને વિપક્ષી સાંસદોએ એકાએક પીએમ આવાસનો પણ ઘેરાવ કરી લીધો હતો. હવે આટલા વિવાદ પછી ગુરુવારે સરકાર વતી મંત્રી જીતેન્દ્રસિંહે સીજેપીને ચર્ચા માટે ઓફર મુકી હતી. જેના જવાબમાં સીજીપીએ કોઈ ભાજપના નેતાના ઘરે નહીં, પણ જંતર મંતર ઉપર ચર્ચા કરાશે તેવી સ્પષ્ટતા કરી હતી. સમગ્ર ઘટના ક્રમ સાથે 28 દિવસ સુધી ચુપકીદી સેવનાર પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પેપર લીકની ઘટનાઓ સામે સરકારના આકરા વલણની જાહેરાત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે દેશના યુવાનોનું હિત અને તેમનું ભવિષ્ય સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

યુવાનોના ભવિષ્ય સાથે ખિલવાડ કરનારા કોઈપણ દોષિતને બક્ષવામાં આવશે નહીં. આ માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના થશે. જો કે, પીએમની પોસ્ટ બાદ CJP નેતા અભિજીત દીપકે વડાપ્રધાનની પોસ્ટને ક્વોટ-પોસ્ટ કરી અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનો એક ફોટો શેર કર્યો હતો. સાથે જ આ ફોટો પર "Hi, I am nothing" લખીને સરકાર અને શિક્ષણ મંત્રી, બંને સામે રાજકીય જવાબદારીમાંથી છટકવાનો આક્ષેપ કર્યો હતો.

CJPના પ્રવક્તા આશુતોષ રાંકાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનની જાહેરાત પેપર લીકની વારંવાર બનતી ઘટનાઓ પાછળના મૂળ કારણને ઉકેલવામાં નિષ્ફળ રહી છે. ફાસ્ટ-ટ્રેક કોર્ટની જાહેરાત એ કોઈ વાસ્તવિક ઉકેલ નથી, પરંતુ માત્ર ધ્યાન ભટકાવવાનો એક પ્રયાસ છે.

હવે આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે સરકારે દિલ્હી પોલીસ કમિશનરને એનએસએ અંતર્ગત કડક કાર્યવાહીના આદેશ પણ આપ્યા છે. આ એવો કાયદો છે કે જેમાં કોઈને પણ પકડીને કેસ કર્યા વગર 12 મહિના સુધી જેલમાં રાખી શકાશે. સરકારનું આ પગલું સીજેપીના આંદોલન સામે હોવાનું પણ અનેક લોકો માની રહ્યા છે. જો કે, સરકારના વલણથી એક વાત સ્પષ્ટ થઈ ચુકી છે કે, જે આંદોલનને છોકરાઓનું આંદોલન ગણીને તે નચિંત હતી અને પછીથી ગોળી-લાઠીથી જેન-ઝીને કબજે કરવાનો અભરખો રાખતી હતી, તે જ છોકરાઓ પ્રત્યે દેશની આમજનતાની વધતી જતી લાગણી હવે સરકાર માટે મોટી મુસીબત બની છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# મેઘાની બઘડાટીથી સમગ્ર ગુજરાત જળબંબાકાર


વાપી


વાપી


છોટાઉદેપુર


વલસાડ


અમદાવાદ


નવસારી


સુરત


ખેડા


કરજણ ડેમ


અમદાવાદ


વડોદરા


ઉમરગામ


સુરત

# ગુજરાતમાં મેઘતાંડવ : વલસાડમાં 12 હજારથી વધુનું સ્થળાંતર

## દક્ષિણ ગુજરાતમાં ચારના મોત, 19 જિલ્લામાં શાળા-કોલેજો બંધ, ઓડિશાથી NDRFની વધુ 4 ટીમો મંગાવવામાં આવી

**ગાંધીનગર**

ગુજરાતમાં છેલ્લા 24 કલાકથી અવિરત વરસાદ પડી રહ્યો છે. રાજ્યમાં વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાય છે. આ વચ્ચે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. રેડ અને ઓરેન્જ એલર્ટ હેઠળના 19 જિલ્લાઓમાં સાવચેતીના ભાગરૂપે શાળા-કોલેજો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણી અને રાહત કમિશનર ગૌરાંગ મકવાણાએ પત્રકાર પરિષદ યોજી રાજ્યમાં વરસાદની સ્થિતિ અંગે સમગ્ર માહિતી આપી હતી.

દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના દાહોદ, પંચમહાલ, વડોદરા, નર્મદા, ભરૂચ, તાપી, ડાંગ અને વલસાડ જિલ્લાઓમાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વલસાડમાં આર્મીની 2 કોલમ મોકલવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત, ઓડિશાથી NDRFની વધુ 4 ટીમો મંગાવવામાં આવી છે જે સાંજે સુરત પહોંચી હતી.. જેમાંથી 2 ટીમ વલસાડ, 1 ટીમ નવસારી અને 1 ટીમ સુરત ખાતે સ્ટેન્ડબાય રખાઈ હતી.

વલસાડ જિલ્લો સૌથી વધુ પ્રભાવિત છે. પૂરની ભારે અસર ધરાવતા નવસારીમાંથી 10,000 અને વલસાડમાંથી 12,000 મળીને કુલ 22,000થી વધુ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. વલસાડમાં પાણીમાં ફસાયેલા 200થી વધુ લોકોનું સફળ રેસ્ક્યૂ કરાયું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી માટે 25 જેટલી બોટ ફાળવવામાં આવી છે. હાલમાં અતિભારે વરસાદને કારણે રાજ્યમાં 4 નેશનલ હાઈવે અને 7 સ્ટેટ હાઈવે સહિત પંચાયતના 1100થી વધુ મળીને કુલ 1200 રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. વલસાડના પારડી તાલુકામાં 11.22 ઈંચ, નવસારીના ગણદેવી તાલુકામાં 10.83 ઈંચ, ભરૂચના નેત્રંગ તાલુકામાં 10.63 ઈંચ, ખેડાના મહેમદાવાદ તાલુકામાં 10.8 ઈંચ વરસાદ નોંધાયો છે. તો. મૂશળધાર વરસાદના કારણે વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બની ગયું છે. ગુજરાતમાં સર્જાયેલી આ કુદરતી આફતમાં કેન્દ્ર સંપૂર્ણપણે રાજ્યની સાથે ઊભી છે. દરમિયાન ગુરુવારે ઉમરગામમાં બે વ્યક્તિ, બીલીમોરામાં 1 અને વ્યારામાં એક વ્યક્તિનું મોત થયું હતું.

### સાબરકાંઠા જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘરાજાનું આગમન

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં પણ આજે લાંબા વિરામબાદ મેઘરાજાનું આગમન થયું છે. જેમાં હિંમતનગર, તલોદ, પ્રાંતિજ સહિતના તાલુકામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ વરસાદ હિંમતનગર તાલુકામાં નોંધાયો છે, જ્યાં કુલ 67 મીમી એટલે કે 2.64 ઈંચ વરસાદ ખાબક્યો છે. વરસાદની ખાસિયત એ રહી કે, સવારથી સાંજ સુધી શાંત રહ્યા બાદ સાંજે 4:00 વાગ્યા પછી વરસાદનું જોર વધ્યું હતું. સાંજે 4:00 થી 6:00 ના બે કલાકમાં 35 મીમી અને ત્યારબાદ 6:00 થી 8:00 દરમિયાન વધુ 27 મીમી વરસાદ નોંધાયો હતો, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

### ઉમરગામમાં 42 ઈંચથી વધુ વરસાદ, પૂરની સ્થિતિ, લોકો છત પર આશરો લેવા મજબૂર



દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં મેઘરાજાએ એવું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે કે સમગ્ર જિલ્લો જળમગ્ન થઈ ગયો છે. વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક કલાકોથી મેઘાનું અવિરત તાંડવ જોવા મળી રહ્યું છે, જેના કારણે ચારે તરફ માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યું છે. અત્યંત ભારે વરસાદને કારણે વલસાડમાં આકાશી આફત આવી પડી છે અને સ્થાનિક લોકોના જીવ માથે ભારે સંકટ ઊભું થયું છે. જિલ્લામાં વરસાદી આંકડાઓ સામે આવ્યા છે તે અત્યંત ચોંકાવનારા છે. માત્ર 26 કલાકના ટૂંકા ગાળામાં જ મેઘરાજાએ સમગ્ર જિલ્લાને ધમરોળી નાખ્યો છે. ઉમરગામમાં છેલ્લા 26 કલાકમાં જ રેકોર્ડબ્રેક 42 ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. કપરાડામાં 26 કલાકની અંદર 32.5 ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે. નાનાપોંધામાં ગઈકાલથી અત્યાર સુધીમાં 30 ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે. ધરમપુર પંથકમાં પણ અત્યાર સુધીમાં 23 ઈંચ જેટલો વરસાદ પડી ગયો છે. અતિભારે વરસાદના કારણે વલસાડ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. જળબંબોળ સ્થિતિને કારણે રસ્તાઓ, ઘરો અને વેપાર-ધંધા પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

સતત વરસી રહેલા આફતના વરસાદને કારણે વલસાડ જિલ્લાની તમામ મુખ્ય નદીઓ બે કાંઠે અને ગાંડીતૂર બનીને વહી રહી છે. નદીઓના પાણી ગામડાઓમાં અને રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જતાં અત્યંત ભયાનક સ્થિતિ સર્જાઈ છે. જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોનો સંપર્ક મુખ્ય મથકથી કપાઈ ગયો છે.

### હિંમતનગર અને તલોદમાં પણ 2.9 ઈંચ વરસાદ થયો

હિંમતનગરની સાથે સાથે પ્રાંતિજ તાલુકામાં પણ મેઘમહેર જોવા મળી હતી. પ્રાંતિજમાં કુલ 53 મીમી એટલે કે 2.09 ઈંચ વરસાદ નોંધાયો છે. અહીં પણ સાંજના 4:00 થી 6:00 ના સમયગાળા દરમિયાન સૌથી વધુ 30 મીમી વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત તલોદ તાલુકામાં પણ વરસાદી ઝાપટાં પડ્યા હતા, જ્યાં કુલ 19 મીમી એટલે કે 0.75 ઈંચ વરસાદ નોંધાયો છે. જિલ્લાના અન્ય તાલુકાઓની સરખામણીએ વિજયનગરમાં વરસાદની ગતિ ઘણી ધીમી રહી હતી. અહીં માત્ર 1 મીમી વરસાદ નોંધાયો છે. આમ સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને ખેડૂતોમાં ખેતીકામ માટે નવી આશા જાગી છે.

### વડોદરામાં આખા દિવસમાં 4 ઈંચ વરસાદ ખાબક્યો

વડોદરામાં બે કલાકમાં ધોધમાર દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. ત્યારબાદ ગઈકાલે વરસાદે વિરામ લીધો હતો. સવારે શાળા તેમજ ઓફિસોમાં જવાના સમયે જ વરસાદ શરૂ થતાં અનેક લોકો અટવાયા હતાં. એકધારા સતત વરસાદના કારણે નીચાણવાળા કેટલાય વિસ્તારોમાં પાણી ભરાયા હતાં. પૂર નિયંત્રણ કક્ષના જણાવ્યા મુજબ વડોદરામાં આજે સવારે છ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. વડોદરામાં ચોમાસાની ઋતુ બરાબર બેસી ગઈ છે. આજે રેડ એલર્ટના પગલે તંત્ર એલર્ટ થઈ ગયું હતું. જ્યારે આવતીકાલે શુક્રવારે પણ હવામાનખાતા દ્વારા વડોદરામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

### કરજણ ડેમના 5 દરવાજા ખોલી દેવાતાં નદી બે કાંઠે વહેતી થઇ

કરજણ ડેમની પૂર્ણ જળસપાટી ૧૧૫.૨૫ મીટર છે. આજે કરજણ ડેમના પાંચ દરવાજા ખોલી પાણી છોડતાં કરજણ નદી બે કાંઠે વહેતી થઈ છે. હાલમાં કુલ ૫ દરવાજા ખોલવામાં આવતા કરજણ નદીમાં હાલ ૪૩,૧૧૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. કરજણ ડેમના હેઠવાસમાં આવેલા નાંદોદ તાલુકાના રાજપીપલા, ભદામ, ભચરવાડા, હજરપુરા, ધાનપોર અને ધમણાચા સહિતના ગામોના નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે. નદીના પટમાં અવરજવર ન કરવા, નદી કિનારે અનાવશ્યક ભીડ એકત્રિત ન કરવા, પશુઓને નદી તરફ ન લઈ જવા તેમજ માછીમારી સહિતની પ્રવૃત્તિઓથી દૂર રહેવા સૂચના આપવામાં આવી છે.

### દ. ગુજરાતમાં પૂરથી અનેક લોકોનું રેસ્ક્યૂ, 26 સ્ટેટ હાઇવે બંધ, 15 ડેમ હાઇ અલર્ટ પર

ગુજરાતમાં ચોમાસાએ આક્રમક રૂપ ધારણ કર્યું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં આકાશી આફત વરસતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, 23 જુલાઈએ સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા એટલે કે 12 કલાકમાં 207 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ નવસારીના ચીખલી અને ખેરગામમાં 16-16 ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. રાજ્યભરમાંથી અત્યાર સુધીમાં ૧,૯૨૯ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયું છે, જ્યારે પૂરના પાણીમાં ફસાયેલા 3,745 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે.

પૂરના લીધે વાહનવ્યવહાર પર ભારે અસર પડી છે. માર્ગ અને મકાન વિભાગ હેઠળના 26 સ્ટેટ હાઈવે, 56 અન્ય રસ્તાઓ અને 1108 પંચાયત હાઈવે મળી કુલ 1201 રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. ધોધમાર વરસાદ વરસતા રાજ્યના જળાશયોમાં પાણીની આવક ઝડપથી વધી રહી છે. સરદાર સરોવર નર્મદા ડેમ 67.94 ટકા ભરાયો છે, 15 ડેમ માટે 'હાઈ એલર્ટ', 4 ડેમ માટે 'એલર્ટ' અને 13 ડેમ માટે 'વોર્નિંગ' જાહેર કરવામાં આવી છે.

### નવસારીના ખેરગામમાં 16 ઈંચ, ગણદેવી અને ચીખલીમાં 2 કલાકમાં 16 ઈંચ વરસાદ

નવસારી અને વલસાડ જિલ્લામાં અનરાધાર વરસાદથી અનેક વિસ્તારો જળમગ્ન થયા છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા જનજીવન ખોરવાયું છે. તંત્ર દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં બચાવની કામગીરી શરૂ છે. તેવામાં 23 જુલાઈએ સવારે 6 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધીમાં રાજ્યના 199 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ નવસારીના ખેરગામમાં 16 ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જ્યારે ગણદેવી અને ચીખલીમાં માત્ર 2 કલાકમાં 8-8 ઈંચથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના અનેક તાલુકાઓમાં મેઘતાંડવ જેવા દ્રશ્યો સર્જાયા છે. મેઘતાંડવથી નવસારીમાં નદીઓ બે કાંઠે વહેતી થઈ છે.

નવસારીના ખેરગામ તાલુકામાં સૌથી વધુ 16 ઈંચ વરસાદ ખાબકતા સમગ્ર પંથકમાં પાણી પાણીની સ્થિતિ સર્જાઈ છે. આ ઉપરાંત, સુરતના ઉમરપાડા તાલુકામાં 15.28 ઈંચ, વલસાડના ઉમરગામ તાલુકામાં 13.78 ઈંચ અને નવસારીના ચીખલી તાલુકામાં 13.11 ઈંચ વરસાદે વ્યાપક તારાજી સર્જી છે. નીચાણવાળા વિસ્તારો જળમગ્ન બન્યા છે.

## રાજ્યમાં 1201 રસ્તાઓ બંધ, અમદાવાદમાં 12 કલાકમાં 11 ઈંચ વરસાદ

અમદાવાદ : અમદાવાદ શહેરમાં સવારના ૯ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધીમાં સરેરાશ 11 ઈંચ વરસાદ નોંધાયો છે. જેના પગલે શહેરના મોટાભાગના વિસ્તારોમાંથી પાણી નિકાલ ન છતાં બેટમાં ફેરવાયા છે. જેમાં શહેરમાં પોશ વિસ્તાર બોપલ અને સિંધુ ભવન રોડ જળમગ્ન થયા છે.

આ દરમિયાન અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કમિશ્નર બંછાનિધિ પાનીએ લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે.તેમજ લોકોને કામ વિના બહાર ન નીકળવા અપીલ કરી છે. તેમજ શક્ય હોય તો શુક્રવારે કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ આપવા કંપનીઓ અને માલિકને અપીલ કરી છે. જ્યારે ભારે વરસાદ અંગે તકેદારી રાખવા અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોતે જાહેર જનતાને અપીલ કરી છે.

આ ઉપરાંત શહેરમાં અનેક માર્ગો અને સોસાયટી પર પાણી ભરાયા હતા. તેમજ પાણી ભરાતા 10 અંડર બ્રિજ બંધ કરવામાં આવ્યા છે. તેમજ પૂર્વ વિસ્તાર કાંકરિયા, મણિનગર, ખોખરા, હાટકેશ્વર, અનુપમ સિનેમા વિસ્તારમાં પણ કેડ સમા પાણી ભરાયા છે.

અમદાવાદમાં ભારે વરસાદના પગલે સ્થિતિ ખૂબ જ વિકટ બની છે. તેમજ અનેક જગ્યાએ વરસાદી પાણી ભરાયા છે અને ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી છે. તેમજ વાહનચાલકો હાલાકી પડી છે. જ્યારે શહેરના 132 ફૂટ રિંગ રોડ, ગોતા અને શેલા વિસ્તારમાં પણ જળબંબાકાર જોવા મળ્યો હતો. શહેરના એસજી હાઇવે પર પણ ખૂબ જ લાંબો ટ્રાફિક સર્જાયો હતો. રાજ્યમાં કુલ 1201 રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા હતા. બંધ થયેલા આ રસ્તાઓમાં ગ્રામ્ય વિસ્તારોને જોડતા 1109 પંચાયત હસ્તકના માર્ગો સૌથી વધુ પ્રભાવિત થયા હતા. આ ઉપરાંત, 26 સ્ટેટ હાઈવે, 56 અન્ય રાજ્ય માર્ગો, 10 નેશનલ હાઈવે પર પણ પાણી ફરી વળતા અગમચેતીના ભાગરૂપે તેમને બંધ રાખવામાં આવ્યા હતા. દક્ષિણ ગુજરાતમાં વરસાદને કારણે સૌથી વધુ માર્ગો પ્રભાવિત થયા છે.

# સુરતના નાસિરનગર ડિમોલિશન મામલે કોર્ટે રાજ્ય સરકાર અને મનપાને ઝાટક્યા

## શાસન-તંત્ર કોર્ટની આંખમાં ધૂળ નાખવાની કોશિશ ન કરે : કોર્ટ

**અમદાવાદ**

સુરતના નાસિરનગર ડિમોલિશન મામલે સોમવારે થયેલી સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સુરત મનપાને ઝાટક્યા હતા. કોર્ટે જણાવ્યું હતું કે શાસન અને તંત્ર કોર્ટની આંખમાં ધૂળ નાખવાની કોશિશ ન કરે. કોર્ટે એવો સવાલ પણ કર્યો કે આ ગેરકાનૂની કામ માટે નાના સ્તરના અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તો પછી મનપાના વડા અટલે કે કમિશનર સામે પગલા લેવામાં કેમ નથી આવ્યા.

નાસિરનગરમાં થયેલા વિવાદાસ્પદ ડિમોલિશન બાદ ઘર ગુમાવી ચૂકેલા 26 જેટલા પીડિતોએ હાઈકોર્ટમાં કેસ કર્યો હતો. અગાઉ સુનાવણી દરમિયાન સસ્પેન્ડેડ એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિના પક્ષે કોર્ટમાં જણાવ્યું હતું કે તેમણે પોતાના ઉપરી અધિકારી એટલે કે કમિશનરના આદેશને અનુસરી ડિમોલિશન કર્યું હતું. કોર્ટે તેમના એફિડેવિટની નોંધ લઈ જણાવ્યું હતું કે કમિશનરના સત્તાવાર નંબરથી વાતચીત થઈ હતી.

આક્ષેપ કરનાર અધિકારી સસ્પેન્ડેડ છે, પરંતુ તેણે કોર્ટમાં આપેલી એફિડેવિટમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે તેમણે કમિશનરના આદેશથી આ કામગીરી હાથ ધરી હતી. કોર્ટે એવો સવાલ પણ કર્યો કે કોર્ટમાં કોઈ અધિકારી કમિશનર વિરુદ્ધ ખોટી એફિડેવિટ કેવી રીતે ફાઈલ કરી શકે. જોકે એડવોકેટ જનરલે પ્રજાપતિના દાવાઓને નકાર્યા હતા અને સસ્પેન્ડેડ અધિકારી રોડ વિભાગના છે અને તેમને ડિમોલિશન સાથે કોઈ લેવાદેવા નથી, તેમ જણાવ્યું હતું. કોર્ટે રાજ્ય સરકાર દ્વારા નીમવામાં આવેલી તપાસ સમિતિ વિશે પણ ટીપ્પણી કરતા જણાવ્યું હતું કે સમિતિની રચના સામે કોર્ટનો વિરોધ નથી, પરંતુ સમિતિ કઈ દિશામાં તપાસ કરે છે, તે અંગે સ્પષ્ટતા નથી. આ સાથે કોર્ટે સવાલ કર્યો હતો કે નાના અધિકારીઓ પર આક્ષેપ થાય તો સસ્પેન્ડ કરવામાં આવે છે.

# ગાંધીનગર પાસે 13મા માળેથી પડતાં યુવતીનું મોત, જમાઈ પર હત્યાના કાવતરાનો આક્ષેપ

**ગાંધીનગર**

પાલજ ગામમાં નિર્માણાધીન એક ફ્લેટના 13મા માળેથી શંકાસ્પદ રીતે નીચે પટાકાતા 29 વર્ષીય પરિણીતાનું કરુણ મોત નિપજ્યું હતું. જે બાદ યુવતીના પિતાએ તેના જમાઈ રવી દેસાણી સામે તેમની પુત્રીને મરવા મજબૂર કર્યની ફરિયાદ નોંધાવી હતી. મૃતક યુવતીના લગ્ન 2018માં થયા હતા અને તેને બે સંતાનો છે. છેલ્લા દોઢ વર્ષથી તેઓ ગાંધીનગર પાસે પાલજ ગામમાં ભાડાના મકાનમાં રહેતા હતા. યુવતીના પિતાના આરોપ મુજબ, લગ્ન પછીથી જ પતિ નજીવી બાબતોમાં તેમની દીકરી સાથે મારપીટ કરતો હતો. બનાવ સમયે પતિ સીડીઓ તરફ ગયો હતો, તેનો મિત્ર બાળકને રમાડતો હતો અને સીડી ઉતરી રહેલી તેમની પુત્રી અચાનક નીચે પટકાઈ હતી. યુવતીના પિતાએ પતિના સતત માનસિક-શારીરિક ત્રાસ અને આ શંકાસ્પદ પ્લાનિંગના કારણે જ તેમની દીકરીનું મોત થયું હોવાનો આક્ષેપ કર્યો હતો.

# પત્ની અને દીકરીએ સગા ભાણેજને સોપારી આપી પતિની હત્યા કરાવી

## પરિવારના આધારસ્તંભને કાર નીચે કચડી નાખ્યા

**મહેસાણા**

વિજાપુરમાં પાટીદાર યુવકની સગી દીકરી-પત્નિએ હત્યા કરતાં ખળભળાટ મચી ગયો હતો. મેડિકલ સ્ટોર સંચાલક પતિને રસ્તામાંથી હટાવવા પત્નિએ સગા ભાણેજને સોપારી આપી હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

વિજાપુરમાં ઘરકંકાસ અને શંકા-વહેમના કારણે એક દીકરી-પત્નિએ મળીને પતિની હત્યા કરવાની સોપારી આપી હતી. આ માતા પુત્રીએ મળીને પોતાના સગા ભાણેજને સોપારી આપીને પરિવારના આધારસ્તંભને કાર નીચે કચડી મારી નાખ્યા હતા. વિજાપુર પોલીસે આ મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલીને પત્ની, પુત્રી અને ભાણેજ સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. વિજાપુરમાં રામમંદિર પાસે મેડિકલ સ્ટોર ચલાવતો યુવક પોતાના ઘરે જઈ રહ્યો હતો ત્યારે એક કારે આવીને ટક્કર મારી હતી. જેમાં યુવકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. જે બાદ કાર ચાલક ગાડી લઈને ફરાર થઈ ગયો હતો. શરૂઆતમાં આ એક સામાન્ય અકસ્માત લાગતો હતો પરંતુ જ્યારે વિજાપુર પોલીસે તપાસ શરૂ કરી ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી હતી.

પોલીસે તપાસ કરતા સીસીટીવીમાં એક નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કાર જોવા મળી હતી. આ દરમિયાન એક સાક્ષી સામે આવ્યો હતો. તેણે પોલીસને જણાવ્યું કે, તેનો મિત્ર તેને CCTV કેમેરા ફિટ કરવાના બહાને ગાડીમાં સાથે લઈ ગયો હતો અને તેણે જ જાણીજોઈને એક્ટિવા સવાર યુવકને ટક્કર મારીને ગાડી ભગાવી મૂકી હતી.

આ સાક્ષીની મદદથી પોલીસે જ્યારે તેની ધરપકડ કરીને પૂછપરછ કરી, ત્યારે અસલી સત્ય બહાર આવ્યું હતું. વિજાપુર પોલીસના જણાવ્યા મુજબ, આ કોઈ અકસ્માત નહોતો પણ પ્લાન કરીને કરવામાં આવેલી હત્યા હતી. આ હત્યાના કાવતરામાં મૃતક યુવકની પત્ની, તેની પુત્રી અને ટક્કર મારનારો સગો ભાણેજની ધરપકડ કરીને ધોરણસરની કાર્યવાહી કરી હતી.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ભાજપના બે નેતા સાથે જમીન વેચાણના નામે 3.85 કરોડની ઠગાઈ

## કપુરાઈના બે સગા ભાઈઓ સામે ફરિયાદ નોંધાઈ, 1982થી સંપાદિત જમીન વેચવાનો બાનાખત કરી રકમ વસૂલ્યાનો આરોપ

**વડોદરા**

વડોદરા જિલ્લા ભાજપના પૂર્વ કોષાધ્યક્ષ અને વડોદરા શહેરના ભાજપના પૂર્વ કોર્પોરેટરે તરસાલી ગામની સીમમાં ખેતીની જમીન ખરીદી હતી પરંતુ આ જમીન નેશનલ હાઈવે માટે સંપાદિત થઈ છે તેવી બાદમાં જાણ થઈ હતી. ભાજપના બંને નેતાઓ સાથે કપુરાઈના બે સગાભાઈઓએ સંપાદિત થયેલી જમીન વેચવાના બહાને રૂ.૩.૮૫ કરોડની ઠગાઈ કરી હોવાની ફરિયાદ નોધાઈ છે.



વડોદરા જિલ્લા ભાજપના પૂર્વ કોષાધ્યક્ષ ગોપાલભાઇ લક્ષ્મણભાઇ રબારી (રહે. સિલ્વરલીફ બંગ્લોઝ, ડભોઇ-વાઘોડિયા રિંગરોડ) એ રાજેન્દ્ર કનુભાઈ રબારી અને તેમના ભાઈ હિતેશ (બંને રહે.વાણિયાશેરી, કપુરાઇ ગામ) સામે મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તરસાલી ગામની સીમમાં ખેતીની ૧૩૦૨ ચો.મી. જમીન બંને ભાઇઓ વેચાણ કરવા માંગતા હોવાથી મેં તેમજ મારા મિત્ર પાંડુભાઈ યાદવે જમીન ભાગીદારીથી ખરીદવાનું નક્કી કર્યું હતું. માર્ચ ૨૦૧૭માં જમીન લેવા માટે પ્રતિ ચો.ફૂ.નો ભાવ રૂ.૨૭૫૧ નક્કી કરી કબજા વગરનો બાનાખત કર્યો હતો. અમે બંને ભાગીદારોએ ચેક તેમજ રોકડ મળી કુલ રૂ.૩.૮૫ કરોડ ચૂકવ્યા હતાં જેમાં જમીન એનએ કરાવવાની જવાબદારી રાજેન્દ્ર અને હિતેશભાઈની હતી. જો કે બંને ભાઈઓએ રકમ લીધા બાદ તેઓ ઝડપથી જમીન એનએ કરાવતા ન હતા તેમજ વેચાણ દસ્તાવેજ પણ કરી આપતા ન હતાં જે અંગે બંને ભાઈઓને જાણ કરતા તેઓ વાયદાઓ કરતા હતાં.

દરમિયાન પાંડુભાઈએ ફેબ્રુઆરી-૨૦૨૪માં મને જણાવેલ કે આપણે જે જમીન ખરીદી છે તે જમીન તો ઓગસ્ટ-૧૯૮૨માં નેશનલ હાઈવે માટે સંપાદન થઈ ગઈ છે તેમ છતાં બંને ભાઈઓએ બાનાખત કરી આપ્યું છે. આ વાત મેં બંને ભાઈઓને જણાવતા બંનેએ ઉધ્ધતાઈભર્યું વર્તન કરી ધમકી આપી કે તમે આ જગ્યા બાબતે હકીકત બહાર લાવશો તો તમારી રાજકીય કારકિર્દી પૂર્ણ કરી નાંખીશું. તરસાલી ગામની જમીન ખરીદવા બાબતે અમારી સાથે છેતરપિંડી થઈ છે તેની જાણ થતાં મેં બંને ભાઈઓને લીગલ નોટિસ મોકલી હતી. ખેતીની જમીનની હકીકત છૂપાવી વેચાણ કરી પૈસા પડાવવા અંગેની ઉપરોક્ત વિગતોની ફરિયાદના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતમાં પકડાયેલા જૈશના આતંકીઓનું વડોદરા કનેક્શન, કાશ્મીરી યુવકની મહત્વની ભૂમિકા

ગુજરાતમાં પકડાયેલા જૈશ-એ-મહોમ્મદના આતંકીઓની પૂછપરછ કરી રહેલી ગુજરાત એટીએસની ટીમની તપાસમાં આતંકીઓનું વડોદરા કનેક્શન બહાર આવ્યું છે,જેમાં કાશ્મીરી યુવકની ભૂમિકા તપાસનો મુખ્ય વિષય બની છે.

ગુજરાત એટીએસ દ્વારા પાટણ,બનાસ કાંઠા,અમદાવાદ અને ભરૂચ ખાતેથી જૈશ-એ-મોહમ્મદનું નેટવર્ક ઉભું કરવા કામે લાગેલા ૧૩ આતંકીઓને ઝડપી પાડી તેમની પાસેથી મોટાપ્રમાણમાં જેહાદી સામગ્રી,ઝંડા અને કુખ્યાત આતંકવાદી મૌલાના મસુદ અઝહરના પત્રો કબજે કર્યા હતા.આતંકીઓએ ત્રણ વર્ષ દરમિયાન આઠ વાર બ્લાસ્ટના ટેસ્ટિંગ પણ કર્યા હોવાની વિગતો બહાર આવતાં પોલીસ તે દિશામાં વધુ તપાસ કરી રહી છે.

પોલીસની તપાસમાં પાકિસ્તાની હેન્ડલરનું પણ નામ બહાર આવ્યું હતું અને ગુજરાતમાં સ્લીપર સેલ પણ સક્રિય કરવાની યોજના હોવાની વિગતો ખૂલી હતી.જેથી પોલીસે આતંકીઓની ગતિવિધિઓની વિગતો પર નજર રાખતાં ચારેક મહિના પહેલાં વડોદરામાં કાશ્મીરી યુવક સાથે એક મીટિંગ યોજાઈ હોવાની વિગતો બહાર આવી હતી.

આ પૈકી અહમદ ગાઝીવાલા (નંદાસણ, મહેસાણા)એ કાશ્મીરી યુવક સાથે મીટિંગ કર્યા બાદ વડોદરાની સયાજીગંજ વિસ્તારની એમ્બેસેડર હોટલના સર્વન્ટ ક્વાર્ટરમાં રહેતા તેના ગામના પરિચિતને પણ મળ્યો હોવાની માહિતી ખૂલી હતી.જેથી એટીએસની ટીમે હોટલમાં તપાસ કરી વિગતો મેળવી હતી. જો કે સર્વન્ટ ક્વાર્ટરમાં રહેતો હોટલનો કર્મચારી ચારેક મહિનાથી નોકરી છોડીને જતો રહ્યો હોવાની માહિતી મળી છે.જેથી પોલીસ તેની પણ વિગતો મેળવી રહી છે.

### સમામાં વૃધ્ધ દંપતીને લૂંટી લેવાના બનાવમાં કાશ્મીરી પકડાયો હતો

વડોદરા અને અન્ય શહેરોમાં રોજી માટે કાશ્મીરથી આવતા અને તેની આડમાં ગુનાઈત કૃત્યો કરતા કેટલાક યુવકો પર પણ નજર રાખવી જરૂરી બન્યું છે. ત્રણ મહિના પહેલાં જ સમાના સંતોષી નગરમાં ટીપી રાધાકૃષ્ણન અને તેમના પત્નીને બંધક બનાવીને રોકડ અને દસ તોલા દાગીના લૂંટવાના બનાવમાં ફતેગંજ પોલીસે સૂત્રધાર મુદસર અહેમદ ઉર્ફે વાહિદ મીર(બારા મુલ્લા),બલકારસિંગ અને બલવીન્દરસિંગની સંધુની ધરપકડ કરી હતી.જેમાં મુદસરના ભાગે રોકડા ૨૦ હજાર,ચેઈન અને એટીએમ કાર્ડ આવ્યા હતા.પરંતુ તે વતનમાં પહોંચે તે પહેલાં જ પોલીસે ઝડપી પાડી બીજા પણ સાગરીતોને ઝડપી લીધા હતા.

# સુરતમાં લવ મેરેજની પહેલી એનિવર્સરી બાદ જ કરુણ અંત! પતિ-પત્ની મૃત હાલતમાં મળ્યા

## કાકા કેક લઈને આવ્યા, પત્નીની લાશ બેડ પર અને પતિ ફાંસો ખાધેલી હાલતમાં મળ્યો

**સુરત**

શહેરમાં વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. એક વર્ષ પહેલા લવ મેરેજ કરનારું કપલ એનિવર્સરીના બીજા દિવસે મૃત હાલતમાં મળ્યું હતું. કાકા કેક લાવ્યા હતા પરંતુ ભત્રીજાએ બીજા દિવસે કેક કાપવાનું જણાવ્યું હતું.

સુરતના ડભોલી ચાર રસ્તા ખાતે આવેલી કિસ્મત કોલોનીમાં થોડા સમય અગાઉ જ પ્રેમ લગ્ન કરનાર યુવાનની લાશ રૂમમાં પંખા પર લટકતી મળી આવી હતી, જ્યારે તેની પત્નિની લાશ બેડ પરથી મળી આવી હતી. પરિવારના સભ્યો પતિ અને પત્નિની લાશને ઉંચકીને નીચેના ભાગે લઈ આવ્યા હતા. પતિએ પત્નિને ગળે ટુંપો આપીને મોતને ઘાટ ઉતારી દીધા બાદ પોતે પણ આત્મહત્યા કરી હોવાનું માનવામાં આવી રહ્યું છે. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સામે આવશે.

મૂળ ભાવનગરના મહુવાના વતની અને હાલ ડભોલી ચાર રસ્તા પાસે રહેતો 23 વર્ષીય યુવક લિફ્ટ રિપેરિંગનું કામ કાજ કરતો હતો. એક વર્ષ પહેલા તેણે પ્રેમ લગ્ન કર્યા હતા. યુવકની પત્નિ રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવી હતી. જ્યારે યુવકે પંખા સાથે કપડું બાંધીને ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. પરિવારના સભ્યોને જાણ થતાં રૂમમાં દોડી ગયા હતા પણ પોલીસને જાણ કર્યા વગર બંનેની લાશ ઉતારીને ઘરના નીચેના ભાગે લઈ આવ્યા હત અને બાદમાં પોલીસને જાણ કરી હતી.

# આણંદમાં બાળકીનું અપહરણ કરી હત્યા કરનાર એન્કાઉન્ટરમાં ઠાર, હેવાને રેપ કર્યાની આશંકા

## પોલીસને ઇજા પહોંચાડી દોડ્યો, પોલીસે ગોળીબાર કર્યો; સારવાર વેળા મોત

**આણંદ**

વાસદમાં થોડા દિવસ પહેલા એક ચાર વર્ષની માસૂમ બાળકીની હત્યા કરવામાં આવી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ કેસમાં મુખ્ય આરોપી સુરેશ પરમારને પોલીસે ફાયરિંગમાં ઠાર કર્યો હોવાના અહેવાલ મળ્યાં છે. આરોપી સુરેશ પરમારે માસૂમ બાળકીનું અપહરણ કરીને તેની નિર્મમ હત્યા કરી હતી. એટલું જ નહીં પરંતુ બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હોવાની પણ આશંકા છે. હવે આરોપીને પોલીસે એન્કાઉન્ટરમાં ઠાર કરી દીધો છે. બોરસદ રૂરલ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર પછી જ્યારે પોલીસ આરોપીને આણંદ લાવી રહી હતી, તે દરમિયાન આરોપીએ ઊલટી થતી હોવાનું બહાનું કાઢીને વાહન ઊભું રખાવ્યું હતું. આ દરમિયાન તેણે પાસે રાખેલ છરી વડે પોલીસ કર્મચારી પર હુમલો કરીને ભાગવાનો પ્રયત્ન કર્યો જેમાં બે પોલીસ કર્મચારી ઘાયલ થયા હતાં. પીએસઆઈ દ્વારા વારંવાર ચેતવણી આપવામાં આવી હોવા છતાં પણ આરોપી માન્યો નહીં જેથી પોલીસે સ્વ-બચાવમાં ગોળીબાર કર્યો હતો. જેમાં આરોપીને બે ગોળીઓ વાગી હતી. આરોપીને ગોળી વાગી હોવાથી પોલીસે તેને કરમસદની શ્રીકૃષ્ણ મેડિકલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થઈ ગયું હતું. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે આરોપી સુરેશ પરમારના મૃતદેહને કરમસદ મેડિકલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે રાખવામાં આવ્યો છે. પોલીસ દ્વારા આ સમગ્ર એન્કાઉન્ટર મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# વડોદરામાં દેવપોઢી એકાદશીના પર્વે ભગવાન વિઠ્ઠલનાથજીના 217માં વરઘોડાની તૈયારીઓ

**જામનગર**

દેવપોઢી એકાદશીએ 25 જુલાઈ, શનિવારના રોજ શ્રી વિઠ્ઠલ ભગવાનનો 217મો ઐતિહાસિક વરઘોડો ભવ્ય રીતે નીકળશે. વરઘોડા પૂર્વે રાજવી પરિવાર દ્વારા વિધિવત પૂજન-અર્ચન કરવામાં આવશે, ભગવાન સોના-ચાંદીથી ભવ્ય રથમાં બિરાજમાન થઈ શહેરના રાજમાર્ગો પર નગરયાત્રા કરશે. વરઘોડો બપોરે 1:00 વાગ્યે કીર્તિ મંદિર સ્થિત કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચશે. ત્યાં ભગવાનના વિશેષ પૂજન-અર્ચન અને મહાઆરતી બાદ સાંજે 5:00 વાગ્યે વરઘોડો ફરી વિઠ્ઠલ મંદિર પરત ફરશે. શહેરના ભક્તોને આ ઐતિહાસિક અને ધાર્મિક વરઘોડામાં મોટી સંખ્યામાં જોડાઈ ભગવાનના દર્શનનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# સુરતમાં જાહેરમાં માર મારવાના કેસમાં ડીસીપી સહિત સ્ટાફ સામે સુઓમોટો

**સુરત**

આરોપીઓને જાહેરમાં હાથકડી પહેરાવીને રસ્તા પર ફેરવવા અને લાઠીઓ વડે માર મારવાના કથિત બનાવે રાજ્યભરમાં ચર્ચા જગાવી છે. આ સમગ્ર ઘટનાને લઈને ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ ઉત્કર્ષ દવેએ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલને પત્ર લખ્યો હતો. તેમના પત્રને આધારે ચીફ જસ્ટિસે સુઓમોટો અરજી લીધી છે. રજૂઆત કરવામાં આવી છે કે સુરતના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ રાજદીપસિંહ નકુમ સહિત 15થી 20 જેટલા પોલીસ અધિકારીઓએ આરોપીઓ સાથે જાહેરમાં અમાનવીય વર્તન કર્યું હતું. ડીસીપી સહિતના તમામને તાત્કાલિક કાયદેસર કાર્યવાહી કરવા માગણી કરવામાં આવી છે. આ સમગ્ર મામલે હાઈકોર્ટે સ્વયં સંજ્ઞાન લીધુ છે જેની સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે. એડવોકેટે જણાવાયું છે કે 14 જુલાઈ, 2026ના રોજ બનેલી આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા અને મુખ્યધારાના માધ્યમોમાં વ્યાપક રીતે પ્રસારિત થયા હતા. વીડિયોમાં આરોપીઓને હાથકડી પહેરાવીને જાહેર માર્ગો પર ફેરવવામાં આવતા તેમજ તેમના વાળ ખેંચી, થપ્પડ મારી અને લાઠીઓ વડે માર મારવામાં આવતો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

# 4 મહિના બાદ અટકળોનો અંત, બરોડા ડેરીના ચેરમેનની ચૂંટણી 4 ઓગષ્ટે યોજાશે

**અમદાવાદ**

બરોડા ડેરીમાં જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તે ચેરમેનની ચૂંટણી આખરે તા.૪થી ઓગષ્ટે જાહેર કરવામાં આવી છે. બરોડા ડેરીની તા.૧૮મી માર્ચે ૧૩ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી.પરંતુ તેમાંથી ૯ બેઠકો બિનહરીફ જાહેર થઈ હતી અને બાકીની ચાર બેઠકો પર પણ ભાજપના જ ડિરેક્ટરો ચૂંટાયા હતા.આ પૈકી ૧૨ ડિરેક્ટર રિપીટ થયા હતા.જ્યારે ડેસર ઝોનમાંથી સાવલીના ધારાસભ્યના નિકટના સૂરપાલસિંહ પરમાર વિજયી બન્યા હતા. જો કે આંતરિક વિખવાદને કારણે ચેરમેનની ચૂંટણી જાહેર કરાતી નહતી.જેથી પશુપાલકો અને રાજકીય મોરચે આ મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં રહ્યો હતો.



## અરિજિતની નિવૃત્તિનો અંત, નવું ગીત રજૂ કરશે

લોકપ્રિય ગાયક અરિજિત સિંહે 'આવારાપન 2' ફિલ્મ માટે નિવૃત્તિ પાછી ખેંચી છે. તેમનું નવું ગીત "યેહ આવારાપન" ૨૧ જુલાઈએ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ પર રિલીઝ થશે. વિશેષ ફિલ્મ્સ સાથે અરિજિતના ૧૫ વર્ષ જૂના સંબંધો છે. 'મર્ડર 2' થી કારકિર્દી શરૂ કરનાર અરિજિતે, રશ્મિ વિરાગ લિખિત અને અમલ મલિક દ્વારા સંગીતબદ્ધ આ ગીત ગાયું છે. ઇમરાન હાશ્મી અભિનિત આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થશે.


# સ્વદેશ

FRIDAY, 24 JULY 2026




## OMG-2 મારો આઇડિયા, અક્ષયે ક્રેડિટ ન આપી : પરેશ રાવલ



મુંબઈ: પરેશ રાવલે દાવો કર્યો છે કે 'ઓએમજી ટુ' ની મૂળ સ્ટોરી મારી હતી પણ અક્ષય કુમારે તેની સ્ક્રિપ્ટ લઈ લીધી અને તેમાં મન ફાવે તેવા ફેરફારો કરી તેમાંથી ઓએમજીની ફ્રેન્ચાઇઝી ફિલ્મ બનાવી નાંખી હતી. પરેશ રાવલે જણાવ્યું હતું કે મેં આ ફિલ્મનો આઇડિયા નિર્દેશક અમિત રાયને જણાવ્યો હતો અને અમે મળીને તેનો સ્ક્રિન પ્લે બનાવ્યો હતો. પણ તેમાં અક્ષય કુમાર જોડાતાં કહાની મેં ટ્વિસ્ટ આવી ગયો હતો. પરેશ રાવલના જણાવ્યા અનુસાર આ ફિલ્મમાં દૈવી તત્વની કોઇ વાત જ નહોતી. મારી સ્ટોરીમાં એક કિશોર હસ્તમૈથુન કરતાં પકડાઇ જાય છે અને તેનો વિડિયો વાઇરલ થઇ જતાં તેનું જીવવું મુશ્કેલ બની જાય છે. તેને ઉગારવા અમે 'મુકદર કા સિકંદર'માં કાદર ખાને જે ભૂમિકા ભજવી હતી તેવી કોઇ વ્યક્તિને લેવા માંગતા હતા. આ રોલ માટે અજય દેવગણ અને સલમાનખાનનો પણ મેં સંપર્ક કર્યો હતો.

## આમિર ખાને અશનીર ગ્રોવરની બાયોપિક છોડી



મુંબઈ : સ્ટાર્ટ અપની દુનિયાના હીરો ગણાતાં અશનીર ગ્રોવરની બાયોપિકમાંથી આમિરખાને તેના નિર્દેશક રાહુલ મોદી સાથે ક્રિયેટિવ મતભેદો પડયા હોવાનું જણાવી હટી ગયો હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રોજેક્ટમાં અશનીર ગ્રોવરની પત્ની માધુરી જૈન ગ્રોવરની ભૂમિકા શ્રદ્ધા કપૂર ભજવવાની હોવાની વાત છે. હાલ શ્રદ્ધા કપૂર અને રાહુલ મોદી ડેટિંગ કરી રહ્યાં હોવાનું કહેવાય છે. શ્રદ્ધા એક મોટા સ્ટુડિયોની સાથે આ ફિલ્મની સહનિર્માત્રી પણ બનવાની છે તેવી પણ વાત છે. અશનીર ગ્રોવર કે ફિલ્મમેકર્સે આ ફિલ્મમાં આમિરખાન શ્રદ્ધા કપૂરનો હીરો બનશે કે કેમ તે બાબતે કોઇ નક્કર માહિતી આપી નહોતી. પણ હવે આમિરખાન આ ફિલ્મમાંથી હટી ગયો હોવાના અહેવાલો છે.

# સીતા માતાનો રોલ કરવો સરળ નથી! સાઈ પલ્લવીએ કહ્યું- મેં મારી જાતને શક્ય એટલી શુદ્ધ રાખી હતી



બોલિવૂડના દિગ્ગજ ડાયરેક્ટર નિતેશ તિવારીની આગામી મોસ્ટ અવેટેડ ફિલ્મ 'રામાયણ'ને લઈને ચાહકોની આતુરતાનો અંત આવ્યો છે. આ વર્ષની સૌથી મોટી ફિલ્મ ગણાતી 'રામાયણ'નું આજે ભવ્ય ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ફિલ્મમાં સીતા માતાનો આઈકોનિક રોલ કરી રહેલી સાઉથની સુપરસ્ટાર એક્ટ્રેસ સાઈ પલ્લવીએ પોતાના પાત્રને લઈને અનુભવ વિશે ખુલીને વાત કરી હતી. સાઈ પલ્લવીએ જણાવ્યું કે, ભગવાન રામની પત્ની અને આસ્થાનું પ્રતીક એવા સીતાજીનું પાત્ર ભજવવા માટે તેણે પોતાના વિચારો અને જીવનને શક્ય એટલું શુદ્ધ રાખવાનો પ્રયત્ન કર્યો છે. ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન સાઈ પલ્લવી ખૂબ જ ભાવુક દેખાઈ હતી. તેણે પોતાના પાત્ર વિશે વાત કરતા કહ્યું કે, "એક કલાકાર તરીકે આ પ્રકારની ભૂમિકા ભજવવી બિલકુલ સરળ નથી, કારણ કે પડદા પર એક દેવીનું પાત્ર જીવંત કરવાનું છે. મેં પોતે આ રોલ કરવાનું નક્કી નથી કર્યું, પરંતુ આ પાત્ર મારી પાસે આપોઆપ આવ્યું છે. આ શૂટિંગ દરમિયાન હું શાંતિથી બેસતી, ધ્યાન (મેડિટેશન) ધરતી અને મનોમન પ્રાર્થના કરતી કે- સીતા માતા, તમે જ મારા દ્વારા અભિનય કરો. મારા દ્વારા જે પણ કળા બહાર આવશે, તે એ જ હશે જે તમે આ ફિલ્મ માટે ઈચ્છો છો."

એક્ટ્રેસે વધુમાં ઉમેર્યું કે, "મેં મારી જાતને જેટલી બને તેટલી પવિત્ર રાખવાનો પ્રયત્ન કર્યો છે. ઓછામાં ઓછું મારા વિચારોના સ્તરે તો મેં તેને બિલકુલ પક્ષપાત વિનાનું અને નિષ્પક્ષ રાખવા પ્રયાસ કર્યો છે. હું આ ફિલ્મમાં મારું સર્વશ્રેષ્ઠ વર્ઝન દર્શકો સમક્ષ લાવી રહી છું અને આખી ટીમ તેને બેસ્ટ બનાવવા માટે પોતાનું લોહી-પરસેવો એક કરી રહી છે."

નમિત મલ્હોત્રા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહેલી આ ભવ્ય ફિલ્મ 2 ભાગમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. ટ્રેલર લોન્ચ સાથે જ ફિલ્મની સત્તાવાર સ્ટાર કાસ્ટ પરથી પણ પડદો ઊંચકાયો છે:

આ મેગા બજેટ પૌરાણિક ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરી દેવામાં આવી છે. ફિલ્મનો પહેલો ભાગ દિવાળી 2026માં થિયેટરોમાં ધમાકેદાર એન્ટ્રી કરશે, જ્યારે આ વાર્તાનો બીજો અને અંતિમ ભાગ તેના પછીના વર્ષે એટલે કે દિવાળી 2027માં રિલીઝ કરવામાં આવશે. ટ્રેલર લોન્ચ બાદ સોશિયલ મીડિયા પર રણબીર અને સાઈ પલ્લવીની જોડીને જોવા માટે ફેન્સ ભારે ઉત્સાહિત દેખાઈ રહ્યા છે.

## આલિયા અને શર્વરીની આલ્ફા ફ્લોપ, રૂ. 25 કરોડ ગુમાવશે

મુંબઈ: આલિયા ભટ્ટ અને શર્વરી વાઘને એક્શન હિરોઈન તરીકે ચમકાવતી આલ્ફા ફિલ્મ ત્રણ અઠવાડિયાના અંતે ફ્લોપ પુરવાર થઈ રહી છે. શિવ રવૈલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મને ત્રીજા શુક્રવારે માત્ર ૨૫ લાખ રૂપિયાની કમાણી થઈ હતી જે આગલા દિવસની સરખામણીમાં ૫૫ ટકાનો ઘટાડો દર્શાવે છે.

ભારતીય બોક્સઓફિસ પર આલ્ફાને ૫૩.૭૦ કરોડ રૂપિયાની કમાણી થઈ છે. ફિલ્મ હવે અંતિમ તબક્કામાં હોઈ વર્તમાન ટ્રેન્ડ અનુસાર ફિલ્મને ભારતમાંથી કુલ ૫૬ કરોડ રૂપિયાની કમાણી થવાનો અંદાજ છે.



એક સારું બજેટ ધરાવતી ફિલ્મ આલ્ફાને આશરે ૨૫ કરોડ રૂપિયાનું નુકશાન જશે તેમ મનાય છે. ફિલ્મને પહેલાં અઠવાડિયામાં જ મહત્તમ ૪૫.૨૫ કરોડ રૂપિયાની કમાણી થઈ હતી. બીજા શુક્રવારે ૧.૩૦ કરોડ રૂપિયાની કમાણી કરનારી આલ્ફાને ત્રીજા શુક્રવારે માત્ર ૨૫ લાખ રૂપિયાની કમાણી થઈ હતી. પ્રથમ દિવસે નવ કરોડ રૂપિયાનું ઓપનિંગ ન મળ્યું હોત તો નિર્માતાઓને મોટો ફટકો પડયો હોત. ભારતમાં હિરોઈનોને ચમકાવતી એક્શન ફિલ્મો બોક્સ ઓફિસ પર ચાલતી નથી તેવી માન્યતા આ ફિલ્મના કિસ્સામાં સાચી પુરવાર થઈ છે.

# 72માં નેશનલ ફિલ્મ એવોર્ડ્સની જાહેરાત : કાર્તિક આર્યન બેસ્ટ એક્ટર

### બેસ્ટ ફિલ્મ શ્રીકાંત : યામી ગૌતમ બેસ્ટ એક્ટ્રેસ : ગુજરાતી ફિલ્મે પણ મારી બાજી

ઈન્ડિયન સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત અને મોટા સન્માન '72મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ'ની જાહેરાત માહિતી અને પ્રસારણ મંત્રાલયે કરી દીધી છે. વર્ષ 2024માં રિલીઝ થયેલી ફિલ્મો અને શાનદાર પરફોર્મન્સ માટે આ પુરસ્કાર આપવામાં આવશે. બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ કાર્તિક આર્યન (ચંદુ ચેમ્પિયન) અને મમૂટી (બ્રહ્મયુગમ)ને મળ્યો છે. બેસ્ટ એક્ટ્રેસનો નેશનલ એવોર્ડ 'આર્ટિકલ 370' માટે યામી ગૌતમને મળ્યો છે. ત્યાં જ બેસ્ટ ફિલ્મ ક્રિટિક માટે 72મો નેશનલ ફિલ્મ એવોર્ડ સંજીવ શ્રીવાસ્તવને હિન્દી સિનેમાની ઊંડી સમજ માટે આપવામાં આવ્યો છે.

» બેસ્ટ એક્ટ્રેસ લીડિંગ રોલ - યામી ગૌતમ
» બેસ્ટ એક્ટર લીડિંગ રોલ - કાર્તિક આર્યન/મમૂટી
» બેસ્ટ ફિલ્મ: શ્રીકાંત



» બેસ્ટ ડાયરેક્શન - આનંદ એલ. રાય (એક્તા કા પ્રતિક)
» બેસ્ટ ફીચર ફિલ્મ - આર્ટિકલ 370
» બેસ્ટ શોર્ટ ફિલ્મ - હમસફર (મરાઠી)
» બેસ્ટ રીજનલ ફિલ્મ (શ્રેષ્ઠ પ્રાદેશિક ફિલ્મ)
» બેસ્ટ ગુજરાતી ફિલ્મ - મારણ (ધ હન્ટ)
» બેસ્ટ તેલુગુ ફિલ્મ - કમિટી કુલ્લુ
» બેસ્ટ મરાઠી ફિલ્મ - મુક્કામ પોસ્ટ બોમ્બિલવાડી
» બેસ્ટ હિન્દી ફીચર ફિલ્મ - શ્રીકાંત
» બેસ્ટ કોરિયોગ્રાફી - સ્ત્રી 2 (આજ કી રાત) વિજય ગાંગુલી
» બેસ્ટ લિરિક્સ - જાને દો (મનોજ મુન્તશીર)
» બેસ્ટ મ્યુઝિક ડાયરેક્શન - શાશ્વત સચદેવ (આર્ટિકલ 370)
» બેસ્ટ મેકઅપ - પી. રવિ કુમાર (કમિટી કુલ્લુ)
» બેસ્ટ કોસ્ટ્યુમ - પુષ્પા 2 (દીપાલી નૂર)
» બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈન - કલ્કિ 2898 AD (નિતિન ચૌધરી)
» બેસ્ટ એડિટિંગ - માનવીર જસરોઈતિયા
» બેસ્ટ સાઉન્ડ ડિઝાઈન - ભૂલ ભુલૈયા 3






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### 'ડ્યુરેશન ઓફ સ્ટેટસ'ની સુવિધા બંધ કરવાની કવાયત વિદેશી બાળકો માટે ચિંતાજનક

# ટ્રમ્પનો ફતવો આંતરરાષ્ટ્રીય શિક્ષણના સમીકરણો બદલશે



પ્રાંસગિક
ધવલ શુક્લ

અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ અને લાખો ડોલરની નોકરી કરવી એ વર્ષોથી અનેક ભારતીયો અને અન્ય દેશના લાખો વિદ્યાર્થીઓનું સપનું રહ્યું છે. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે અથવા તો હજારો લોકો અમેરિકન કંપનીઓમાં નોકરી માટે વીઝા લેવા એપ્લિકેશન કરતા હોય છે. જો કે, હવે ટ્રમ્પે વધુ એક અણધડ નિર્ણય લઈને ઈમિગ્રેશનના નિયમોમાં ફેરફાર કરાવ્યો છે. આ ફેરફારથી યુએસ જવા ઈચ્છુક ભારતીયો અને અન્ય દેશના વિદ્યાર્થીઓની ચિંતા વધે તેમ છે. ટ્રમ્પ પ્રશાસને અમેરિકન સ્ટુડન્ટ વિઝા સિસ્ટમમાં જ છેલ્લા કેટલાક દાયકાઓનો સૌથી મોટો અને આમૂલ ફેરફાર કરવાની જાહેરાત કરી છે. નવો નિયમ સત્તાવાર રીતે પબ્લિશ થયાના ૬૦ દિવસ પછી લાગુ થવા જઈ રહ્યો છે. જો કે, આ સમયગાળા દરમિયાન તે અમેરિકન કોંગ્રેસની સમીક્ષા પ્રક્રિયા હેઠળ રહેશે. જો કોઈ કાનૂની પડકાર કે મોટો વિરોધ ન આવે તો આ નિયમ આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય શિક્ષણના સમીકરણો સંપૂર્ણપણે બદલી નાખશે.

નવા નિયમો હેઠળ અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને મળતી વર્ષો જૂની 'ડયુરેશન ઓફ સ્ટેટસ'ની સુવિધાને સંપૂર્ણપણે નાબૂદ કરી દેવાઈ છે. તેના સ્થાને હવે અમેરિકામાં રહેવા માટે એક નિશ્ચિત સમય-સીમા નક્કી કરાઈ છે. અમેરિકી ગૃહ સુરક્ષા વિભાગ દ્વારા આખરી ઓપ આપવામાં આવેલા આ નિયમોથી અમેરિકામાં ભણતા અને ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ અનેકગણી વધી જવાની આશંકા છે.

અમેરિકી ગૃહ સુરક્ષા વિભાગના નવા નોટિફિકેશન મુજબ વિઝા પ્રક્રિયા અને અમેરિકામાં રોકાણના નિયમોને અત્યંત કડક બનાવી દેવામાં આવ્યા છે. નવા નિયમો અનુસાર મોટાભાગના એફ-૧ વિઝા ધારક વિદ્યાર્થીઓ અને જે-૧ કેટેગરીના એક્સચેન્જ વિઝિટર્સને હવે એક જ વખતમાં અમેરિકામાં રહેવા માટે મહત્તમ ચાર વર્ષની જ મંજૂરી મળશે. આ પહેલાં વિદ્યાર્થીઓ જ્યાં સુધી પોતાના શિક્ષણ સંસ્થાનમાં માન્ય કોર્સ પૂરો ન કરે, ત્યાં સુધી તેઓ લીગલ સ્ટેટસ સાથે અમેરિકામાં રહી શકતા હતા. પરંતુ નવા નિયમમાં બદલાવ કરાયો છે. જે પ્રમાણે જો કોઈ વિદ્યાર્થીનો કોર્સ ૪ વર્ષ કરતા વધુ સમયનો હશે. જેમ કે પીએચ.ડી. અથવા મેડિકલ કોર્સ હશે તો તેણે ૪ વર્ષ પૂરા થતા પહેલા વિઝા એક્સટેન્શન માટે અરજી કરવી પડશે અથવા તો અમેરિકાની બહાર બીજા દેશ અથવા તો પોતાના મૂળ દેશમાં જઈને ફરીથી પ્રવેશ મેળવવાની પરવાનગી લેવી પડશે. આ ઉપરાંત અત્યાર સુધી વિદ્યાર્થીઓ અમેરિકા પહોંચ્યા પછી પોતાની રુચિ કે અનુકૂળતા મુજબ કોર્સ અથવા યુનિવર્સિટી બદલી શકતા હતા. પરંતુ હવે નવો નિયમ આ સુવિધા ઉપર પણ પૂર્ણવિરામ મૂકી રહ્યો છે. વિદ્યાર્થીઓ હવે અમેરિકન ઈમિગ્રેશન સત્તાવાળાઓની આગોતરી લેખિત મંજૂરી વિના પોતાની મરજીથી સબ્જેક્ટ બદલી શકશે નહીં. તેઓ પોતાનો ડિગ્રી પ્રોગ્રામ પણ બદલી શકશે નહીં. એક કોલેજ કે યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં ટ્રાન્સફર લેવા માટે પણ ઈમિગ્રેશન અધિકારીઓની પૂર્વ મંજૂરી ફરજિયાત રહેશે. ચિંતાજનક વાત એવી છે કે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે આ એક મોટો આર્થિક અને માનસિક ફટકો છે. તેનું કારણ એવું છે કે, પહેલાના નિયમ હેઠળ અભ્યાસ પૂર્ણ થયા પછી વિદ્યાર્થીઓને દેશ છોડવા, ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ શરૂ કરવા અથવા પોતાનું વિઝા સ્ટેટસ બદલવા માટે ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ મળતો હતો. હવે, નવા નિયમમાં આ સમયગાળો ઘટાડીને હવે માત્ર ૩૦ દિવસ કરી દેવામાં આવ્યો છે. એટલે કે, અભ્યાસ પૂરો થયાના એક મહિનાની અંદર વિદ્યાર્થીએ આગળનો નિર્ણય લઈ લેવો પડશે અથવા દેશ છોડવો પડશે.

જો કે, અમેરિકાની ટોચની યુનિવર્સિટીઓ અને હાયર એજ્યુકેશન યુનિયનોએ નવા નિયમની આકરી ટીકા કરી છે. તેમના આ નવી સિસ્ટમ સામે કેટલાક વાંધા છે, જેનો હજી સરકારે કે તંત્ર દ્વારા કોઈ ઉકેલ આપવામાં આવ્યો નથી. તેમનું માનવું છે કે, અમેરિકા પહેલેથી જ સ્ટુડન્ટ અને એક્સચેન્જ પ્રોગ્રામ દ્વારા દરેક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીની પળેપળની માહિતી રાખે છે. આવા સંજોગોમાં આ નવો નિયમ માત્ર એક બિનજરૂરી વહીવટી બોજ ઊભો કરશે. તે ઉપરાંત યુનિવર્સિટીઓનું માનવું છે કે, આ કડક નિયમોને કારણે દુનિયાભરના તેજસ્વી વિદ્યાર્થીઓ અમેરિકા આવવાના બદલે કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા કે જર્મની જેવા દેશો તરફ વળી જશે, જ્યાં વિઝા નિયમો વધુ અનુકૂળ છે. અમેરિકાની વૈજ્ઞાનિક પ્રગતિ પાછળ વિદેશી સંશોધકોનો મોટો હાથ છે. જો સંશોધકો અનિશ્ચિતતામાં જીવશે, તો અમેરિકાની નવીનતા અને વૈશ્વિક નેતૃત્વની ક્ષમતા નબળી પડશે.

જાણકારોના મતે અમેરિકનોમાં પોતાની લોકચાહના જાળવી રાખવા ટ્રમ્પ સતત વિદેશીઓ અને ભારતીયોને ટાર્ગેટ કરી રહ્યા છે. ટ્રમ્પની નીતિ તેમના વ્યાપક ઈમિગ્રેશન કંટ્રોલ અને 'અમેરિકા ફર્સ્ટ' એજન્ડાનો એક ભાગ છે. ગૃહ સુરક્ષા વિભાગે આ નિયમો પાછળ કેટલાક કારણો પણ આપ્યા હતા. ગૃહ વિભાગના મતે જૂની 'ડયુરેશન ઓફ સ્ટેટસ' સિસ્ટમના કારણે વિદ્યાર્થીઓ ક્યાં છે અને શું કરી રહ્યા છે, તેની સચોટ માહિતી રાખવી મુશ્કેલ બનતી હતી.

આ ઉપરાંત ઘણા વિદેશી વિદ્યાર્થીઓ એક પછી એક નાના કોર્સો કરીને રિસર્ચના નામે અથવા પાર્ટ-ટાઈમ નોકરીઓના બહાને વર્ષો સુધી અમેરિકામાં જ રોકાઈ રહેતા હતા. આ નિયમથી આવા કેસો અટકશે. ઓપન ડોર્સ રિપોર્ટના તાજેતરના આંકડા અનુસાર, અમેરિકામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ચીન પછી ભારત બીજા ક્રમે છે અને ટૂંક સમયમાં જ ભારત પ્રથમ ક્રમે પહોંચવાની દિશામાં છે. હાલમાં અમેરિકાની વિવિધ યુનિવર્સિટીઓમાં ૩,૩૦,૦૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ કુલ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના આશરે ૨૫%થી વધુ હિસ્સો ધરાવે છે. ભારતીય વિદ્યાર્થીઓ ટ્યુશન ફી, લિવિંગ કોસ્ટ અને અન્ય ખર્ચાઓ દ્વારા દર વર્ષે અમેરિકન અર્થતંત્રમાં ૧૦ અબજ ડોલરનું યોગદાન આપે છે. આ ઉપરાંત અમેરિકા જતા ભારતીય વિદ્યાર્થીઓમાંથી આશરે ૭૫%થી ૮૦% વિદ્યાર્થીઓ સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સના કોર્સો પસંદ કરે છે, જેમાં પીએચ.ડી. અને લાંબા ગાળાના રિસર્ચ પ્રોગ્રામ્સનો સમાવેશ થાય છે. તેથી જ જાણકારો માને છે કે, આ નવા નિયમની સૌથી વિપરીત અસર એવા વિદ્યાર્થીઓ પર પડશે, જેઓ લાંબા ગાળાના ઉચ્ચ શિક્ષણ સાથે જોડાયેલા છે. અમેરિકામાં પીએચ.ડી. પૂર્ણ કરવામાં સામાન્ય રીતે ૫ થી ૭ વર્ષનો સમય લાગે છે. હવે, આવા સંશોધકોએ ૪ વર્ષ પૂરા થતા જ વિઝા એક્સટેન્શનની લાંબી, ખર્ચાળ અને જટિલ કાનૂની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. જો કોઈ કારણસર એક્સટેન્શન રિજેક્ટ થાય, તો તેમનું વર્ષોનું સંશોધન અધવચ્ચે જ અટકી જશે. આ ઉપરાંત મેડિકલના અભ્યાસક્રમો અને જેઓ માસ્ટર્સ સાથે પીએચ.ડી. કરી રહ્યા છે, તેમના પ્રોગ્રામ પણ ૪ વર્ષથી વધુ ચાલે છે. તેમને દર વર્ષે કે દર બે વર્ષે ઈમિગ્રેશન ઓફિસના ધક્કા ખાવા પડશે. વિઝા એક્સટેન્શન માટેની અરજી ફી, વકીલોની ફી અને વારંવાર થતા કાગળકામના કારણે મધ્યમવર્ગીય ભારતીય પરિવારો પર આર્થિક બોજ ઘણો વધી જશે. એક અહેવાલ પ્રમાણે છેલ્લા બે વર્ષમાં અમેરિકા જનારા ચીની વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે, જ્યારે ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં વાર્ષિક ૨૩%થી ૨૫%નો ઉછાળો થયો છે. ખાસ કરીને ગ્રેજ્યુએટ સ્તરે ભારતીય વિદ્યાર્થીઓ હવે પ્રથમ ક્રમે છે.

**નવો નિયમ અમલમાં આવતાં અમેરિકામાં ભણવા માંગતા વિદ્યાર્થીઓ કે નોકરી માટે જતા લોકો માટે હવે નિશ્ચિત સમય સીમા નક્કી થશે, અભ્યાસના કિસ્સામાં વિઝા લંબાવવા ફરી અરજી પ્રક્રિયા કરવી પડશે અને વિષય બદલવા માટે પણ સત્તાધીશોની મંજૂરી અનિવાર્ય**

# બોડી મુજબ શોર્ટ ડ્રેસ પસંદ કરી દેખાવો એટ્રેક્ટિવ

શોર્ટ્‌સમાંથી દેખાતા પગ આકર્ષક અને સુડોળ હોય તો જ સૌદર્યમાં ચાર ચાંદ લાગે છે ચોમાસામાં યુવતીઓ શોર્ટ ડ્રેસ, સ્કર્ટ્‌સ, કેપ્રી અને શોર્ટ્‌સ પહેરવાનું વધારે પસંદ કરે છે. આ પ્રકારના ડ્રેસમાં તેમની સગવડ પણ સચવાય છે અને તેમને સેક્સી તથા આકર્ષક નવો લુક પણ મળે છે. આ પ્રકારના મોટાભાગના ડ્રેસમાં પગનો ભાગ ખુલ્લો રહેતો હોય છે એટલે જો ચોમાસામાં શોર્ટ ડ્રેસ પહેરવા હોય તો પગના સૌદર્ય પર ખાસ ધ્યાન આપવું જરૂરી બની જાય છે.







એક જાણીતા ફિટનેસ એક્સપર્ટ એકદમ ટોન કરેલા આકર્ષક માટે ખાસ વર્કઆઉટ ટિપ્સ આપે છે. તેઓ કહે છે કે ‘’પગને આકર્ષક લુક આપવા ‘ઈન્ટરવલ કાર્ડિયો’ જેવી એક્સરસાઈઝ કરવી જોઈએ. આ પ્રકારની કસરતમાં પહેલાં એક મિનીટ ફાસ્ટ રનિંગ પછી બે મિનીટ સુધી પ્રમાણમાં ઓછી ઝડપથી દોડવાની કસરત કરવાની હોય છે. આ પ્રકારની કસરતની શરૂઆત કરતા પહેલાં બાર મિનીટ સુધી વોર્મઅપ એક્સરસાઈઝ કરવી બહુ જરૂરી છે. જો તમે જીમમાં વર્કઆઉટ કરતા હો તો અઠવાડિયામાં ઓછામાં ઓછી બે વખત પગની એક્સરસાઈઝ કરવી જોઈએ. સ્કવાન્ટ્‌સ, લેગ એક્સટેન્શન, હેમસ્ટ્રીંગ કર્લસ અને લેન્ગિઝ જેવી કસરતો પગની ફિટનેસ માટે શ્રેષ્ઠ છે.

ખુલ્લા સ્નાયુલ પગ બહુ આકર્ષક લાગે છે અને આ માટે મહિનામાં બે વાર પગનું હેવી વર્કઆઉટ કરવું જ જોઈએ. પગ યોગ્ય આકારના અને સુંદર લાગે એમાં સુગઠિત પીંડીનો ભારે યોગદાન છે. આ સુગઠિત પીંડી મેળવવા માટે ઘરે અથવા તો સમય મળે ત્યારે પગના અંગુઠા પર ધીમેધીમે ઉભા થવાની એક્સરસાઈઝ કરવાથી ફાયદો થાય છે અને મહત્ત્વની વાત તો એ છે કે આ એક્સરસાઈઝ ઓફિસમાં મળતા ફાજલ સમયમાં પણ થઈ શકે છે.’’

પગને સુંદર અને સુદઢ બનાવવાના અન્ય વિકલ્પો વિશે વાત કરતા જાણીતા ફિટનેસ એક્સપર્ટ કહે છે કે ‘’કિક બોક્સિંગથી આખા શરીરની સાથેસાથે પગનું પણ સારું એવું ટોનિંગ થાય છે. નોર્મલ કાર્ડિયો સાથે કિક બોક્સિંગ કરવાથી સુંદર પગના માલિક બની શકાય છે. પગ સુંદર, સુડોળ અને ફ્લેક્સીબલ લાગે એ માટે નિયમિત સ્ટ્રેચિંગ એક્સરસાઈઝ કરવી જરૂરી છે. રોજ વર્કઆઉટ પછી ૧૫ મિનીટ સુધી સ્ટ્રેચિંગ એક્સરસાઈઝ કરવાથી બહુ ફાયદો થાય છે. વળી, ટોન થયેલા શરીર અને પગ માટે તમારો ખોરાક યોગ્ય અને સંતુલિત હોય એ બહુ જરૂરી છે. આ સંતુલન જાળવવા માટે પુષ્કળ પાણી પીવું જોઈએ અને ખોરાકમાં પુષ્કળ પ્રમાણમાં પ્રોટિન-કાર્બોહાઈડ્રેટને તથા અલ્પ પ્રમાણમાં ચરબીને સ્થાન આપવું જોઈએ.’’

એકવાર પગની ફિટનેસ હાંસિલ થઈ જાય પછી એનું પ્રદર્શક કરતા પહેલાં યોગ્ય માવજત કરીને વધારે આકર્ષક લુક આપવાથી સોનામાં સુગંધ મળી જાય છે. પગની સુંદરતા વધારવાની ચાવી જણાવતા એક જાણીતા સ્પાના માલિક કહે છે કે ‘’પગની સુંદરતા જળવાઈ રહે એ માટે નિયમિત રીતે એના પરથી ચામડીના મૃત કોષોને દુર કરીને એનું મોશ્ચરાઈઝેશન કરવું જરૂરી છે. મૃત કોષો ચામડીને ઝાંખી બનાવે છે અને આ કારણે એને માત્ર ચહેરા અને ગરદન પરથી જ નહીં, પણ નિયમિત સમયાંતરે હાથ અને પગ પરથી પણ દુર કરવાની આદત કેળવવી જોઈએ.

શરીરના આ હિસ્સામાંથી મૃત કોષો દુર કરીને એનું યોગ્ય રીતે મોશ્ચરાઈઝેશન કરવું જોઈએ. પગની સુંદરતાની માવજત કરવા મહિનામાં એકવાર ‘ફુટ પેઈન રિલીફ થેરપી’ માટે સ્પાની મુલાકાત લેવી જોઈએ. આ થેરપીમાં આખા પગને બામથી અને કુદરતી તત્ત્વોથી ભરપુર થાઈપેકથી મસાજ કરવામાં આવે છે. આ મસાજ કરવાને કારણે રૂધિરનું પરિભ્રમણ ઝડપી બને છે જેના કારણે કસરતને કારણે પગના ખાસ હિસ્સામાં જમા થયેલા ઝેરી તત્ત્વો દુર થાય છે અને સ્નાયુઓ રિલેક્સ થાય છે. વળી, પગની સુંદરતા ઉડીને આંખે વળગે એ માટે એના પરથી નકામા અને બિનજરૂરી વાળ દુર કરવા એ પ્રાથમિક અને ફરજિયાત જરૂરિયાત છે. જો પગ પાછળ બહુ મહેનત કરવામાં આવી હોય, પણ વાળ દુર કરવા જેવી સામાન્ય કાળજી ન રાખવામાં આવે તો બધી મહેનત પર પાણી ફરી વળે છે.

પગ પરના વાળ દુર કરવા માટે શેવિંગ ઝડપી અને સરળ રસ્તો છે પણ વધારે સારા પરિણામ માટે વેક્સિંગ ઉત્તમ વિકલ્પ છે. જો તમારા વાળનો વિકાસ ઝડપથી થતો હોય તો ડબલ વેક્સિંગ કરવું જોઈએ. પગની ત્વચાની ગુણવત્તા વધારવી હોય તો રોજ નહાતી વખતે લુફા કે બોડી બ્રશથી સ્ક્રબિંગ કરવાથી પણ ફાયદો થાય છે. ઉનાળામાં ફ્રેશ ઓરેન્જ અને સોલ્ટ બેઝ્ડ સ્ક્રબનો ઉપયોગ કરવાથી એની મજા બેવડાઈ જાય છે. આટલા પ્રયાસો કર્યા પછી જો સમય, સગવડતા અને તક હોય તો બોડી પોલિશિંગ ટ્રીટમેન્ટ કરાવી લેવી જોઈએ. આ ટ્રીટમેન્ટથી પગ સહિત આખા શરીરને સિલ્કી અને શાઈની લુક મળે છે.’’

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Co□□□□ercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Co□□□□ercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Co□□□□ercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acco□□□□odation + Competitive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790

# રોગો અને તેનાં ઉપચારો

આજે કેટલાક રોગો અને તેના આયુર્વેદિક ઔષધોપચાર વિશે ચર્ચા કરીશું જે વાચકમિત્રોને ઘણા ઉપયોગી સાબિત થશે. જેમાં સૌ પ્રથમ -



૧. તાવ :- તાવ શરીરમાં હોય ત્યાં સુધી તદ્દન ઉપવાસ કરાવવો. તાવ ઉતાર્યા પછી હરડે આપવી. હીમેજ નો એકાદ જુલાબ ઉતાર્યા પછી કિરાતાદિ ક્વાથ આપી શકાય. જો તે ન મળે તેમ હોય તો સુદર્શન ચૂર્ણનો ક્વાથ પણ અપાય છે. હરડે અને ઉકાળો તાવ ન હોય ત્યારે આપવા.

૨. અતિસાર :- જ્યારે ઝાડા સાથે આમ પણ નીકળતો હોય તો તેને આમાતિસાર કહે છે. આ રાત્રિમાં સવાર-સાંજ પાણી સાથે સૂંઠ ફકાવવી અને પછી જ્યારે ઝાડા નિરામ થાય એટલે કે જ્યારે ઝાડા પાણીમાં તરે તેવા થાય ત્યારે ધાણા, સૂંઠ, ઈન્દ્રજવ, હરડે, પીપર અને નાગરમોથનો ક્વાથ આપવો.

૩. અર્શ (પાઈલ્સ) :- આ રોગ મોટાભાગે કબજિયાતની તકલીફવાળા દર્દીમાં જોવા મળી છે. આ રોગથી પીડાતા રોગી માટે પેટ સાફ રહેવું ખૂબ જરૂરી છે. અર્શ રોગમાં હીમજ, ઈન્દ્રજવ, નાગકેસર અને વાવડિંગ એ ચારેય સમભાગે લઈ ખાંડી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું.

૪. અજીર્ણ (અપચો) : અજીર્ણમાં ઉપવાસ કરાવવા ત્યારબાદ પહેલા કાળી દ્રાક્ષ અને સાકર સાથે સૂંઠ, મરી અને પીપરનું ચૂર્ણ પાચન-ઔષધ તરીકે આપવું પણ સાથે ઉપવાસ કરાવવા. ઉપવાસ છૂટયા પછી હલકો ખોરાક ભૂખ પ્રમાણે આપવો અને હીમજ રોજ આપવી.

૫. કૃમિરોગ :- કૃમિરોગ માટે એક સચોટ ઉપાય બતાવું છું જેમાં કૃમિ જીવતા બહાર નીકળશે. મોટા બાળકોમાં ચણા જેટલો અને નાના બાળકોમાં અડધા ચણા જેટલો ખુરસાની અજમો દિવસમાં બે-બે વાર આપવાથી જીવતા કૃમિ મળ વાટે શરીરમાંથી બહાર નીકળી જાય છે.

૬. પાંડુરોગ :- દરરોજ ૧ તોલો હીમજ આપવાથી રોજ અડધો શેર ગોમૂત્ર આપવાથી અને મધમાં ૧ તોલો ત્રિફળા દિવસમાં બે વાર આપવાથી પાંડુ મટે છે.

૭. કમળો (કામલા) :- આ રોગમાં દર્દીને પુષ્કળ હીમજ આપવી, પુષ્કળ ગોમૂત્ર આપવું તથા દૂધ, ભાત, કાળી વસ્તુઓ અને પિત્તશામક શેરડી વગેરે ઠંડી વસ્તુઓ આપવી. દૂધમાં ૫-૬ પીપર ઉકાળી દિવસમાં બે વાર દૂધ પીવું. પાશેર દૂધમાં પીપર નાખીને પાશેર પાણી નાખીને ઉકાળવું. પછી પાણી બળી જાય અને પાશેર દૂધ બાકી રહે એટલે ઉતારી લેવું અને ઠંડુ પડયા પછી પીપર ચાવી અને ઉપર એ જ દૂધ પી જવું.

૮. નસકોરી ફૂટવી :- નસકોરી ફૂટે તો તાત્કાલિક ભીની માટી મૂકવી. ફૂલવ્યા વિનાની ફટકડીનાં પાણીનાં ટીપાં નાકમાં નાખવા. અઢી તોલા પાણીમાં ૧/૧૬ તોલો ફટકડીનું પ્રમાણ રાખવું.

૯. ક્ષય :- ક્ષય રોગમાં પોષણ પૂરું પાડનારા બંધ થયેલા સ્રોતોને ખુલ્લા કરવા માટે દ્રાક્ષાસવ પછી અડધા કલાકે કલાકે બકરીનું દૂધ, બકરીનાં દૂધનું ઘી, ગળ્યા પદાર્થો, દાળ-ભાત, ખિચડી, શાક, થોડી રોટલી વગેરે ખોરાકમાં આપવા. દવામાં અરડુસીનાં પાંદડાનો બે તોલા રસ રોજ બે વાર આપવો. વધારે ઉધરસ હોય તો રસ રોજ ત્રણ વાર આપવો. અરડૂસીથી દસ્ત પણ સાફ ઉતરે છે.

૧૦. અરુચિ :- અરુચિ રોગમાં દર્દીને ખાવાની ઈચ્છા જ મારી જાય છે. આવી અરુચિમાં રોજ હીમજ આપવી. રુચિ ઉત્પન્ન કરવા દવા તરીકે રોજ દિવસમાં ત્રણ વાર દરેક વખતે આદુ ઉપર થોડું સિંધાલૂણ ભભરાવી ચાવડાવવું.

# નાગરવેલનાં પાનના ઉપાયો તમારું ભાગ્ય ચમકાવી શકે છે

ભારતીય સંસ્કૃતિમાં નાગરવેલનાં પાન (જે તાંબૂલ તરીકે પણ ઓળખાય છે)નું ખૂબ જ મહત્ત્વ છે. કોઈ પણ શુભ કાર્ય, પૂજાપાઠ કે હવન નાગરવેલનાં પાન વગર અધૂરા ગણાય છે. આ પાનમાં દેવી-દેવતાઓનો વાસ હોવાનું માનવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્ર અને તંત્રશાસ્ત્રમાં નાગરવેલનાં પાનના કેટલાક એવા અચૂક ઉપાયો જણાવવામાં આવ્યા છે, જેનાથી જીવનની મોટી મોટી મુશ્કેલીઓ, આર્થિક તંગી અને નકારાત્મક ઊર્જાથી મુક્તિ મેળવી શકાય છે. નાગરવેલનાં પાનના કેટલાક પ્રભાવશાળી જ્યોતિષીય ઉપાયો આ પ્રમાણે છે.



### આર્થિક તંગી અને દેવામાંથી મુક્તિ માટે

જો તમે લાંબા સમયથી આર્થિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોવ અથવા દેવામાં ડૂબેલા હોવ, તો શુક્રવારના દિવસે એક અખંડિત (ક્યાંયથી તૂટેલું ન હોય તેવું) નાગરવેલનું પાન લો. તેના પર ગુલાબની પાંખડીઓ રાખીને માતા લક્ષ્મીને અર્પણ કરો. આ ઉપાયથી ઘરમાં સુખ-સમૃદ્ધિ આવે છે અને ધનપ્રાપ્તિના નવા માર્ગો ખૂલે છે.

### અટકેલાં કાર્યો પૂરાં કરવા માટે

ઘણીવાર સખત મહેનત કરવા છતાં પણ કામ પૂરાં થતાં નથી અથવા વિઘ્નો આવે છે. આવા સમયે રવિવારે ઘરેથી બહાર નીકળતી વખતે નાગરવેલનું એક પાન ખિસ્સામાં કે પર્સમાં રાખીને નીકળવું. જ્યોતિષીય માન્યતા અનુસાર આ ઉપાયથી નકારાત્મક ઊર્જા દૂર થાય છે અને અટકેલાં કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થાય છે.

### નોકરી અને વ્યવસાયમાં પ્રગતિ માટે

જો બિઝનેસમાં સતત નુકસાન થઈ રહ્યું હોય કે નોકરીમાં પ્રમોશન ન મળતું હોય, તો શનિવારના દિવસે નાગરવેલના પાન પર ઘી અને સિંદૂરથી `શ્રી' લખો. આ પાનને હનુમાનજીનાં ચરણોમાં અર્પણ કરો. આ ઉપાય સતત પાંચ શનિવાર કરવાથી વેપારમાં વૃદ્ધિ થાય છે અને નોકરીમાં આવી રહેલી અડચણો દૂર થાય છે.

### નજર દોષ અને નકારાત્મકતા દૂર કરવા

જો ઘરના કોઈ સભ્યને અથવા નાના બાળકને વારંવાર નજર લાગી જતી હોય, તો નાગરવેલના પાન પર સાત ગુલાબની પાંખડીઓ રાખીને નજર લાગેલી વ્યક્તિ પરથી સાત વાર ઓવારી (ઉતારી) લો. ત્યારબાદ આ પાનને કોઈ નિર્જન જગ્યાએ અથવા વહેતા પાણીમાં પધરાવી દો. આનાથી ખરાબ નજરની અસર તરત જ નાબૂદ થઈ જાય છે.

### કુંડળીમાં ગ્રહ દોષ નિવારણ

જો કુંડળીમાં રાહુ-કેતુ કે શનિ દોષ નડતો હોય, તો દર શનિવારે કે મંગળવારે નાગરવેલના પાનમાં કાથા, ચૂના વગર માત્ર વરિયાળી, ગુલકંદ અને એલચી નાખીને `મીઠું પાન' બનાવો અને તેને હનુમાનજીને ભોગ તરીકે ચડાવો. આનાથી કષ્ટદાયક ગ્રહો શાંત થાય છે અને માનસિક શાંતિ મળે છે.

ખાસ નોંધ : જ્યોતિષશાસ્ત્ર અનુસાર આ ઉપાયો કરતી વખતે પાન ક્યાંયથી કાણું, સૂકું કે ફાટેલું ન હોવું જોઈએ. ઉપાયો હંમેશાં પૂર્ણ શ્રદ્ધા અને સકારાત્મક વિચાર સાથે કરવાથી જ ધાર્યું પરિણામ મળે છે.

# રાજસ્થાનની મંડોર જેલમાં શરણાઈ ગુંજી જન્મ ટીપના પુરુષ અને મહિલા કેદી વર વધૂ બન્યા

**જયપુર**

રાજસ્થાન હાઈકોર્ટના ચુકાદા બાદ જોધપુરની મંડોર જેલમાં અનોખા લગ્ન થયા. આજીવન કેદના 33 વર્ષીય મૂળારામ ભાટી અને 31 વર્ષીય સીમા ઘડસેએ જેલના પ્રાંગણમાં સાત ફેરા લીધા. કોર્ટે જણાવ્યું કે, બે પુખ્ત વયના લોકોનો લગ્ન કરવાનો અધિકાર વ્યક્તિગત સ્વતંત્રતાનો અભિન્ન ભાગ છે. આ પ્રસંગે જેલ અધિકારીઓ અને પરિવારજનોએ નવદંપતીને આશીર્વાદ આપ્યા. બે પુખ્ત વયના લોકોનો લગ્ન કરવાનો અધિકાર વ્યક્તિગત સ્વતંત્રતાનો અભિન્ન ભાગ છે: કોર્ટ

જોધપુર : રાજસ્થાન હાઈકોર્ટે બે પુખ્ત વયના લોકોનો સંમતિથી લગ્ન કરવાનો અધિકાર જીવનના મૂળભૂત અધિકારનો અભિન્ન ભાગ હોવાનો ચુકાદો આપ્યા બાદ જોધપુર જેલમાં શરણાઈ વાગી હતી. ઉમરકેદના પુરુષ અને મહિલા કેદીએ વર વધુના પોશાકમાં વરમાળા પહેરાવી અને સાત ફેરા લીધા હતાં.

નાગોર જિલ્લાના રહેવાસી ૩૩ વર્ષિય મૂળરામ ભાટી અને ૩૧ વર્ષિય સીમા ઘડસેએ મંડોર જેલના પ્રાંગણમાં જેલ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ અને પરિવારના મહેમાનોની હાજરીમાં લગ્ન ગ્રંથીથી જોડાયા હતાં. જેલ અધિકારીઓ અને ઉપસ્થિતોએ નવયુગલને આર્શિર્વાદ આપ્યા હતા અને આ અવસરે મીઠાઈ ખવડાવીને મો મીઠુ કરાવાયું હતું.

રાજસ્થાનની હાઈકોર્ટની ડિવિઝન બેંચના ન્યાયાધીશ પી.એસ.ભાટી અને જસ્ટીસ પ્રવીર ભટનાગરના મહત્વના આદેશ બાદ આ લગ્ન સંપન્ન થયા હતાં.

લગ્ન માટે થોડો સમય સજાને રોકવા માટેની મુળરામની અરજીને મંજૂરી આપતા અદાલતે કહ્યું હતું કે કેદી સજા કાપી રહ્યો હોવાથી તેને લગ્નના અધિકારથી વંચીત રાખી શકાય નહિ.

# બ્રિટનના કેબિનેટ મંત્રીમંડળમાં બે ભારતીય કનિષ્ક નારાયણ અને લિસા નંદી બન્યા મંત્રી

**લંડન**

બ્રિટનમાં લાંબા સમય સુધી રાજકીય ઉથલપાથલ પછી, નવા વડા પ્રધાન એન્ડી બર્નહામે દેશના નવા વડા પ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યો છે. કીર સ્ટાર્મરના રાજીનામા બાદ 56 વર્ષીય બર્નહામે ટેન ડાઉનિંગ સ્ટ્રીટથી નવું રાજકીય મોડેલ બનાવવાનું વચન આપ્યું હતું, જેમાં રાષ્ટ્રને અનેક મહત્વપૂર્ણ વચનો આપ્યા હતા. હવે, પદના શપથ લીધા પછી, બર્નહામે કેન્દ્રીય મંત્રીમંડળમાં મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. નોંધપાત્ર રીતે, બે ભારતીય મૂળના સાંસદોને પણ મંત્રીમંડળમાં મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે. મુઝફ્ફરપુરમાં જન્મેલા કનિષ્ક નારાયણને એઆઈ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેનાથી તેમને પ્રથમ વખત કેબિનેટ સ્તરનો દરજ્જો મળ્યો છે. ભારતીય મૂળના અન્ય સાંસદ લિસા નંદીને સંસ્કૃતિ સચિવ તરીકે જાળવી રાખવામાં આવ્યા છે. લિસા મૂળ કોલકાતાના છે. બિહારના મુઝફ્ફરપુરમાં જન્મેલા કનિષ્ક નારાયણ 12 વર્ષની ઉંમરે યુકેના કાર્ડિફ ગયા હતા. કાર્ડિફની કેથેસ હાઈસ્કૂલમાં પ્રારંભિક શિક્ષણ મેળવ્યા પછી, તેમણે ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા અને યુએસમાં સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી એમબીએ કર્યું હતું. ત્યારબાદ તેમણે સિલિકોન વેલી અને યુકે ટેક સેક્ટરમાં કામ કર્યું અને અનેક મોટા કોર્પોરેશનો અને સરકારોને સલાહ આપી હતી.

# એસ. જયશંકર બ્રુની અને પાપુઆ ન્યુ ગીનીના વિદેશમંત્રીઓને મળ્યા

**મનીલા**

એસોસીએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ આસીયાન દેશોના વિદેશમંત્રીઓની બે દિવસની પરિષદ દરમિયાન ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે બુરની અને પાપુઆ ન્યૂ ગીનીના વિદેશ મંત્રીઓ સાથે સઘન મંત્રણા યોજી હતી અને ઈન્ડો પેસિફિક વિસ્તારની ચર્ચા કરી હતી. તેઓએ બુરનીના વિદેશમંત્રી પ્રિન્સ અબ્દુલ માતીન તથા પાપુઆ ન્યૂ ગિનિના વિદેશમંત્રી, જસ્ટીન ડબલ્યુ તત્કાય શેંકો સાથે સઘન મંત્રણાઓ કરી હતી. ટેક્નોલોજી, આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ વિષે મંત્રણા કરી હતી. ભારતે હાથ ધરેલી એક્ટ ઈસ્ટ પોલીસીના ભાગરૂપે વિદેશમંત્રીએ બુરનીના વિદેશ મંત્રી, પ્રિન્સ અબ્દુલ માલીનને તેમના આ નવા પદ ઉપર કરાયેલી નિયુક્તિ બદલ અભિનંદન આપ્યા હતા.

# ન્યુક્લિયર ડીલ પર ટ્રમ્પનો મોટો દાવ સાઉદી અરેબિયા સામે મૂકી બે શરતો

## પરમાણુ સુવિધા યુએઈ-ઈરાન પાસે રહેલી સુવિધાઓ જેવી જ રહેશે

**અબુધાબી**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરેબિયા સાથેની નાગરિક પરમાણુ ડીલ માટે એક મોટી શરત મૂકી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે સાઉદી અરેબિયાએ ઈઝરાયેલ સાથે સંબંધ સુધારવા માટે અબ્રાહમ એકોર્ડ્સમાં જોડાવું પડશે. આ સિવાય તેમણે લાલ સમુદ્રમાં સાઉદી તેલ ટેન્કરો પર થયેલા હુમલા બાદ હુથી વિદ્રોહીઓ અને ઈરાનને પણ ભારે પરિણામો ભોગવવાની ધમકી આપી છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે, 'અમેરિકી ઊર્જા વિભાગ અને સાઉદી અરેબિયા વચ્ચે થઈ રહેલો સિવિલ ન્યુક્લિયર કરાર ફક્ત ગેર-સૈન્ય ઉપયોગ માટે છે. આમાં યુરેનિયમ સંવર્ધનની મંજૂરી આપવામાં આવશે નહીં. આ કરારની મંજૂરી સંપૂર્ણપણે સાઉદી અરેબિયાના અબ્રાહમ એકોર્ડ્સમાં સામેલ થવાની શરત પર જ નિર્ભર રહેશે.' આ પરમાણુ સુવિધા યુએઈ અને ઈરાન પાસે રહેલી સુવિધાઓ જેવી જ રહેશે. તેમણે યાદ અપાવ્યું કે 1 વર્ષ પહેલા અમેરિકાએ કોમર્શિયલ જહાજો પરના હુમલાના જવાબમાં હુથીઓ સામે સખત સૈન્ય કાર્યવાહી કરી હતી.

# પાંચ વર્ષમાં બેન્કો, નાણાં સંસ્થાઓમાં રૂપિયા ૧.૪૨ લાખ કરોડના ફ્રોડ કિસ્સા

**નવી દિલ્હી**

છેલ્લા પાંચ નાણાકીય વર્ષ દરમિયાન બેંકો તથા નાણાકીય સંસ્થાઓમાં રૂ. ૧.૪૨ લાખ કરોડના ફ્રોડના કિસ્સા નોંધાયા છે. જે પૈકીની કુલ રૂ. ૬,૩૮૯ કરોડની રકમ આ સમયગાળામાં રિકવર કરવામાં આવી હોવાનું રાજ્યસભામાં જણાવાયું હતું. એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કેન્દ્રના રાજ્યકક્ષાના નાણાં મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, રિઝર્વ બેંકે નાણાં મંત્રાલયને આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે, મધ્યસ્થ બેંક વિલફુલ ડિફોલ્ટર્સ સામે લેવાયેલાં પગલાંનો રેકોર્ડ જાળવતી નથી. જોકે જાહેર ક્ષેત્રની બેંકોની માહિતી અનુસાર, ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં ૧૫,૫૭૭ વિલફુલ ડિફોલ્ટર્સ વિરુદ્ધ રિકવરી માટેના કેસ દાખલ કરાયા હતા.

# જામનગર કોલેજના ચેક કૌભાંડમાં 3 પોલીસ અધિકારીને 'શો કોઝ'

## રોગી કલ્યાણ સમિતિના ખાતામાંથી કુલ 15 ચેકો દ્વારા રૂ. 1,36,19,350 જેટલી માતબર રકમ અલગ અલગ ખાતામાં ટ્રાન્સફર કરાઈ હતી

**જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજમાં રોગી કલ્યાણ સમિતિના ખાતામાંથી થયેલા રૂ. 1.36 કરોડના ચેક કૌભાંડમાં જામનગર સેશન્સ કોર્ટે સૌથી મોટો અને કડક આદેશ આપ્યો છે. આ કેસની સુનાવણી દરમિયાન કોર્ટે તપાસની દિશા પર ગંભીર સવાલો ઉઠાવીને આ કેસના ત્રણ ઈન્વેસ્ટિગેટિંગ પોલીસ અધિકારીઓને 'શો કોઝ' (કારણ દર્શાવો) નોટિસ ફટકારી છે. ખુલ્લી અદાલતમાં ત્રણેય પોલીસ અધિકારીઓનો ઉધડો લેતા વેધક સવાલ કર્યો હતો કે, જ્યારે આ કેસમાં કોલેજના ડીન સીધી રીતે એક્સક્યુઝ (આરોપી/જવાબદાર) હોવા છતાં શા માટે તેમને આરોપી બનાવવાને બદલે તેમનો સતત બચાવ કરવામાં આવી રહ્યો છે? તપાસ એજન્સીની આ શંકાસ્પદ કામગીરી સામે લાલ આંખ કરતા કોર્ટે આગામી 27મી તારીખ સુધીમાં ત્રણેય અધિકારીઓને આ અંગેનો સ્પષ્ટ ખુલાસો કરવા આદેશ આપ્યો છે, જેનાથી સમગ્ર પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ સમગ્ર મામલાની વિગતો તપાસીએ તો, રોગી કલ્યાણ સમિતિના ખાતામાંથી કુલ ૧૫ ચેકો દ્વારા રૂ. 1,36,19,350 જેટલી માતબર રકમ અલગ અલગ ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. જોકે, એફએસએલ ના રિપોર્ટમાં એ મોટો ઘટસ્ફોટ થયો છે કે માત્ર બે જ ચેકમાં સહી જોવાની ગડબડ છે, જ્યારે બાકીના 13 ચેક પર તો કોલેજના ડીનની પોતાની જ અસલ સહીઓ રહેલી છે. બચાવ પક્ષના વકીલ દ્વારા કોર્ટમાં દલીલ કરવામાં આવી હતી કે, અરજદાર શોભિત ગર્ગ માત્ર એક કરાર આધારિત કર્મચારી છે અને તેને કોઈ પણ પ્રકારની નાણાકીય સત્તા કે ચેક પર સહી કરવાનો અધિકાર જ નથી. વધુમાં, બેંકના નિયમો મુજબ પાંચ લાખથી વધુની રકમના વ્યવહાર માટે 'પોઝિટિવ પે સિસ્ટમ' અને આર.ટી.જી.એસ. ફોર્મ ભરવા ફરજિયાત હોય છે, જેમાં પણ સત્તાવાર અધિકારી એટલે કે ડીનની જ સહીઓ આવશ્યક બને છે. આ કૌભાંડમાં ખોટી રીતે ફસાવી દેવા અંગે આરોપી શોભિત ગર્ગે પોતાની ધરપકડ થાય તે પહેલા જ જિલ્લા પોલીસ અધિક્ષક ને એક લેખિત અરજી આપી હતી. આ પત્રમાં તેણે ચોખવટ કરી હતી કે તેણે ડીનની સૂચના અને આદેશ મુજબ જ બેંકના કામકાજો કર્યા હતા અને ડીનની સહીવાળા ચેકો જમા કરાવ્યા હતા.

ચોંકાવનારી બાબત એ છે કે, ડીન દ્વારા શોભિતને રૂબરૂ બોલાવીને આ સમગ્ર ગુનાનો દોષ પોતાના માથે લઈ લેવા માટે ભારે દબાણ કરવામાં આવ્યું હતું અને જો તે કબૂલાત નહીં કરે તો તેને પોલીસના હવાલે કરી દેવાની અને તેના ભવિષ્યને નુકસાન પહોંચાડવાની સીધી ધમકીઓ પણ આપવામાં આવી હતી.

# હાલારમાં ચાંદીપુરાનો ભય : દેવભૂમિ દ્વારકાના ૨ બાળકો સહિત ૩ના મોત

**જામનગર**

જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસોને લઈને સારવાર ચાલી રહી છે. આજે સારવાર દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકાના એક બાળક તથા કલ્યાણપુરના એક બાળક સહિત બે બાળકોના મૃત્યુ નીપજતાં આરોગ્ય તંત્રમાં ચિંતા વ્યાપી છે.

જી.જી. હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ચાંદીપુરાના શંકાસ્પદ કુલ છ બાળ દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. તેમાં સૌપ્રથમ જામનગરના એક શંકાસ્પદ ચાંદીપુરા ના કેસના સંદર્ભમાં દાખલ થયેલા એક બાળદર્દીના મૃત્યુ ના બનાવ પછી આજે મૃત્યુ પામેલા દેવભૂમિ દ્વારકાના બે બાળકો સહિત કુલ ત્રણ બાળકોના મોત થયા છે. મૃત્યુ પામેલા બાળકોમાં જામનગર જિલ્લાના એક બાળક તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના બે બાળકોનો સમાવેશ થાય છે. હાલ હોસ્પિટલમાં વધુ ત્રણ બાળકો સારવાર હેઠળ છે, જેમાં જામનગર શહેરનો એક તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના બે બાળકોનો સમાવેશ થાય છે.

આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, જામનગર જિલ્લાના બંને બાળકોના ચાંદીપુરા વાયરસના પરીક્ષણના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

# વિસાવદરમાં નબળા સંગઠનને કારણે ભાજપ હાર્યું છે : પૂર્વ મંત્રી કનુ ભાલાળાની કબૂલાત

**જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં વિસાવદરના આપ ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા દ્વારા કરવામાં આવેલા આક્ષેપો બાદ પૂર્વ મંત્રી કનુભાઈ ભાલાળાએ મૌન તોડ્યું છે. તેમણે એક મહત્વપૂર્ણ નિવેદનમાં સ્વીકાર્યું છે કે વિસાવદરમાં ભારતીય જનતા પાર્ટીનું સંગઠન નબળું છે. સંગઠનની નિષ્ક્રિયતા અને નબળાઈના કારણે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલ તથા તેમના કાર્યકાળ દરમિયાન થયેલા ઐતિહાસિક વિકાસકામોને ભાજપનું સંગઠન પ્રજા સમક્ષ રજૂ



કરવામાં નિષ્ફળ નિવડ્યું હતું, જેના કારણે વિસાવદરમાં પાર્ટીની હાર થઈ. તાજેતરમાં સંકલન બેઠકમાં ગોપાલ ઈટાલિયાએ આક્ષેપ કર્યો હતો કે સરકાર પૂર્વ મંત્રીના કાલાવડ ગામમાં ગ્રામ પંચાયત પણ બનાવી શકતી નથી.

તેના જવાબમાં કનુભાઈ ભાલાળાએ જણાવ્યું કે, કાલાવડ ગામમાં જૂની ગ્રામ પંચાયત, કોમ્યુનિટી હોલ, સરકારી ગોડાઉન અને આંબેડકર ભવન ઉપલબ્ધ છે. ચાર વર્ષ પહેલાં નવી પંચાયત મંજૂર થઈ હતી, પરંતુ કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે કામ અટકેલું છે.

ઈટાલિયા પર નિશાન સાધતા તેમણે ઉમેર્યું કે, "છેલ્લા 14 વર્ષથી હું ધારાસભ્ય નથી. વર્તમાન ધારાસભ્ય તરીકે ગોપાલ ઈટાલિયાની જવાબદારી બને છે કે તેઓ અટકેલા કામો પૂર્ણ કરાવે. માત્ર સોશિયલ મીડિયામાં વાતો કરવાથી કે બહુરૂપી જેવા ખેલ કરવાથી પ્રજાના પ્રશ્નો ઉકેલાતા નથી."

# અંકલેશ્વરમાં 40 લાખનું MD ડ્રગ્સ જપ્ત

## રેડ દરમિયાન 'મ્યાઉં મ્યાઉં' ડ્રગ્સના ઉત્પાદન માટે વપરાતું કેમિકલ મળ્યાની શંકા

**ભરૂચ**

ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાંથી ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા કારોબારીઓ સામે દિલ્હી અને સુરત DRI ની ટીમે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગડખોલ વિસ્તારમાં આવેલી ઉમિયા ફાર્મ સોસાયટીમાં એક મકાન ભાડે રાખીને ગુપ્ત રીતે ચલાવવામાં આવતી ડ્રગ્સ ફેક્ટરી પર સંયુક્ત દરોડા પાડીને કરોડોના કાળા કારોબારનો ખુલાસો કરવામાં આવ્યો છે. DRI દ્વારા સ્થળ પરથી આશરે રૂ.40 લાખની કિંમતનું MD ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. ડ્રગ્સના આ ગેરકાયદેસર કારોબારમાં સંકળાયેલા 3 શંકાસ્પદ વ્યક્તિઓની ઘટનાસ્થળેથી જ અટકાયત કરી લેવામાં આવી છે.

દરોડા બાદ ટીમે સમગ્ર મકાનને સીલ કરી દીધું છે અને ડ્રગ્સ બનાવવા માટેનું કાચું મટીરિયલ ક્યાંથી લાવવામાં આવતું હતું તેમજ આ ડ્રગ્સનો સપ્લાય ક્યાં થવાનો હતો તે દિશામાં ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. અંકલેશ્વર જેવા ઔદ્યોગિક વિસ્તારમાં રહેણાંક સોસાયટીમાંથી ડ્રગ્સ ફેક્ટરી ઝડપાતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

અન્ય એક ઘટનામાં અંકલેશ્વરના ગડખોલ વિસ્તારમાં આવેલી ભાવના ફાર્મ સોસાયટીના એક મકાનમાં ડ્રગ્સની મિનિ ફેક્ટરી ચાલી રહી હોવાની માહિતીના આધારે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન DRIની ટીમે 2-બ્રોમો-4-મેથાઈલપ્રોપિયોફેનોન નામનું કેમિકલ જપ્ત કર્યું છે. પ્રાથમિક તપાસમાં આ કેમિકલનો ઉપયોગ MD (મેફેડ્રોન) નામના નશીલા પદાર્થના ઉત્પાદન માટેના રો મટીરિયલ તરીકે થતો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# બાળકી પર દુષ્કર્મ ગુજારી ગુપ્ત ભાગે દારૂ રેડનારાને આજીવન કેદની સજા

**અમદાવાદ**

નિકોલ વિસ્તારમાં વર્ષ ૨૦૨૦માં માત્ર ૯ વર્ષની માસૂમ બાળકીને લાલચ આપીને પીંખી નાખી ગુપ્ત ભાગે દારૂ રેડનાર અને તેની સાથે અત્યંત ઘૃણાસ્પદ કૃત્ય આચરનારા આરોપી સામે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. પોક્સો કોર્ટના ખાસ ન્યાયાધીશ બી. એસ. મહેતાએ તમામ પુરાવા અને સાક્ષીઓની જુબાની ધ્યાને લઈ આરોપીને આજીવન કારાવાસ (મૃત્યુ સુધીની કેદ) અને રૂ. ૬.૩૫ લાખના દંડની સજા સંભળાવી છે. કોર્ટે આદેશ કર્યો છે કે દંડની સંપૂર્ણ રકમ પીડિત માસૂમ બાળકીને વળતર તરીકે આપવામાં આવે.નિકોલ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૦માં નોંધાયેલી ફરિયાદ મુજબ, મૂળ રાજસ્થાનનો આરોપી મુકેશ પઢીયાર અને ૯ વર્ષની પીડિત બાળકીના ઘર સામસામે આવેલા હતા. ઘટનાના દિવસે આરોપી મુકેશે માસૂમ બાળકીને સમોસા ખવડાવવાની લાલચ આપી હતી અને દુકાનેથી સમોસા અપાવી પોતાના ઘરની પાછળ આવેલી ઝાડીઓમાં ખેંચી ગયો હતો. ત્યાં તેણે બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આટલેથી ન અટકતાં નરાધમે બાળકીના ગુપ્ત ભાગે શરાબ (દારૂ) રેડ્યો હતો અને તેને ઢોરમાર માર્યો હતો.

# રાજપીપળામાં 400 વર્ષ જૂના ઐતિહાસિક હરસિદ્ધિ માતાજીના મંદિરમાં ચોરી થતાં રોષ

**અમદાવાદ**

રાજપીપળા શહેરમાં 400 વર્ષ જૂના અને લોકોની શ્રદ્ધાના કેન્દ્રસ્થાન એવા હરસિદ્ધિ માતાજીના મંદિર પરિસરમાં ચોરીના સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા છે. આ ઘટના બહાર આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. અહીંના ઐતિહાસિક મંદિરમાં રાત્રીના સમયે એક શખ્સ પરિસરમાં ઘુસી ગયો હતો અને તેણે દાનપેટીનું તાળું તોડી રોકડ રકમની ચોરી કરી હતી. મળતી માહિતી અનુસાર અહીં આજુબાજુના બાંધકામો તોડી પાડવામાં આવ્યા હોવાથી કે દિવાલ કૂદી અંદર ઘુસી ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ મામલે આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ સ્થળ પરથી આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આટલા મોટા યાત્રાધામમાં સુરક્ષા વ્યવસ્થા સાવ નહિવત છે. મંદિરમાં રાત્રિના સમયે માત્ર એક જ ચોકીદાર હોય છે, અને બહારના ભાગે સીસીટીવી કેમેરા કે પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો નથી. મંદિરની આસપાસના જૂના ઘરો તોડી પાડવામાં આવ્યા છે, છતાં તંત્ર કે મંદિરના હોદેદારો દ્વારા કોઈ યોગ્ય સુરક્ષા પગલાં લેવાયા નથી.

ઘટનાની જાણ થતાં શ્રદ્ધાળુઓ મંદિરની સઘન સુરક્ષા માટેની માગણી કરી હતી.

# પાલીતાણાની બે ધર્મશાળાના નામે ફેક વેબસાઈટ બનાવી ઓનલાઈન છેતરપિંડી

**ભાવનગર**

જિલ્લાના પ્રસિદ્ધ તીર્થધામ પાલીતાણામાં મેવાડ ભવન ધર્મશાળા અને સુણતર ભવન ધર્મશાળાના નામે અજાણ્યા શખસોએ નકલી (ફેક) વેબસાઈટો બનાવીને યાત્રિકો સાથે નાણાકીય છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. આ સમગ્ર મામલે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

બનાવની વિગત અનુસાર, બંને ધર્મશાળાનું મેનેજમેન્ટ સંભાળતા વિશાલભાઈ મનસુખભાઈ દેવલુકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, પાલીતાણા આવતા યાત્રિકો અગાઉથી ઓનલાઈન બુકિંગ કરાવ્યું હોવાનું કહીને રૂમની માંગણી કરતા હતા. જોકે ધર્મશાળાના રેકોર્ડમાં આવું કોઈ બુકિંગ ન દેખાતા, મેનેજમેન્ટે યાત્રિકો પાસેથી બુકિંગ કરાવેલી વેબસાઈટની વિગતો મેળવી હતી.

રૂમ બુકિંગના નામે પૈસા પડાવવા ફેક વેબસાઈટ બનાવી તપાસ કરતા માલૂમ પડ્યું કે, ઠગબાજોએ બંને ધર્મશાળાના નામ, સરનામા અને ફોટોગ્રાફ્સનો ગેરકાયદે ઉપયોગ કરીને ફેક વેબસાઈટો બનાવી હતી. આ વેબસાઈટના માધ્યમથી યાત્રિકોને વિશ્વાસમાં લઈ રૂમ બુકિંગના બહાને તેમની પાસેથી ઓનલાઈન નાણાં પડાવી લેવામાં આવતા હતા.

આ છેતરપિંડી અંગે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધ્યો છે.

દિલ્હીમાં નીટ પેપર લીક, શિક્ષણ વ્યવસ્થા સહિતના મુદ્દે યુવાનોની જંતર મંતરેથી સંસદ માર્ચ કાઢતાં પોલીસનો લાઠીચાર્જ કર્યો હતો


# વિદ્યાર્થીઓ ઉપર લાઠીચાર્જ મુદ્દે દેશમાં ઉગ્ર વિરોધ-પ્રદર્શન

મધ્ય દિલ્હીમાં ઇન્ટરનેટ સસ્પેન્ડ, સંસદ માર્ગ પર ફરી ટીયર ગેસ શેલિંગ

બિહારમાં પ્રદર્શનકારી યુવાનોનો રાજભવન ઘેરવા પ્રયાસ, વોટર કેનનો મારો ચલાવ્યો

રાહુલ ગાંધીના કૃત્ય સામે ભાજપ કાર્યકરો દ્વારા કોંગ્રેસ કાર્યાલયો પર જઈ દેખાવો









**નવી દિલ્હી**

દિલ્હીમાં વડાપ્રધાન આવાસ બહાર પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસના નેતાઓની અટકાયત અને ઘર્ષણ તેમજ વિદ્યાર્થીઓ પર દિલ્હી પોલીસના લાઠીચાર્જ મુદ્દે કોંગ્રેસે દેશમાં અનેક સ્થળે દેખાવો કર્યા હતા. જે દરમિયાન કોંગ્રેસના અનેક નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે ભાજપના નેતાઓ દ્વારા કોંગ્રેસ કાર્યાલયો બહાર દેખાવો કરવા પ્રયાસ થયો હતો તેથી સામસામે ઘર્ષણ પણ જોવા મળ્યું હતું. દરમિયાન દિલ્હીમાં શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો અન્ય રાજ્યો સુધી ફેલાઈ રહ્યા છે. જ્યારે દિલ્હીમાં ફરી ટીયર ગેસના શેલ છોડાયા હતા અને જંતર મંતર આસપાસ ઈન્ટરનેટ સેવા સસ્પેન્ડ કરાઈ છે.

દિલ્હીના જંતર મંતરેથી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો અન્ય રાજ્યો સુધી પહોંચ્યા છે, બિહારમાં વિદ્યાર્થીઓ યુવાનો દ્વારા રાજ્યપાલના રાજભવનનો ઘેરાવ કરવા પ્રયાસ થયો હતો આ દરમિયાન દિલ્હીની જેમ આ વિદ્યાર્થીઓને રોકવા માટે પણ ટીયર ગેસના શેલ છોડાયા અને વોટર કેનનો મારો ચલાવવામાં આવ્યો હતો. દરમિયાન કોંગ્રેસ અને ભાજપ બન્ને દ્વારા પણ સામસામે વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યા હતા.

તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં ભાજપ અને કોંગ્રેસ કાર્યકર્તાઓ વચ્ચે ભારે ઘર્ષણ થતા એક મહિલા પોલીસ કોન્સ્ટેબલ ઘાયલ થઈ હતી, તેમજ એક વ્યક્તિને પણ ઈજા પહોંચી હતી. કોંગ્રેસ અને ભાજપ બન્ને એકબીજાની ઓફિસ કે કાર્યાલયે ધરણા પ્રદર્શનો કરવા જઈ રહ્યા હતા ત્યારે આ ઘર્ષણ થયું હતું.

આંધ્ર પ્રદેશના વીજયવાડામાં પણ કોંગ્રેસ અને ભાજપ કાર્યકર્તાઓ સામસામે ટકરાયા હતા, પટણામાં પણ આ જ સ્થિતિ જોવા મળી હતી. ભાજપે બિહાર પ્રદેશ કોંગ્રેસ કમિટીના હેડક્વાર્ટર સુધી રેલી કરી હતી.

## સોનમ વાંગચૂકે 27મા દિવસે ભૂખ હડતાળ સમાપ્ત કરી

નીટ (NEET) પેપર લીક અને વિદ્યાર્થીઓને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને લઈને છેલ્લા ૨૬ દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા જાણીતા પર્યાવરણવિદ્ અને શિક્ષણવિદ્ સોનમ વાંગચુકે અંતે પોતાના અનશનનો અંત આણ્યો છે. શુક્રવારે તેમના આંદોલનનો ૨૭મો દિવસ હતો. સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહે ગુરુગ્રામની હોસ્પિટલ પહોંચીને વાંગચુકને જ્યુસ પીવડાવીને પારણા કરાવ્યા હતા.

## વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવા સરકાર તૈયાર છે : મંત્રી જિતેન્દ્રસિંહ

નવી દિલ્હી : દેશભરમાં ઉગ્ર બનેલા વિરોધ પ્રદર્શનને પગલે સરકારની ચિંતા વધતાં તે બેકફુટ પર ગઈ હોય તેમ કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિહે જણાવ્યું હતું કે, બુધવાર અને ગુરૂવાર સુધી પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને કુલ ચાર પ્રસ્તાવ મોકલવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓની સુવિધા માટે સરકાર વાતચીત કરવા માટે તૈયાર છે. એમને જે કંઈ શરત છે એના ઉપર પણ ચર્ચા કરવા માટે તૈયાર છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ વિષય પર ખૂબ જ સંવેદનશીલ છે. વિદ્યાર્થીઓ શાંતિથી સંવાદ કરવા માટે આગળ આવે. વાતચીત કરવાથી જ સમાધાન મળશે. વિરોધ પ્રદર્શનના કારણે મામલે હવે ગંભીર બની રહ્યો છે. કેન્દ્રીય મંત્રી જે.પી.નડ્ડા પણ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે. મંત્રીએ કહ્યું કે, સરકાર વાતચીત કરવા માટે તૈયાર છે, પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે.ઘર કે મંત્રાલયમાં-વાતચીત માટેના દ્વાર સરકાર તરફથી ખુલ્લા છે.

### ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સિવાય કંઇ ચલાવી નહીં લેવાય : વિપક્ષ

રાહુલ ગાંધીએ શિક્ષણમંત્રીને પદ પરથી હટાવવા, PM વિદ્યાર્થીઓની માફી માંગે અને હિંસા કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાની માગણીઓ ફરી રજૂ કરી હતી. સમાજવાદી પાર્ટીના સાંસદ રામગોપાલ યાદવે લાઠીચાર્જ કરનારાઓ સામે વિરોધ નોંધાવ્યો હતો.

**સુપ્રીમ કોર્ટે શું કહ્યું**

## લાઠીચાર્જના વીડિયો જોવામાં રસ નથી, અમારો સમય ના બગાડો

નીટ પેપર લીક, શિક્ષણ વ્યવસ્થા સહિતના મુદ્દે સોમવારે મોટી સંખ્યામાં યુવાનોએ જંતર મંતરેથી સંસદ માર્ચ કાઢી હતી. આ દરમિયાન પોલીસ દ્વારા બર્બર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો, વિદ્યાર્થિનીઓ સાથે અડપલાના વીડિયો પણ સામે આવ્યા છે. આ તમામ મુદ્દાને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટમાં લેટર પિટિશન કરવામાં આવી છે. આ મુદ્દે સુઓમોટો નોંધ લઈને ઉપરાંત તાત્કાલીક સુનાવણી કરવાની માગ કરાઈ હતી, જોકે સુપ્રીમના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ના પાડી દીધી હતી સાથે જ કહ્યું હતું કે અમારો સમય બરબાદ ના કરો. પોલીસના લાઠીચાર્જના વીડિયો જોવાની પણ તેમણે ના પાડી દીધી હતી. બીજી તરફ દિલ્હી હાઈકોર્ટે પોલીસના અત્યાચારોના વીડિયોને સાચવવા કહ્યું છે સાથે જ કેન્દ્ર સરકાર અને પોલીસ પાસેથી સમગ્ર મામલે જવાબ માગ્યો છે. હાઈકોર્ટે દિલ્હી પોલીસને કહ્યું છે કે તમામ ઘટનાઓના વીડિયોને સાચવીને રાખવામાં આવે. જવાબ આપવા માટે કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને ચાર સપ્તાહનો સમય આપ્યો છે, હવે ૧૧મીએ વધુ સુનાવણી થશે.

**PM મોદીએ શું કહ્યું**

## યુવાનોના ભવિષ્ય સાથે રમત કરનારને છોડવામાં નહીં આવે

પેપર લીક થયા બાદ ઉગ્ર દેખાવો કરનારા કોકરોચ જનતા પાર્ટી અને વિપક્ષ હજુ આક્રમક વલણ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પેપર લીકની ઘટનાઓ સામે સરકારના આકરા વલણની જાહેરાત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે દેશના યુવાનોનું હિત અને તેમનું ભવિષ્ય સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે. યુવાનોના ભવિષ્ય સાથે ખિલવાડ કરનારા કોઈપણ દોષિતને બક્ષવામાં આવશે નહીં. પેપર લીકના તમામ કેસોના ઝડપી નિકાલ અને દોષિતોને વહેલામાં વહેલી તકે કઠોરમાં કઠોર સજા સુનિશ્ચિત કરવા માટે સરકારે 'ફાસ્ટ ટ્રેક કોર્ટ' ની રચના કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. આ સંદર્ભે સંબંધિત વિભાગો અને અધિકારીઓને જરૂરી તમામ કાર્યવાહી ત્વરિત ધોરણે હાથ ધરવા માટે આદેશ આપી દેવામાં આવ્યા છે. વડાપ્રધાને ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓના હિતોને સુરક્ષિત કરવા માટે સરકાર દ્વારા સતત લેવામાં આવી રહેલા નિર્ણયોની શ્રેણીમાં આ એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સખત પગલું છે, જેનાથી ભવિષ્યમાં આવી ગડબડો અટકાવી શકાશે.

**સંરક્ષણ મંત્રીએ શું કહ્યું**

## વિપક્ષ જાણી જોઈને લોકો વચ્ચે ગુસ્સો ભડકાવવાની કોશિશ કરે છે

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન વિરોધ પ્રદર્શન અને રસ્તાઓ પર થઈ રહેલા વિદ્યાર્થી આંદોલનોને લઈને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિપક્ષ પર તીખા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે, દેશના યુવાનો અને વિદ્યાર્થીઓને રાજકીય મહોરું બનાવીને ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓ અને યુવાનોના કલ્યાણ તથા તેમની આકાંક્ષાઓને પૂરી કરવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. રાજનાથ સિંહે કહ્યું, 'મને પૂરો વિશ્વાસ છે કે, ભારતનો સમજદાર અને પરિપક્વ યુવા આ પ્રકારના રાજકીય કાવતરાંને સારી રીતે સમજે છે. તેઓ કોઈની ઉશ્કેરણીમાં આવવાને બદલે વિકાસ અને રાષ્ટ્ર નિર્માણના રસ્તાને પસંદ કરશે. અમારી સરકાર એ સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે કે, કોઈ પણ યુવા કે, વિદ્યાર્થી સાથે કોઈ અન્યાય ન થાય.' રાજનાથ સિંહે આરોપ લગાવ્યો કે, વિપક્ષના કેટલાક નેતાઓ જાણી જોઈને લોકો વચ્ચે ગુસ્સો ભડકાવવાની, અને અસંતોષનો ખોટો માહોલ ઊભો કરવાની કોશિશ કરી રહ્યા છે.

# આસામમાં પૂર : 31થી વધુના મોત, 24 લાખ લોકો પ્રભાવિત

## બ્રહ્મપુત્રા નદીએ ભયજનક સપાટી વટાવી, 30થી વધુ જિલ્લામાં પૂરની વિકટ સ્થિતિ, કાઝીરંગાનો 70 ટકા વિસ્તાર પાણીમાં ડૂબી ગયો

**ઈમ્ફાલ**

સતત વરસી રહેલા મુસળધાર વરસાદ અને ઉપરવાસના પાણીના પ્રચંડ પ્રવાહને કારણે રાજ્યમાં પૂરની પરિસ્થિતિ અત્યંત ગંભીર અને ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. બ્રહ્મપુત્રા સહિતની મુખ્ય નદીઓ ભયજનક સપાટી વટાવીને ઉફાણે વહી રહી છે, જેના કારણે ગામડાંઓથી લઈને શહેરો સુધી ચારેય તરફ માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યું છે. લાખો લોકો વિસ્થાપિત થયા છે અને જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે. સ્થાનિક વહીવટીતંત્ર, બચાવ ટુકડીઓ અને સુરક્ષા દળો દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચલાવવામાં આવી રહી છે. સરકારી આંકડા (ASDMA) અનુસાર, પૂરના પાણીમાં વહી જવાથી અને ભૂસ્ખલનને કારણે અત્યાર સુધીમાં ૩૧થી વધુ લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જેમાં શિવસાગર જિલ્લામાં જ સૌથી વધુ ૧૩ લોકોએ જીવ ગુમાવ્યો છે.



હાલની પરિસ્થિતિ અને આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, આસામના ૩૦થી વધુ જિલ્લાઓ આ ભયાનક પૂરની સીધી અસરમાં આવ્યા છે, જેમાં ધુબરી, કાઝીરંગા, બારપેટા, નગાંવ અને કચર જેવા વિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા છે. અત્યાર સુધીમાં અંદાજે ૨૪ લાખથી પણ વધુ વસ્તી આ કુદરતી આપદાનો ભોગ બની છે. હજારો મકાનો કાં તો પાણીમાં વહી ગયા છે અથવા તો સંપૂર્ણપણે ડૂબી ગયા છે, જેના કારણે ૬૦,૦૦૦ થી પણ વધુ લોકોને પોતાના ઘર છોડીને સરકાર દ્વારા બનાવાયેલા રાહત શિબિરોમાં આશ્રય લેવાની ફરજ પડી છે. આસામની જીવાદોરી ગણાતી બ્રહ્મપુત્રા નદી તેની તમામ સહાયક નદીઓ જેમ કે બેકી, કોપીલી અને ડિસાંગ સાથે અનેક સ્થળોએ ભયજનક સપાટી વટાવીને વહી રહી છે, જેનાથી તટીય વિસ્તારોમાં પૂરનું જોખમ સતત વધી રહ્યું છે. માનવજીવનની સાથે સાથે રાજ્યના વન્યજીવો પર પણ આ પૂર ભારે આફત બનીને તૂટી પડ્યું છે. વિશ્વપ્રસિદ્ધ કાઝીરંગા નેશનલ પાર્કનો ૭૦ ટકાથી પણ વધુ વિસ્તાર પાણીમાં ડૂબી ગયો છે. દુર્લભ એવા એકશિંગી ગેંડા, હરણ અને વાઘ જેવા અનેક વન્યજીવો પોતાનો જીવ બચાવવા માટે પાર્કની સરહદ છોડીને કારબી આંગલોંગની ઊંચી પહાડીઓ તરફ પ્રયાણ કરી રહ્યા છે.

# જમ્મુ-કાશ્મીર અને હિમાચલમાં પૂરથી 100 ગામ સંપર્ક વિહોણા : અમરનાથ, વૈષ્ણો દેવી યાત્રા સ્થગિત

## ભારે વરસાદને લીધે અમરનાથ, વૈષ્ણો દેવી અને શિવખોડી યાત્રા સતત ત્રીજા દિવસે પણ બંધ

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ સહિત ઉત્તર ભારતના પહાડી રાજ્યોમાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા અવિરત વરસાદે ભારે તબાહી મચાવી છે. પૂર, વાદળ ફાટવાની ઘટનાઓ અને સતત થઈ રહેલા ભૂસ્ખલનના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. જમ્મુ-કાશ્મીરના પહાડી વિસ્તારોમાં 100થી પણ વધુ ગામડાઓનો મુખ્ય જિલ્લા મથકો સાથેનો સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો છે, જેના કારણે હજારો લોકો ઘરોમાં કેદ



થવા મજબૂર બન્યા છે. કુદરતી હોનારત અને માર્ગો પર સર્જાયેલા જોખમને ધ્યાનમાં રાખીને પ્રશાસન દ્વારા મહત્વના નિર્ણય લેવાયા છે. જે અંતર્ગત પવિત્ર શ્રી અમરનાથ યાત્રા, માતા વૈષ્ણો દેવી યાત્રા અને શિવખોડી યાત્રા સતત ત્રીજા દિવસે પણ સ્થગિત રાખવામાં આવી છે. ઉધમપુર અને રામબન જિલ્લામાં પહાડો પરથી પથ્થરો અને માટી ધસી પડવાને કારણે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે ઠપ્પ થઈ ગયો છે. જમ્મુ-પઠાણકોટ હાઈવે પર પણ પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર કલાકો સુધી ખોરવાયો હતો. તાવી, ચેનાબ સહિતના મુખ્ય નદી-નાળા બે કાંઠે વહી રહ્યા છે. રિયાસી ખાતે ચેનાબ નદી પર બનેલા સલાલ ડેમના તમામ દરવાજા સાવચેતીના ભાગરૂપે ખોલી દેવામાં આવ્યા છે.

# મહારાષ્ટ્રમાં 17 વર્ષીય કિશોરની હત્યા, પોલીસે આરોપીઓને બોનેટ પર બેસાડી જુલૂસ કાઢ્યું

**કટરા**

મહારાષ્ટ્રની સાંસ્કૃતિક રાજધાની તરીકે જાણીતા પુણેના કત્રજ વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થા અને માનવીય સંવેદનશીલતા પ્રત્યે અંતરાત્માને હચમચાવી નાખે તેવી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સોમવારે રાત્રે, 7 લોકોના જૂથે 17 વર્ષીય કિશોરની ક્રૂરતાથી હત્યા કરી દીધી હતી અને તેના પર લોખંડના રોડથી હુમલો કર્યો હતો. આ ઘટનાથી વિસ્તારમાં તણાવનું વાતાવરણ સર્જાયું છે. દરમિયાન, આ ઘટનાથી ગુસ્સે થયેલા પીડિત પરિવારે પોલીસ સ્ટેશનની બહાર ભારે હોબાળો મચાવ્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા અને આરોપીઓમાં ભય પેદા કરવા માટે, પોલીસે ધરપકડ કરાયેલા આરોપીઓને પોલીસ વાનના બોનેટ સાથે બાંધીને ભારે વરસાદ વચ્ચે શહેરમાં જુલૂસ કાઢ્યું હતું.

# અયોધ્યા રામ મંદિરમાં દાનની ચોરી, ભ્રષ્ટાચાર કરનારાઓને ફાંસીની સજા થવી જોઈએ : કોર્ટ

## ટ્રસ્ટની મહત્ત્વની બેઠક: 5 સંતોને જવાબદારી સોંપવા સહિત લેવાયા અનેક નિર્ણયો

**પ્રયાગરાજ**

રામમંદિર અને કોર્ટને જબરું લેણુ લાગે છે, પહેલા રામમંદિર હતું કે નહીં તે માટે કોર્ટમાં સંઘર્ષ હતો. હવે તે ઉકેલાયા પછી રામમંદિરમાં ચઢાવાની ચોરીને લઈને હાઈકોર્ટમાં વિવાદ ગયો છે. આમ રામમંદિર સાથે વિવાદ નિશ્ચિત છે. તેના કારણે હાઈકોર્ટના અકળાયેલા ન્યાયાધીશ અતુલ શ્રીધરને કહેવું પડયું હતું કે આ તો હદ થઈ, કમસેકમ મંદિરને તો આ પ્રકારની ચોરીમાંથી બક્ષો.

હાઈકોર્ટના જજે આકરો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે જે લોકોને ચઢાવાની ચોરીની શરમ નથી તે અપ્રામાણિકતાનું નીચલામાં નીચલું સ્તર છે. આ પ્રકારના દોષિતો માટે તો મૃત્યુદંડની જોગવાઈ હોવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે જો રાજ્ય સરકાર ખરેખર ભ્રષ્ટાચાર દૂર કરવા માંગતી હોય તો તેણે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮માં સુધારો કરી ભ્રષ્ટાચારીઓ માટે ફાંસીની જોગવાઈ કરવા પર વિચાર કરવો જોઈએ.

બીજી તરફ અયોધ્યામાં ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્ય ગોપાલ દાસની અધ્યક્ષતામાં શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની મહત્ત્વની બેઠક યોજાઈ હતી. જેમાં આગામી શ્રાવણ મહિનામાં આવનારા શ્રદ્ધાળુઓની સુવિધા, દર્શન વ્યવસ્થા, વહીવટી સુધારા અને મંદિરના પરંપરાગત ધાર્મિક સંચાલનને લઈને અનેક મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. રામ મંદિરના તમામ ધાર્મિક કાર્યોનું સંચાલન હવે સંતોના માર્ગદર્શન હેઠળ જ થશે.

# અનંતનાગમાં આતંકવાદીઓએ હેડ કોન્સ્ટેબલની હત્યા કરી હતી

## હુમલાખોરોને શોધવા સઘન તપાસ અભિયાન શરૂ

**શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં આતંકવાદીઓએ એક હેડ કોન્સ્ટેબલની હત્યા કરી હતી. હત્યાકાંડની આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આતંકવાદીઓએ લાલ ચોક નજીક હેડ કોન્સ્ટેબલ આશિક હુસૈન કુરૈશી પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો જેમાં તેનું મોત નિપજ્યું હતું.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે હેડ કોન્સ્ટેબલ આશિક હુસૈન કુરૈશીને અમરનાથ યાત્રાના યાત્રાળુઓની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા હતા. આતંકીઓએ તેમના પર અનેક ગોળીઓ ચલાવી હતી જે બાદ તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરેલ છે. આ હુમલાની જવાબદારી લશ્કર-એ-તોયબા સાથે જોડાયેલા આતંકી સંગઠન ટીઆરએફએ લીધી હતી. જોકે હુમલાને પગલે સમગ્ર વિસ્તારમાં કોર્ડન કરીને સઘન તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું છે. રાજ્યના ડીજીપી નલીન પ્રભાત હુમલા સ્થળે મુલાકાત માટે પહોંચ્યા હતા.

# ઉત્તરપ્રદેશના સૌથી વૃદ્ધ MLA આલમ બદીનું નિધન, સાદગી-બેદાગ છબીનું ઉદાહરણ હતા

**લખનઉ**

સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને આઝમગઢની નિઝામાબાદ વિધાનસભા બેઠક પરથી પાંચ વખત ધારાસભ્ય રહી ચૂકેલા આલમ બદીનું નિધન થયું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા અને બુધવારે મોડી રાત્રે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ૯૨ વર્ષની વયે તેમના નિધનના સમાચાર મળતા જ આઝમગઢથી લઈને લખનઉ સુધી રાજકીય અને સામાજિક વર્તુળો સહિત સપાના નેતાઓ અને કાર્યકરો શોકમાં છે. આલમ બદી ઉત્તર પ્રદેશના રાજકારણમાં પોતાની સાદગી, ઈમાનદારી અને બેદાગ છબી માટે જાણીતા હતા. તેમનો જન્મ 16 માર્ચ, 1936ના રોજ આઝમગઢમાં થયો હતો અને તેઓ વિંદાવલ વિસ્તારના નિવાસી હતા.

# તેલંગાણાના એન્જિનિયરના ઘરે દરોડા 1 લાખ પગારદાર 150 કરોડનો માલિક

**હૈદરાબાદ**

માસિક એક લાખ રૂપિયાના પગારદાર સરકારી અધિકારી પાસે તપાસમાં 150 કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ હોવાનું બહાર આવતાં તેલંગાણાના એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીઓ પણ ચકિત થઈ ગયા છે. હૈદરાબાદના ખૈરતાબાદમાં રેડકો વિભાગમાં ફરજ બજાવતા ડિવિઝનલ એન્જિનિયર મુત્યમ વેંકટ રમણા સામે આવક કરતાં વધુ સંપત્તિ મેળવવાનો કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીના નિવાસસ્થાન, કાર્યાલય અને તેના સગાંસંબંધીઓના ઠેકાણાઓ પર એકસાથે દરોડા પાડ્યા હતા, જ્યાંથી મળી આવેલો અકલ્પિત ખજાનો જોઈને તપાસ ટીમના અધિકારીઓના પણ હોશ ઉડી ગયા હતા. પ્રાથમિક તપાસમાં જ અધિકારીએ 150 કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની અચલ અને જંગમ મિલકતોના માલિક હોવાનું સ્પષ્ટ થયું છે. તપાસ દરમિયાન 4 ફ્લેટના દસ્તાવેજો મળ્યા છે, જેની રજિસ્ટર્ડ કિંમત 1.23 કરોડ રૂપિયા છે. તે ઉપરાંત કુકટપલ્લીના અંજનેય નગરમાં જી+પ્લસ 3 અને સેરિલિંગમપલ્લીમાં જી+પ્લસ પાંચ માળનું કોમર્શિયલ બિલ્ડિંગ મળ્યું છે, વધુ ઊંડાણપૂર્વકની તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે આ એન્જિનિયરે પોતાની પત્નીના નામે ચાર કન્સ્ટ્રક્શન કંપનીઓ સ્થાપી હતી અને રિયલ એસ્ટેટમાં રોકાણ કર્યું હતું.

# બંગાળ વિધાનસભામાંથી TMC MLAને ટીંગાટોળી કરીને બહાર લઈ ગયા માર્શલ

**કોલકાતા**

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં બુધવારે TMCના બળવાખોર ધારાસભ્ય અખરુજ્જમાના ભાષણ દરમિયાન કુણાલ ઘોષે વેલમાં આવી હંગામો મચાવ્યો હતો. ભાજપના ધારાસભ્યો સાથે ધક્કામૂક્કી થતાં અધ્યક્ષ રવીન્દ્રનાથ બોસે તેમને સીટ પર પાછા ફરવા અપીલ કરી, પરંતુ ન માનતા માર્શલોએ તેમને બળજબરીપૂર્વક ઊંચકીને ગૃહમાંથી બહાર કાઢી દીધા હતા. અધ્યક્ષે ઋતવ્રતને વિપક્ષના નેતા માન્યતા આપી છે, જ્યારે મમતા બેનર્જીએ જાહેર કરેલા શોભનદેવ ચટ્ટોપાધ્યાયને મોટાભાગના ૬૦ ધારાસભ્યોએ નકારી કાઢ્યા છે, જેથી ગૃહમાં ફરી એકવાર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# અમેરિકાના ઈરાન પર તબાહી મચાવતા હુમલા હુથીઓએ સાઉદીના 2 ઓઈલ ટેન્કર સળગાવ્યા

## અમેરિકન સેનાએ 12મી રાત્રે ઈરાન પર ભીષણ હવાઈ અને મિસાઈલ હુમલા કર્યા

**તહેરાન**

મિડલ ઈસ્ટમાં સ્થિતિ દિવસેને દિવસે વધુ ગંભીર અને ભયાનક બની રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધના 12મા દિવસે યુએસ સેનાએ ઈરાનના વિવિધ વિસ્તારો પર પ્રચંડ હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. બીજી તરફ, યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ રેડ સીમાં સાઉદી અરેબિયાના ઓઈલ ટેન્કરો પર મિસાઈલ હુમલા કર્યા છે. આ સાથે જ આ સંઘર્ષ હવે સમગ્ર પશ્ચિમ એશિયા અને વૈશ્વિક ઊર્જા માર્ગો પર ફેલાઈ ગયો છે.

અમેરિકન સેનાએ બુધવારે સતત 12મી રાત્રે ઈરાન પર ભીષણ હવાઈ અને મિસાઈલ હુમલા કર્યા છે. દક્ષિણ ઈરાનના સિરિક ક્ષેત્રમાં ભયાનક વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડએ સ્પષ્ટ કર્યું છે કે



ઈરાનના એરક્રાફ્ટ હેંગર્સ, ડ્રોન સ્ટોરેજ સાઈટ્સ, મિલિટરી ઓપરેશન સેન્ટર્સ અને મરીન લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવાયા છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં કોમર્શિયલ જહાજો અને નાવિકો માટે ઈરાન તરફથી ઊભા થતા ખતરાને નાબૂદ કરવા અમેરિકાએ આ મિશન આગળ પણ ચાલુ રાખવાની જાહેરાત કરી છે.

# યુક્રેનના ઓડેસા બંદર પર મોટો હુમલો જહાજ પર સવાર ચાર ભારતીયોના મોત

## કુલ 17 ક્રૂ મેમ્બર્સ સવાર હતા, અન્ય 1 ભારતીયને ઈજા થઈ

**કીવ**

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભયાનક યુદ્ધની આગમાં હવે નિર્દોષ ભારતીયોએ પણ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. યુક્રેનના ઓડેસા બંદર (Odessa Port) પર એક કમર્શિયલ જહાજ પર થયેલા ભયાનક હુમલામાં 4 ભારતીય નાગરિકોના મોત નિપજ્યા છે, જ્યારે અન્ય એક ભારતીયની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. નવી દિલ્હી સ્થિત વિદેશ મંત્રાલય (MEA) દ્વારા સોમવારે આ અત્યંત દુઃખદ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે.

આ હુમલો 19 જુલાઈની સાંજે ઓડેસા બંદર પર લાંગરેલા 'એમવી ગોલ્ડન લિયો' નામના માલવાહક જહાજ પર થયો હતો. હુમલા સમયે આ જહાજ પર કુલ 17 ક્રૂ મેમ્બર્સ સવાર હતા, જેમાં 5 ભારતીય નાગરિકો પણ સામેલ હતા. અચાનક થયેલા આ હવાઈ કે મિસાઈલ હુમલામાં જહાજ પર સવાર 4 ભારતીયો ઘટનાસ્થળે જ કાળનો કોળિયો બની ગયા હતા, જ્યારે પાંચમા ભારતીય ક્રૂ મેમ્બરને ગંભીર ઈજાઓ પહોંચતા હૉસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા છે, જ્યાં તેમની સ્થિતિ નાજુક હોવાના અહેવાલ છે.

# લંડન સ્ટોક એક્સચેન્જની જાહેરાત : ક્રિપ્ટો માર્કેટની જેમ 24 કલાક ચાલુ રહેશે

**કીવ**

અત્યાર સુધી નિશ્ચિત સમય માટે ખુલ્લું રહેતું શેરબજાર હવે 24 કલાક કાર્યરત રહેશે, એટલે કે રોકાણકારો દિવસ હોય કે રાત, ગમે ત્યારે ટ્રેડિંગ કરી શકશે. આ નવીનતમ સિસ્ટમની શરૂઆત બ્રિટનથી થવા જઈ રહી છે. ડિજિટલ અને AIના આ સમયમાં ટ્રેડિંગને વધુ સરળ બનાવવા માટે લંડન સ્ટોક એક્સચેન્જે લંડન સ્ટોક એક્સચેન્જ 24'ની જાહેરાત કરી છે. રોકાણકારો અઠવાડિયાના 5 દિવસ લગભગ 24 કલાક ટ્રેડિંગ કરી શકશે. આનો મુખ્ય હેતુ વિશ્વભરના રોકાણકારોને માર્કેટની કોઈ પણ મોટી ઘટના પર તરત નિર્ણયો લેવાની, જુદા જુદા ટાઈમ ઝોનમાં પણ સરળતાથી ખરીદ-વેચાણ કરવાનીને વધુ સારી રીતે મેનેજ કરવાની સુવિધા આપવાનો છે.

# સિંગાપુરનું સુરત કનેક્શન : નકલી હીરાથી 1.54 લાખ ડોલરનો અસલી હીરો બદલ્યો

## ભારતીય નાગરિકને સિંગાપુરની કોર્ટે જેલની સજા ફટકારાઈ

**સિંગાપુર**

સિંગાપુરમાંથી ચોરીની એક અજીબ ઘટના સામે આવી છે. મળતી માહિતી પ્રમાણે, ચાઈનાટાઉન વિસ્તારમાં આવેલી જ્વેલરી શૉપમાંથી USD 154,000 ની કિંમતનો અસલી હીરો ચોરવાના આરોપમાં એક ભારતીય નાગરિકને સિંગાપુરની કોર્ટે જેલની સજા ફટકારી છે. 41 વર્ષીય મંગોલિયા મનોજકુમાર કુર્જીભાઈએ કોર્ટમાં પોતાનો ગુનો કબૂલતા તેને 2 વર્ષ, 2 મહિના અને 2 અઠવાડિયાની સજા સંભળાવવામાં આવી છે. આ ગુનામાં સામેલ તેના અન્ય સાથીદાર, 30 વર્ષીય સેરાસિયા મિલન રમણિકભાઈ સામે શુક્રવારે સુનાવણી હાથ ધરવામાં આવશે. બંને આરોપીઓએ આ ગુનાને અંજામ આપવા માટે અગાઉથી જ સુરતમાં અસલી હીરા જેવો જ દેખાતો એક નકલી હીરો તૈયાર કરાવ્યો હતો. આ નકલી હીરામાં અસલી હીરાની તમામ વિશેષતાઓ અને સીરિયલ નંબર પણ કોપી કરવામાં આવ્યા હતા. જોકે, આરોપીઓને અસલી હીરાની આટલી સચોટ વિગતો કેવી રીતે મળી તે અંગે કોર્ટના દસ્તાવેજોમાં કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

# ભારતીય જેનેરિક દવાઓ પર 2028થી USનો 100%, 2029થી 200% ટેરિફ લાગશે

**વૉશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે જાહેરાત કરી હતી કે તેઓ આયાતી જેનેરિક્સ પર ટેરિફ નાખીને સ્થાનિક સ્તરે દવા ઉત્પાદનને વેગ આપવા માંગે છે. આ માટે તેઓ પહેલાં તો બે વર્ષ જેનેરિક દવા પર ઝીરો ટકા ટેરિફ નાખશે અને પછીના વર્ષે ૧૦૦ ટકા ટેરિફ નાખશે. ટ્રમ્પના આ પગલાંથી ભારત પર નોંધપાત્ર અસર પડી શકે છે. ભારત અમેરિકાની દવાઓમાં જેનેરિક ડ્રગ્સનું સૌથી મોટું નિકાસકાર છે. ટ્રુથ સોશિયલ પરની પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે પહેલી ઓગસ્ટના પ્રારંભથી અમેરિકા બધી જેનેરિક દવાઓ પર શૂન્ય ટકા ટેક્સ રાખશે, તેના પછી ના વર્ષ પહેલી ઓગસ્ટ ૨૦૨૮થી ૧૦૦ ટકા ટેરિફ અને પહેલી ઓગસ્ટ ૨૦૨૯થી ૨૦૦ ટકા ટેરિફ લાદશે.

# અમદાવાદમાં 3 સાયબર ફ્રોડના કિસ્સા

## 20 વર્ષના યુવકે 11 લાખ ગુમાવ્યા, આણંદના રિસોર્ટના બનાવટી બુકિંગના નામે ઠગાઈ

**અમદાવાદ**

અમદાવાદના અલગ-અલગ વિસ્તારોમાં રહેતા સિનિયર સિટીઝન, યુવક અને એક વેપારી સાથે ઓનલાઈન છેતરપિંડીના 3 અલગ-અલગ કિસ્સા સામે આવ્યા છે. આ અંગે સાયબર ક્રાઈમ સેલ અને બોડકદેવ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આંબાવાડી સ્થિત 'સત્ય ક્રિસ્ટલ' એપાર્ટમેન્ટમાં રહેતા અમિત ભરોડિયાને પરિવાર સાથે આણંદના મધુબન રિસોર્ટમાં જવાનું હોવાથી તેમણે ગૂગલ પર સર્ચ કરીને એક વેબસાઈટ પરથી વોટ્સએપ નંબર મેળવ્યો હતો. સામેની વ્યક્તિએ રિસોર્ટના મેનેજર તરીકે ઓળખ આપીને ક્યૂઆર કોડ (QR Code) મોકલી, બુકિંગના નામે 30,000 રૂ. મેળવી લીધા હતા. ત્યારબાદ ફોન સ્વિચ ઓફ થઈ જતાં અમિતભાઈએ રિસોર્ટનો સાચો ફોન નંબર મેળવી તપાસ કરી, ત્યારે તેમની સાથે ઠગાઈ થઈ હોવાનું સામે આવ્યું હતું. બીજા બનાવમાં, ચાંદખેડાના રવિ પાર્ક ટેનામેન્ટમાં રહેતા સિનિયર સિટીઝન કિશોરભાઈ યાદવે થોડા દિવસ પહેલા યુટ્યુબ પર 'બેંક ઓફ બરોડા'ની એક જાહેરાત જોઈ હતી, જેમાં 'ઘરે બેઠા બેંકિંગ સેવા' આપવાની ઓફર હતી. તેમાં આપેલા નંબર પર કોલ કરતાં, બેંક અધિકારી તરીકે ઓળખ આપનાર વ્યક્તિએ વોટ્સએપ પર બે લિંક મોકલી હતી. તેના પર પ્રોસેસ કરાવડાવીને મોબાઈલ ફોન હેક કરી લીધો હતો અને એકાઉન્ટમાંથી 15.34 લાખની રકમ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. ત્યારબાદ ત્રીજી ફરિયાદમાં, ગોતામાં રહેતા 20 વર્ષીય મયૂર પટેલ નામના યુવકે બિટકોઈનમાં રોકાણ સામે ઊંચા વળતરની લાલચમાં આવીને 11 લાખ રૂ. ગુમાવ્યા હતા.

# વટવામાં બે સગીરના ડૂબી જવાથી મોત, 12 કલાકે મૃતદેહ મળી આવ્યા

**અમદાવાદ**

શહેરના વટવા વિસ્તારમાં આવેલા વાંદરવડ તળાવમાં બે સગીર ડૂબી જવાથી તેમના મોત નિપજ્યાની ઘટના ઘટી હતી. સંગીરના મૃતદેહો બહાર લાવતા ફાયર બ્રિગેડે ભારે જહેમત ઉઠાવવી પડી હતી અને લગભગ 12 કલાક બાદ તેમના મૃતદેહ બહાર આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

અહીંના મંગળવારે મોડી સાંજે બે મિત્ર 13 વર્ષીય અરમાન ઈસ્લામુદિન અંસારી અને 17 વર્ષીય મોહમદ અલી યાદઅલી સૈયદ નાહવા માટે પડ્યા હતા. કોઈએ છોકરાઓને ડૂબતા જોઈ પોલીસ કન્ટ્રોલ રૂમને ફોન કર્યો હતો. લગભગ સાંજે આઠેક વાગ્યે ફાયર બ્રિગેડની ટીમ અને પોલીસકર્મીએ તળાવ પાસે પહોંચ્યા હતા અને તેમની શોધખોળ શરૂ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે ટેકનોલોજી ડીપ ટ્રેકરની મદદથી પણ રાત્રે તપાસ કરી હતી, રાતના અંધારામાં સગીરો ન મળતા ફરી વહેલી સવારે શોધખોળ શરૂ થતા લગભગ આઠેક વાગ્યે બંન્નેના મૃતદેહ મળી આવ્યા હતા. બાળકો ગુમ થયા હોવાથી પરિવારો પણ શોધતા હતા. પરિવારને પણ જાણ કરવામાં આવી હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માતનો ગુનો નોંધ્યો હતો.

# અમદાવાદ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસ: વધુ એકનું મોત

**અમદાવાદ**

શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં ફટાકડાની ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટમાં આજે એક ઈજાગ્રસ્તનું મૃત્યુ થતાં મરણાંક 10 પર પહોંચ્યો હતો. પોલીસે ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ કેસમાં સંડોવાયેલા મુખ્ય આરોપી મેહુલ ડોડિયા, તેની માતા રમીલાબહેન ડોડિયા અને સાદિક સૈયદને કોર્ટમાં રજૂ કર્યા હતા. બે દિવસ પહેલા અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં 8 વ્યક્તિઓના મોત નીપજ્યા હતા. મેહુલ ડોડિયા નામનો વ્યક્તિ આ ગેરકાયદે ફેક્ટરી ચલાવતો હતો. RAF કેમ્પની પાછળના વિસ્તારમાં આ ફેક્ટરી આવેલી હતી. ધડાકાનો અવાજ થતા જ RAFમાં ફરજ બજાવતા જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા.

# ગુજરાતમાં પોલીસના એન્કાઉન્ટરમાં વધારો 15 મહિનામાં 18 અપરાધીઓને મારી ગોળી

અમદાવાદઃ આણંદના વાસદમાં થોડા દિવસ પહેલાં ચાર વર્ષની બાળકીનું અપહરણ કરીને તેના પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. ઘટનાનો આરોપી ઝડપાયા બાદ રિકન્સ્ટ્રક્શન માટે લઈ જવાતો હતો ત્યારે તેણે પોલીસ પર હુમલો કર્યો હતો. પોલીસે એન્કાઉન્ટરમાં તેને ઠાર કર્યો હતો. ગુજરાતમાં પોલીસના એન્કાઉન્ટમાં વધારો થયો છે. 15 મહિનામાં 18 અપરાધીઓને ગોળી મારી હતી.



રાજ્યમાં દુષ્કર્મ અને હત્યાના આરોપીઓ પર ગુજરાત પોલીસ દ્વારા હથિયારોના વધી રહેલા ઉપયોગ પર ફરી એકવાર સવાલો ઊભા થયા છે. સત્તાવાર રેકોર્ડ મુજબ મે 2025 થી જુલાઈ 2026 વચ્ચે ગુજરાત પોલીસે 18 અલગ-અલગ ઘટનાઓમાં ગોળીબાર કર્યો હતો. જેમાં બે એન્કાઉન્ટરમાં આરોપીઓના મોત થયા હતા, જ્યારે બાકીના 16 કિસ્સાઓમાં આરોપીઓ ઈજાગ્રસ્ત થયા હતા, જેમાં મોટાભાગના લોકોને પગમાં ગોળી વાગી હતી.

# પ્રથમ ટી-૨૦માં ભારતે ઝિમ્બાબ્વેને સાત વિકેટથી હરાવ્યું

## વૈભવ સુર્યવંશીએ ૨૬૩ના સ્ટ્રાઈકરેટ સાથે ૧૮ બોલમાં ૫૦ રન ફટકારી અનેક રેકોર્ડ તોડયાં

**હરારે :** ફાસ્ટ બોલર મયંક યાદવ (૨ વિકેટ) અને પ્રિન્સ યાદવ (૨ વિકેટ)ની ધારદાર બોલિંગ બાદ ૧૫ વર્ષીય વૈભવ સુર્યવંશીની તાબડતોબ (૫૦ રન) બેટિંગના જોરે ભારતે ત્રણ ૨૦ મેચની સિરીઝની પ્રથમ ૨૦માં ઝિમ્બાબ્વેને ૪૦ બોલ બાકી રાખી ૭ વિકેટથી હરાવ્યું હતું. કપ્તાન શ્રેયસ અય્યરે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઈજામાંથી બહાર આવેલા ફાસ્ટ બોલર મયંક યાદવે પહેલી ઓવરના પહેલા જ બોલ પર બ્રાયનની વિકેટ ઝડપી હતી. ત્યાર બાદ ચોથી ઓવરમાં પ્રિન્સ યાદવે બેન કરનની વિકેટ ઝડપી હતી. ભારતે પાવરપ્લેમાં ૨૬ રન આપી ૩ વિકેટ ઝડપી પાડી હતી. શિવમ દૂબે અને રવી બિશ્નોઈની એક-એક વિકેટ સાથે ભારતના બોલરોની શિસ્તબદ્ધ બોલિંગ સામે ઝિમ્બાબ્વે ૨૦ ઓવરના અંતે ૧૨૫ રન સ્કોરબોર્ડ પર નોંધાવી શક્યું હતું. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતની ટીમને વૈભવ સુર્યવંશીએ તાબડતોબ બેટિંગ કરીને ૨૬૩ના સ્ટ્રાઈક રેટથી બેચિંગ કરીને સારી શરૂઆત અપાવી હતી.



### વૈભવ સૌથી ઓછા બોલમાં ફિફ્ટી કરનાર છઠ્ઠો ખેલાડી

ઝિમ્બાબ્વે સામે પહેલી ટી૨૦માં વૈભવ સુર્યવંશીએ ૧૮ બોલમાં ૫૦ રન ફટકાર્યા હતાં. આ ફિફ્ટી સાથે વૈભવ સૌથી ઓછા બોલમાં ફિફ્ટી ફટકારનાર છઠ્ઠો ભારતીય ખેલાડી બન્યો છે. આ સાથે સૌથી ઓછી ઉમરે સૌથી ઓછા બોલમાં ફિફ્ટી લગાવવાની બાબતમાં વૈભવ પ્રથમ સ્થાને પહોંચ્યો છે. આ યાદીમાં ૧૨ બોલમાં ફિફ્ટી ફટકારનાર યુવરાજસિંહ પ્રથમ સ્થાને છે. ૧૮ બોલમાં ફિફ્ટી ફટકારવા બાબતે વૈભવે સંયુક્ત રીતે કે.એલ. રાહુલ અને સૂર્યકુમાર યાદવની બરોબરી કરી છે. વૈભવે ૨૬૩ના સ્ટ્રાઈક સાથે ૪ ચોગ્ગા અને ૪ છગ્ગા ફટકાર્યા હતાં.જેમાંથી તેને બે બોલ ગ્રાઉન્ડની બહાર પહોંચાડી દીધો હતો.

# ડોપિંગના કારણે ભારતના અરૂણ કુમાર અને દિલબાગ કોમનવેલ્થમાંથી બહાર

## લોન બોલ્સ મેન્સ સિંગલ્સમાં ભારતના પુતુલ સોનોવાલે ત્રણ વખતના CWG મેડાલિસ્ટને હરાવી અપસેટ સર્જ્યો

**ગ્લાસકો**

ગ્લાસગો (સ્કોટલેન્ડ) ખાતે રમાઈ રહેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતે શાનદાર પ્રદર્શન સાથે પોતાના અભિયાનનો આરંભ કર્યો છે. લોન બોલ્સ ઈવેન્ટમાં બે રોમાંચક વિજય સાથે ભારતે ખાતું ખોલાવ્યું છે. સ્ટાર બોક્સર લવલીના બોરગોહાઈનને સેમિફાઈનલમાં બાય મળતાં ભારતનો પ્રથમ મેડલ નિશ્ચિત થઈ ગયો છે. જોકે, ડોપિંગના કારણે ભારતને શરૂઆતમાં કેટલાક આંચકા પણ સહન કરવા પડયા છે, જેના કારણે બે ખેલાડીઓને ટીમમાંથી બહાર થવું પડયું છે.



ભારતને બીજો ફટકો જૂડોમાંથી લાગ્યો છે. સ્ટાર જૂડો ખેલાડી અરુણ કુમાર સ્પર્ધામાંથી બહાર થઈ ગયો છે. આઉટ-ઓફ-કોમ્પિટિશન ડોપ ટેસ્ટમાં તેના નમૂનામાં એનાબોલિક સ્ટીરોઈડ મળી આવ્યું હતું, ત્યારબાદ તેને કોમનવેલ્થ ગેમ્સમાંથી હટાવવામાં આવ્યો છે. કોમનવેલ્થ ગેમ્સમાં જૂડો સ્પર્ધાઓ ૩૧ જુલાઈથી શરૂ થશે અને અરુણ કુમાર ભારતના મુખ્ય દાવેદારોમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. લોન બોલ્સ મેન્સ સિંગલ્સમાં ડેબ્યૂ કરી રહેલા ભારતના પુતુલ સોનોવાલે ત્રણ વખતનાં ઝઉય મેડાલિસ્ટ અને ૨૦૨૩ના વર્લ્ડ ચેમ્પિયન કેનેડાના રિયાન બેસ્ટરને ટાઈબ્રેકરમાં હરાવીને મોટો ઉલટફેર સર્જ્યો હતો.

# રોહિત શર્માની છલાંગ : ICC વનડે રેન્કિંગમાં ચોથા ક્રમે



**દુબઈ**

ઈંગ્લેન્ડ સામે લોર્ડ્સમાં રમાયેલી ૧૩૮ રનની ઐતિહાસિક ઈનિંગનો ફાયદો ભારતીય કેપ્ટન રોહિત શર્માને તાજેતરના આઈસીસી વનડે રેન્કિંગમાં મળ્યો છે. રોહિત ૧૪ પોઈન્ટના ફાયદા સાથે ૭૫૮ અંકો મેળવી ચોથા સ્થાને પહોંચી ગયો છે. હાલમાં ન્યુઝીલેન્ડનો ડેરિલ મિચેલ ૮૦૨ પોઈન્ટ સાથે નંબર-૧ પર છે. જ્યારે ભારતના શુભમન ગિલ (૮૦૧ અંક) બીજા અને વિરાટ કોહલી (૭૬૭ અંક) ત્રીજા સ્થાને છે. લોર્ડ્સમાં વનડે સદી ફટકારનાર પ્રથમ ભારતીય બનેલા રોહિતે નિવૃત્તિની અટકળો પર કહ્યું કે, *જ્યાં સુધી હું રમીશ ત્યાં સુધી વાતો થતી રહેશે, મારું મુખ્ય કામ મેદાન પર શાનદાર પ્રદર્શન કરવાનું છે.* જોકે, ૩૮૮ના લક્ષ્યાંક સામે ભારત ૨૭ રનથીમેચ અને ૧-૨ થી સિરીઝ હાર્યુ હતું. બેટિંગમાં ઈંગ્લેન્ડનો જો રૂટ ૮મા અને બોલિંગમાં જોફ્રા આર્ચર ત્રીજા ક્રમે પહોંચ્યા છે. બોલિંગમાં અફઘાનિસ્તાનનો રાશિદ ખાન નંબર-૧ છે.

# ચાઇના ઓપનમાં પીવી સિંધુ હાર સાથે બહાર ફેંકાઈ ગઈ



**બેઈજિંગ |** તાજેતરમાં જાપાન ઓપન ચેમ્પિયન બનેલી ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ ચાઈના ઓપનમાંથી બહાર થઈ ગઈ છે. ગુરુવારે ચાંગઝૂ ખાતે રમાયેલા બીજા રાઉન્ડના મુકાબલામાં શરૂઆતી સરસાઈનો ફાયદો ઉઠાવવામાં નિષ્ફળ રહેતા સિંધુનો ચીનની ખેલાડી ચેન યુફેઈ સામે ત્રણ ગેમના રોમાંચક મુકાબલામાં પરાજય થયો હતો. આશરે દોઢ કલાક સુધી ચાલેલા આ મેરેથોન મુકાબલામાં વિશ્વની ચોથા ક્રમાંકિત ખેલાડી યુફેઈએ સિંધુને ૨૧-૧૬, ૨૦-૨૨, ૧૮-૨૧ ના સ્કોરથી પરાજય આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, હૈદરાબાદની ૩૦ વર્ષીય સિંધુએ ગયા સપ્તાહે જ જાપાન ઓપન જીતીને લાંબા સમયથી ચાલી આવતા ખિતાબના દુકાળનો અંત આણ્યો હતો. જેથી આ ટુર્નામેન્ટમાં પણ તેની પાસે સારા પ્રદર્શનની અપેક્ષા હતી. પ્રથમ ગેમથી જ સ્પષ્ટ થઈ ગયું હતું કે મુકાબલો અત્યંત રસાકસીભર્યો રહેશે.

# એશિઝ ૨૦૨૭નું શેડયૂલ જાહેર : ૧૮મી જૂનથી ટ્રેન્ટ બ્રિજ ખાતે પ્રથમ ટેસ્ટ રમાશે

## અંતિમ ટેસ્ટ ૨૯ જુલાઈથી ૨ ઓગસ્ટ દરમિયાન ધ ઓવલ ખાતે રમાશે

**લંડન**

૨૦૨૭ની ઐતિહાસિક એશિઝ ટેસ્ટ શ્રેણીનું શેડયૂલ જાહેર થઈ ગયું છે. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ ટેસ્ટની આ પ્રતિષ્ઠિત શ્રેણી ૧૮ જૂન ૨૦૨૭થી ટ્રેન્ટ બ્રિજ ખાતે શરૂ થશે, જ્યારે અંતિમ ટેસ્ટ ૨૯ જુલાઈથી ૨ ઓગસ્ટ દરમિયાન ધ ઓવલ ખાતે રમાશે. આ શ્રેણી પહેલાં ૯થી ૧૩ જૂન દરમિયાન ધ ઓવલમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ પણ યોજાશે, જેના કારણે જો ઓસ્ટ્રેલિયા ફાઈનલમાં પહોંચશે તો તેને એશિઝ શરૂ થતાં પહેલાં ખૂબ જ ઓછો વિરામ મળશે.

શેડયૂલની સૌથી મોટી ખાસિયત એ છે કે સાઉથહેમ્પ્ટનનું યુટિલિટા બાઉલ પ્રથમ વખત પુરૂષોની એશિઝ ટેસ્ટનું આયોજન કરશે. બીજી તરફ, પરંપરાગત મેદાનો ઓલ્ડ ટ્રાફર્ડ (મેન્ચેસ્ટર) અને હેડિંગ્લી (લીડ્સ) ને આ વખતે સ્થાન ન મળતાં ક્રિકેટપ્રેમીઓમાં અસંતોષ જોવા મળ્યો છે. ઉત્તર ઈંગ્લેન્ડના ચાહકો અને ભૂતપૂર્વ ખેલાડીઓએ આ નિર્ણય અંગે સવાલો ઉઠાવ્યા છે.

ઓસ્ટ્રેલિયા હાલ એશિઝ ટ્રોફીનો વર્તમાન ચેમ્પિયન છે. તેણે ૨૦૨૫-૨૬ની એશિઝ શ્રેણીમાં ઈંગ્લેન્ડને ૪-૧થી હરાવી હતી. હવે ઈંગ્લેન્ડ પોતાના ઘરઆંગણે ટ્રોફી પાછી જીતવાનો પ્રયાસ કરશે, જ્યારે ઓસ્ટ્રેલિયા ૨૦૦૧ પછી પ્રથમવખત ઈંગ્લેન્ડમાં એશિઝ શ્રેણી જીતવાનું લક્ષ્ય રાખશે. ત્યારે બંને ટીમ વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળવાની પુરેપુરી સંભાવનાઓ છે.

# હોકી વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતીય ટીમની જાહેરાત

## ૧૫થી ૩૦ ઓગસ્ટ સુધી વર્લ્ડ કપ યોજાશે, ભારતીય ટીમ ૧૯ ઓગસ્ટના રોજ પોતાના કટ્ટર હરીફ પાક. સામે રમશે

**નવી દિલ્હી**

હોકી ઈન્ડિયાએ આગામી મેન્સ હોકી વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. કુલ ૨૦ ખેલાડીઓને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. હોકી વર્લ્ડ કપ ૧૫ થી ૩૦ ઓગસ્ટ ૨૦૨૬ સુધી બેલ્જિયમ અને નેધરલેન્ડ્સમાં રમાશે. એશિયાના ટોપ ડિફેન્ડર અને ડ્રેગ-ફ્લિકર હરમનપ્રીત સિંહ ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે ભારત માટે સૌથી વધુ મેચ રમનાર અનુભવી મિડફિલ્ડર મનપ્રીત સિંહ પણ ટીમનો ભાગ છે, જે અનુભવી ખેલાડીઓ અને રોમાંચક યુવા ટેલેન્ટવાળી બેલેન્સ્ડ સ્ક્વોડમાં ઘણો અનુભવ લઈને આવશે. ચીફ કોચ ફુલટને સ્ક્વોડને લઈને કહ્યું, આ એક સારી રીતે બેલેન્સ્ડ સ્ક્વોડ છે. આ ટીમમાં ટુર્નામેન્ટના અનુભવ અને ઇન-ફોર્મ યુવાનોનું સાચું મિશ્રણ છે. ખેલાડીઓએ પોતાની જગ્યા પર્ફોર્મન્સથી બનાવી છે, રેપ્યુટેશનથી નહીં. ગોલકીપિંગ ડિપાર્ટમેન્ટમાં મોહિત અને સૂરજ કરકેરા છે, જ્યારે ડિફેન્સિવ યુનિટમાં જરમનપ્રીત સિંહ, કેપ્ટન હરમનપ્રીત, અમિત રોહિદાસ, જુગરાજ સિંહ, સંજય, સુમિત અને યશદીપ સિવાચ છે. મિડફિલ્ડનું નેતૃત્વ મનપ્રીત, હાર્દિક સિંહ અને વિવેક સાગર પ્રસાદની ત્રિપુટી ઉપરાંત નીલકંઠ શર્મા અને હોનહાર યુવા રાજિન્દર સિંહ તથા આદિત્ય અર્જુન લાલાગે કરશે. એટેકની જવાબદારી મનદીપ સિંહ, દિલપ્રીત સિંહ, અભિષેક, સુખજીત સિંહ અને શિલાનંદ લાકડાના ખભે હશે.

# ફિફા 'બેસ્ટ-૧' ટીમ જાહેર હેરી કેનને સ્થાન ના અપાયું

## કેપ વર્ડેના ૪૦ વર્ષીય ગોલકીપર વોઝિન્હાની પસંદગી

ન્યૂયોર્ક : ફિફાદ્વારા વર્લ્ડ કપ ૨૦૨૬ માટે 'ટીમ ઓફ ધ ટુર્નામેન્ટ' (બેસ્ટ-૧૧) ની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ટીમમાં વર્લ્ડ કપ ચેમ્પિયન સ્પેન અને ત્રીજા સ્થાને રહેલા ફ્રાન્સના સૌથી વધુ ૩-૩ ખેલાડીઓને સ્થાન મળ્યું છે. જોકે, ઈંગ્લેન્ડના કેપ્ટન અને સ્ટાર સ્ટ્રાઈકર હેરી કેનને પડતો મુકવામાં આવતા ફૂટબોલ ચાહકોમાં મોટું આશ્ચર્ય સર્જાયું છે. ડિફેન્સમાં સ્પેનના માર્ક કુકુરેલા અને પેડ્રો પોરા જ્યારે ફ્રાન્સના દાયોત ઉપામેકાનો અને આર્જેન્ટિનાના લિસાન્ડ્રો માર્ટિનેઝને (સેન્ટર-બેક) સ્થાન મળ્યું છે. મિડફિલ્ડની કમાન ગોલ્ડન બોલ વિજેતા સ્પેનના રોડ્રી, ઈંગ્લેન્ડના જૂડ બેલિંગહામ અને ફ્રાન્સના યુવા સ્ટાર માઈકલ ઓલિસેને સોંપવામાં આવી છે. સૌથી વધુ ચર્ચા ફેરવર્ડ લાઈન અને ગોલકીપરની પસંદગીને લઈને છે. ૬ ગોલ ફટકારવા છતાં હેરી કેનને સ્થાન મળ્યું નથી, તેની જગ્યાએ નોર્વેનાએરલિંગ હાલન્ડને સેન્ટર-ફેરવર્ડ તરીકે પસંદ કરાયો છે. વિંગ્સ પર લિયોનેલ મેસી અને કિલિયન એમબાપ્પે છે. સૌથી મોટો સરપ્રાઈઝ કેપ વર્ડેના ૪૦ વર્ષીય ગોલકીપર વોઝિન્હાની પસંદગી છે, જેણે દિગ્ગજ ગોલકીપરોને પાછળ રાખીને ટીમમાં સ્થાન મેળવ્યું છે.

# ભારતીય સંસ્કૃતિમાં શ્રદ્ધા તથા કૃતજ્ઞતાનું પર્વ ગુરુપૂર્ણિમા

## ગુરુ ગુરુપૂર્ણિમા



ભારતીય સંસ્કૃતિમાં ગુરુને અસીમ આદર તથા શ્રદ્ધાનું કેન્દ્ર માનવામાં આવ્યા છે. 'આચાર્ય દેવો ભવ' કહીને આપણે તેમને ઈશ્વરતુલ્ય ગણેલા છે. ગુરુ શબ્દનો અર્થ જ એ છે કે જે જીવનમાં અજ્ઞાનના અંધારાને દૂર કરી શકે છે. આપણાં શસ્ત્રોમાં પણ ગુરુ શબ્દના વિભિન્ન અર્થ દર્શાવવામાં આવ્યા છે.

**ગારયતે વિજ્ઞાપયતિ શાસ્ત્ર રહસ્યમય ઈતિ ગુરુ:**

અર્થાત્ જે વેદાદિ શાસ્ત્રોનાં રહસ્યોને સ્પષ્ટ કરે છે તે જ ગુરુ છે. ગિરતિ અજ્ઞાનાન્ધરારમ્ ઈતિ ગુરુ: અર્થાત્ જે પોતાના અણમોલ ઉપદેશો દ્વારા શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે તે જ ગુરુ છે. શાસ્ત્રોમાં જણાવેલા ગુરુના અર્થ પણ જાણવા જેવા છે. શાસ્ત્રોમાં જણાવેલા 'ગુ'નો અર્થ જણાવ્યો છે - અંધકાર અથવા મૂળ અજ્ઞાન અને 'રુ'નો અર્થ જણાવ્યો છે તેનો નિરોધક, તેને દૂર કરનાર. ગુરુને એટલા માટે ગુરુ કહેવામાં આવે છે કે અજ્ઞાન તિમિરનું તેઓ જ્ઞાનાંજન શલાકાથી એટલે કે પોતાના જ્ઞાનથી નિવારણ કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો તેઓ અંધકારને દૂર કરીને પ્રકાશ તરફ લઈ જાય છે. આથી આ કાર્ય કરનાર વ્યક્તિને ગુરુ કહેવામાં આવે છે. ગુરુ અને દેવતાઓમાં સમાનતા દર્શાવતા એક શ્લોકમાં એવું કહેવામાં આવ્યું છે કે જેવી ભક્તિની આવશ્યકતા દેવતાઓ માટે છે તેવી જ ગુરુ માટે પણ છે. ગુરુની કૃપાથી જ ઈશ્વરનો સાક્ષાત્કાર પણ શક્ય છે. ગુરુકૃપાના અભાવમાં તે સંભવ નથી. ગુરુ તો ગોવિંદથી પણ મોટા ગણાય છે. આ વાતની સૌથી મોટી સાબિતી એ છે કે પૃથ્વી પર જ્યારે પણ ભગવાને અવતાર લીધો છે ત્યારે તેમને ગુરુનો જ આશ્રય લેવો પડ્યો છે. શ્રી રામ, કૃષ્ણ, કબીર, વિવેકાનંદ, દયાનંદ વગેરેએ પણ ગુરુની દીક્ષા દ્વારા જ મહાપુરુષનો દરજ્જો મેળવ્યો. ગુરુ કોઈ વ્યક્તિ નથી, પરંતુ તેમની અંદર સમાયેલો તેમનો શુદ્ધ આત્મા છે.

અષાઢ માસની પૂર્ણિમાને ગુરુપૂર્ણિમા કહેવામાં આવે છે. આ દિવસે ગુરુની પૂજા કરવાનું વિધાન છે. ગુરુપૂર્ણિમા વર્ષાઋતુની શરૂઆતમાં આવે છે. આ દિવસથી લઈને ચાર મહિના સુધી સાધુ-સંત એક જ સ્થાને રહીને પોતાની પાસે રહેલી જ્ઞાનગંગાને વહાવે છે. આ ચાર મહિના ઋતુની દૃષ્ટિએ પણ સર્વશ્રેષ્ઠ છે, કારણ કે આ દરમિયાન વધારે ગરમી નથી હોતી અને ઠંડી પણ નથી હોતી. આથી અધ્યયન માટે આ સૌથી શ્રેષ્ઠ સમયગાળો માનવામાં આવે છે. જેવી રીતે સૂર્યના તાપથી તપ્ત ભૂમિને વર્ષાના જળથી શીતળતા તથા પાક પેદા કરવાની શક્તિ મળે છે તેવી જ રીતે ગુરુચરણોમાં ઉપસ્થિત સાધકોને જ્ઞાન, શાંતિ, ભક્તિ અને યોગશક્તિ પ્રાપ્ત કરવાની શક્તિ મળે છે.

**ગુરુનું મહત્ત્વ**

સદ્ગુરુ અંતઃકરણના અંધકારને દૂર કરે છે. તેઓ આત્મજ્ઞાનની યુક્તિઓ જણાવે છે. ગુરુ પ્રત્યેક શિષ્યના અંતઃકરણમાં નિવાસ કરે છે. તેઓ ઝગમગતી જ્યોતિ સમાન છે, જે શિષ્યની બુઝાઈ ગયેલી હૃદયજ્યોતિને પ્રગટાવે છે. ગુરુ મેઘની જેમ જ્ઞાનવર્ષા કરીને પોતાના શિષ્યને જ્ઞાનવૃષ્ટિમાં નવડાવે છે. ગુરુ એક એવા વૈદ્ય છે જે ભવરોગને દૂર કરે છે. ગુરુ એવા માળી છે જે જીવનરૂપી વાટિકાની સંભાળ રાખે છે તથા સુશોભિત કરે છે. ગુરુ અભેદનું રહસ્ય જણાવીને ભેદમાં અભેદનું દર્શન કરવાની કળા શીખવે છે. આ દુઃખરૂપ સંસારમાં ગુરુકૃપા જ એક એવો અમૂલ્ય ખજાનો છે, જે મનુષ્યને આવાગમનના કાલચક્રમાંથી મુક્તિ અપાવે છે.

જીવનમાં સંપત્તિ, સ્વાસ્થ્ય, સત્તા, પિતા, પુત્ર, ભાઈ અથવા જીવનસાથી કરતાં પણ વધારે જરૂરિયાત સદ્ગુરુની છે. સદ્ગુરુ શિષ્યને નવી દિશા આપે છે અને જ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે.

**શિષ્યોનું અનુપમ પર્વ**

સાધક માટે ગુરુપૂર્ણિમા વ્રત અને તપશ્ચર્યાનો દિવસ છે. આ દિવસે સાધકે ઉપવાસ કરવો જોઈએ અથવા દૂધ, ફળ કે અલ્પાહાર લેવો જોઈએ. ગુરુના દ્વારે જઈને ગુરુદર્શન, ગુરુસેવા અને ગુરુસત્સંગનું શ્રવણ કરો. આ દિવસે ગુરુની પૂજા કરવાથી આખા વર્ષની પૂર્ણિમાના દિવસે કરેલાં સત્કર્મોનું પુણ્યફળ પ્રાપ્ત થાય છે.


શિષ્યે ગુરુ, ઈષ્ટ, આત્મા અને મંત્ર આ ચારેયમાં ઐક્યનાં દર્શન કરવાં જોઈએ. શ્રદ્ધા રાખીને આગળ વધવું જોઈએ. જે શિષ્ય સદ્ગુરુનું પાવન સાંનિધ્ય મેળવીને આદર તથા શ્રદ્ધાથી સત્સંગ સાંભળે છે, તે શિષ્યનો પ્રભાવ અલૌકિક હોય છે. શિષ્યની શ્રદ્ધા અને ગુરુની કૃપાના મિલનથી જ મોક્ષનાં દ્વાર ખૂલે છે. જો તમે સદ્ગુરુને રીઝવવા માંગતા હોવ તો આજના દિવસે તેમને કંઈક દક્ષિણા જરૂર આપવી જોઈએ.

**ગુરુપૂર્ણિમાની ઉજવણી**

ભારતભરમાં ગુરુપૂર્ણિમાનું પર્વ ખૂબ જ ધામધૂમથી ઊજવવામાં આવે છે. પ્રાચીનકાળમાં વિદ્યાર્થી ગુરુના આશ્રમમાં નિઃશુલ્ક શિક્ષા ગ્રહણ કરતો હતો. આથી આ દિવસે શ્રદ્ધા અને કૃતજ્ઞતાના ભાવથી પ્રેરિત થઈને તે પોતાના ગુરુનું પૂજન કરીને પોતાની શક્તિ સામર્થ્ય અનુસાર દક્ષિણા આપીને કૃતકૃત્ય થતો હતો. આજે પણ તેનું મહત્ત્વ ઓછું થયું નથી.

પારંપરિક રીતે શિક્ષા આપનાર વિદ્યાલયોમાં સંગીત અને કલાના વિદ્યાર્થીઓમાં આજે પણ આ દિવસ ગુરુને સન્માનિત કરવાનો હોય છે. મંદિરોમાં પૂજા થતી હતી, પવિત્ર નદીઓમાં સ્નાન થતાં હતાં, ઠેર-ઠેર ભંડારા થતા હતા અને મેળાઓ ભરાતા હતા.

## મલાઈ કોફ્તા કરી



સામગ્રી : ૫૦૦ ગ્રામ બટાટા, ૨૫૦ ગ્રામ વટાણા, ૧૦૦ ગ્રામ ફણસી, ૫૦ ગ્રામ કાજુના ટુકડા, ૨૫ ગ્રામ દ્રાક્ષ, ૧ ચમચી શાકનો ગરમ મસાલો. ૦‌ા કપ દૂધની મલાઈ, મીઠું, ૧ કપ મેંદાનું ખીરું, તેલ, ૧ ચમચી ચાટનો મસાલો.

રીત : કરી : ૪૦૦ ગ્રામ ટમેટાં, ૨ કાંદા, ૨ ચમચા ઘી, ૩ કપ પાણી, ૬ એલચી, ૩ ટુકડા તજ, પાંચ લવિંગનો ભૂક્કો, ૧૦૦ ગ્રામ ક્રીમ, ૧ કપ દૂધ, ૧ ચમચો કોર્નફ્લોર, મીઠું, થોડો કોફ્તાનો માવો.


મસાલાની પેસ્ટ : ૧ ચમચી ધાણા, ૧ ચમચી જીરું, ૦‌ા કપ ફૂદનો, ૧ ટુકડો આદુ, ૫ લીલા મરચાં બધું વાટી ચટણી બનાવવી.

કોફ્તા : બટાટાને બાફી છાલ કાઢી છૂંદી નાંખવા. તેમાં બાફેલા વટાણા અને ફણસી છૂંદીને નાંખવા. બધો મસાલો તથા મલાઈ નાંખી નાના ગોળ કોફ્તા બનાવવા. થોડા બટાટાનો મસાલો કરી માટે બાજુ ઉપર રાખવો.

મેંદામાં પાણી તથા મીઠું નાખી ખીરું કરવું અને કોફ્તા મેંદાના ખીરામાં બોળી ગરમ કરી તેલમાં તળી બાજુ પર રાખવા. ટમેટાનો પલ્પ તૈયાર કરવો. કાંદા ઘીમાં સાંતળી વાટેલી પેસ્ટ નાખવી. ઘી છૂટું પડે એટલે ટમેટાનો પલ્પ નાખવો.

મીઠું નાંખી પાંચ મિનિટ ધીમા તાપે ઉકાળવું, તજ એલચીનો ભૂકો નાંખી ઉતારી બાજુ પર રાખવું.કરીને પીરસતી વખતે ગરમ કરી દૂધનું ક્રીમ નાખવું. અને બાઉલમાં કોફ્તા ગોઠવી તેના ઉપર ક્રીમ નાખેલી ગરમ કરી રેડવી.

## શેકેલા સીંગદાણાની કરી



સામગ્રી : ૫૦૦ ગ્રામ વટાણા, ૦‌ા કપ બારીક કોથમીર, ૧ ચપટી હીંગ, ૩ ચમચા સાકર, ૪ કપ પાણી, ૧ કપ પાણી, ૪ લીલા મરચાં, ૧ ટુકડો આદુ, ૧ ચમચો ઘી, ૧ ચમચી જીરુ લાલ મરચું અને પ્રમાણસર મીઠું, ૦‌ા કપ આમલી.

વાટવા માટે : ૧ કપ શેકેલા સીંગદાણાના ફોતરા કાઢવા. ૦‌ા કપ ચોખાને પાણીમાં પલાળવા. ૧૦૦ ગ્રામ કોપરુ છીણવું બધું ભેગું કરી વટાવી પેસ્ટ તૈયાર કરવી.

રીત : વટાણાને સોડાના પાણીમાં બાફી, ચારણીમાં નિતારી બાજુ પર રાખવા. લીલા મરચાં બારીક કાપવાં. આમલીને પાણીમાં ૧ કલાક પલાળવી. ઘી ગરમ કરવું હીંગ અને જીરું નાખવું, જીરુ બદામી રંગનું થાય પછી પેસ્ટ નાંખી હલાવવું, લાલ મરચું નાંખવું.

આમલી નિચોવી તેનું પાણી નાંખવું. બાકીનું ૪ કપ પાણી મીઠું, સાકર, અને લીલા મરચાં કાપેલા નાંખવા. બરાબર ઉકળે પછી બાફેલા વટાણામાં નાંખી બે થી ત્રણ મિનિટ ગેસ પર ઉકાળવું. પીરસતી વખતે ગરમ કરીમાં કોથમીર છાંટવી.

આ કરીમાં વટાણા ન મળતાં હોય ત્યારે બાફેલા ફણસી અને ગાજર ૩૦૦ ગ્રામ નાંખવા. સીંગદાણાને બદલે કાજું અગર બદામ વાપરી શકાય. આ ખાવામાં ઘણી જ સ્વાદિષ્ટ લાગે છે.

## સ્ટફ પનીર કરી



સામગ્રી : સામગ્રી : ૨૫૦ ગ્રામ પનીર, ૩૦૦ ગ્રામ ટમેટા, ૧૦૦ ગ્રામ બાફેલા બટેટાનો છૂંદો, ૧૦૦ ગ્રામ કાંદા, ૦‌ા કપ બારીક કરેલી કોથમીર, લીલા મરચાં, ઘી, લસણ, મીઠું, ૧૨ કળી લસણ, ૩ ચમચા મેંદો, ૧ ટુકડો આદુ, ૦‌ા ચમચી જીરું, ૧ ચમચો ધાણી-જીરુ, મીઠું, પનીર, સાકર, ૧ ચમચો કોર્નફ્લોર, લાલ મરચું, હળદર ૧ કપ ફૂદનો અને કોથમીરની વાટેલી ચટણી.

રીત : પનીરના લંબચોરસ પાતળા ટુકડા કરવા. કાંદા, આદુ, મરચાં, લસણ ભેગા કરી ચટણી વાટવી, કોથમીર અને ફુદીનાની ચટણી મીઠું અને બટાટાના છુંદાને ભેગો કરવો. પનીરના બે ટુકડા લેવા. વચમાં બટાટાનું પૂરણ મૂકી સેન્ડવીચ કરવી. મેંદામાં પાણી નાંખી પાતળું ખીરું કરવું. તૈયાર કરેલા પનીર સેન્ડવીચ તેમાં બોળી તળી લેવાં. બટેટાનો વધેલો માવો. કરીમાં નાંખવો, ઘી ગરમ કરી, વાટેલી ચટણી સાંતળી બધો મસાલો નાંખી હલાવવું. બટેટાનો વધેલો માવો નાંખી હલાવી ટમેટાનો પલ્પ નાંખવો. ૩ કપ પાણીમાં કોર્નફ્લોર હલાવીને નાંખવું. ઉકળે પછી તળેલા પનીર સેન્ડવીચ મૂકી પાંચ મિનિટ ઉકાળવું. કોથમીર નાંખી આપવું.

## સીંધી ટેમેટો કરી



સામગ્રી : ૫૦૦ ગ્રામ ટમેટા, ૨૫૦ ગ્રામ બટાટા, ૧૦૦ ગ્રામ ભીંડા, ૧૦૦ ગ્રામ રીંગણ, ૧૦૦ ગ્રામ ગવાર, ૧૦૦ ગ્રામ સૂરણ, ૨ સરગવાની સીંગ, ૧૨૫ ગ્રામ ચણાનો લોટ, લીલા મરચાં, તેલ, મીઠું, રાઈ, લાલમરચું, જીરું, હળદર, ૬ કોકમ,૧ કપ કોથમીર

રીત : ટમેટાના ટુકડાં કરવા. પાણી નાખી પ્રેશરકૂકરમાં મૂકવા. એ બે સીધી વાગે પછી ગેસ બંધ કરવો. કુકર ઠંડુ થાય પછી ટમેટાનો સૂપ કરવો. બટાટા, લીલા મરચાં, રીંગણ, સીંગ, સૂરણ અને ગુવારના ટુકડા કરવા. ડીચકા કાઢી ભીંડાને તળી લેવા. ત્રણ ચમચા તેલ ગરમ કરવું.

રાઈ અને જીરું નાંખવા ચણાનો લોટ નાખી ધીમા તાપે બદામી રંગનો રંગનો શેકવો. નીચે ઉતારી ટામેટાનો સૂપ નાખી હલાવવું. સંચો ફેરવવો. પાછું ગરમ મૂકવું. ઉકળા આવે ત્યારે બધો મસાલો અને ભીંડા સિવાયના શાક નાંખવા. થોડું પાણી નાખવું. શાક સીજે પછી કોકમ નાખવા. પાંચ મિનિટ ઉકાળવું. કોથમીર અને ભીંડા નાખી હલાવી સર્વ કરવી.





## પ્રબોધજીવન સ્વામીજી અને ભારતથી પધારેલા 11 સંતો-6 સાધ્વીજીઓની દિવ્ય નિશ્રામાં ભક્તિ, પ્રેરણા અને આત્મચિંતનનો મહાકુંભ રચાયો

# હરિપ્રબોધમ્ પરિવાર કેનેડા દ્વારા ભવ્ય શિબિર

# ૨૫૦૦થી વધુ હરિભક્તો 'આત્મીયતા'ના મિશનમાં જોડાયા

### 'આત્મીયતા: સર્વે સુખનું કારણ' સંદેશ સાથે વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિ યોજાઈ; 26 જુલાઈએ હરિધામ કેનેડા મંદિરનું ખાતમુહૂર્ત કરવા તૈયારી


























મિસિસાગા : હરિધામ કેનેડાના આંગણે ગત ૧૦થી ૧૨ જુલાઈ દરમિયાન હરિપ્રબોધમ્ પરિવાર દ્વારા એક ઐતિહાસિક ત્રિ-દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન સ્વામિનારાયણ અને સૌ ગુણાતીત પુરુષોની દિવ્ય ઉપસ્થિતિમાં અને પ્રગટ ગુરુહરિ પ.પૂ. પ્રબોધજીવન સ્વામીજી મહારાજની પ્રત્યક્ષ દિવ્ય નિશ્રામાં યોજાયેલા આ પ્રસંગે સૌ ભક્તોને નિરંતર દિવ્ય દર્શન અને સ્પર્શની અનુભૂતિ રહી હતી. સાથે સાથે ભારતથી આત્મીય વિદ્યાધામ, બાકરોલથી પધારેલા ૧૧ સંતો તથા વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા જૂના અખાડાના મહામંડલેશ્વર શ્રી શ્રી સંજયગિરીજી મહારાજના સત્સંગ અને સાનિધ્યનો લાભ સર્વે હરિભક્તોને પ્રાપ્ત થયો હતો.

બહેનોને પણ વિશેષે કરીને ભારતથી નિર્ણયનગર, અમદાવાદથી પધારેલ ૬ સાધ્વી બહેનોના પાવન સાનિધ્ય અને આધ્યાત્મિક માર્ગદર્શનનો વિશેષ લાભ મળ્યો હતો. આ સાથે કિચનર સેન્ટરના એમ.પી.પી. એસ્લિન ક્લાન્સીએ પણ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહી આ પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. 'આત્મીયતા: સર્વે સુખનું કારણ' વિષયને કેન્દ્રસ્થાને રાખી યોજાયેલી આ શિબિરમાં પાંચ પ્રેરણાદાયી આધ્યાત્મિક સત્રો અને ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા હજારો મુમુક્ષુઓને ભક્તિ, પ્રેરણા અને આત્મચિંતનનો અમૂલ્ય લાભ મળ્યો હતો.

સુહૃદ સમ્રાટ ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી મહારાજ શીખવતા હતા કે, સાચી આત્મીયતાની શરૂઆત બીજાઓને બદલવાથી નથી થતી, પરંતુ પોતાને બદલવાથી થાય છે. તેમના જીવનની એક વિનમ્ર અને આધ્યાત્મિક પ્રાર્થના નિરંતર રહી હતી.

"કોઈ આત્મીય બને કે ન બને, હે પ્રભુ! મને આત્મીય બનાવશોજી !"

તેમના જીવનની દરેક ક્ષણ આ દિવ્ય સિદ્ધાંતને સમર્પિત હતી અને પોતાના સંકલ્પ દ્વારા તેઓએ આ ધરતી ઉપર આત્મીયતાની દિવ્ય સંસ્કૃતિ ઉપર આધારિત એક આધ્યાત્મિક સમાજની સ્થાપના કરી હતી. આ જ પાવન પરંપરા આજે પ્રગટ ગુરુહરિ પ.પૂ. પ્રબોધજીવન સ્વામીજી મહારાજ દ્વારા અવિરતપણે આગળ વધી રહી છે.

સ્વામીજીએ સમજાવ્યું હતું કે, આત્મીયતા માત્ર ઉપરછલ્લી મિત્રતા નહીં, પરંતુ દરેક જીવમાં પરમાત્માનું દર્શન કરીને સૌને પોતાના માનવાની દિવ્ય ભાવના છે. જ્યારે ભક્ત બીજાના સુખમાં પોતાનું સુખ અને બીજાના દુ:ખમાં પોતાનું દુ:ખ અનુભવે, દોષોને અવગણી ગુણોને ગ્રહણ કરે અને દાસત્વભાવ કેળવે, ત્યારે સાચી આત્મીયતા પ્રગટે છે.

આજે ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી મહારાજ અને પ્રગટ ગુરુહરિ પ.પૂ. પ્રબોધજીવન સ્વામીજી મહારાજે પોતાના જીવન દ્વારા એવા એક દિવ્ય સમાજનું સર્જન કર્યું છે, જે સમાજના ભક્તોનું પણ સમગ્ર જીવન આત્મીયતાથી વરેલું છે. આ સંદર્ભમાં જર્મનીના એક હરિભક્તનો પ્રેરણાદાયી પ્રસંગ રજૂ કરવામાં આવ્યો હતો. તેઓ પોતાના ઘરનાં દ્વાર હંમેશાં હરિભક્તો માટે ખુલ્લાં રાખે છે. આ અંગે પૂછવામાં આવતાં તેમણે નમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે, "આ ઘરમાં માત્ર મારો પાસપોર્ટ અને મારી પૂજા જ મારી પોતાની છે. બાકીનું બધું જ ઠાકોરજી અને ભક્તોનું છે.

## પ્રેઝન્ટેશન, વીડિયો અને સાંસ્કૃતિક કાર્યક્રમોએ આકર્ષણ જમાવ્યું

શિબિર દરમિયાન સંતો અને હરિભક્તોના પ્રેરણાદાયી પ્રવચનો, યુવાનો દ્વારા તૈયાર કરાયેલા પ્રેઝન્ટેશનો, વિવિધ વીડિયો પ્રસ્તુતિઓ તેમજ ગુરુહરિ પ્રબોધસ્વામીજી મહારાજના દિવ્ય આશીર્વાદ દ્વારા ભક્તોને આધ્યાત્મિક પ્રેરણા આપવામાં આવી હતી. શિબિરમાં યોજાયેલા એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમે સૌનું વિશેષ ધ્યાન આકર્ષિત કર્યું હતું. વિવિધ સહભાગી પ્રવૃત્તિઓ દ્વારા હરિભક્તોમાં આત્મીયતા, પરસ્પર પ્રેમ અને એકતાની ભાવનાને વધુ દૃઢ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. 'નયણેથી દર્શન'અને 'આત્મીયતાના ધોધમાં'જેવા ભક્તિ નૃત્યો દ્વારા યુવાનોએ શિબિરના મુખ્ય સંદેશને કલાત્મક રીતે રજૂ કર્યો હતો. આ ઉપરાંત 'આત્મીયતાના ધોધમાં' શીર્ષક ધરાવતા પ્રેરણાદાયી સંવાદમાં આત્મીયતાના અનેક જીવંત પ્રસંગો રજૂ કરવામાં આવ્યા હતા. તેમાં ભગવાન સ્વામિનારાયણની દાદા ખાચર પ્રત્યેની અતૂટ આત્મીયતા દર્શાવવામાં આવી હતી, જેમાં ભગવાન સ્વામિનારાયણે દાદા ખાચરની આર્થિક દેશકાળભરી પરિસ્થિતિમાં પણ એમની સાથે જ રહીને ભીડો ગ્રહણ કરવાનું પસંદ કર્યું હતુ. અન્ય એક પ્રસંગમાં ગુરુહરિ પ્રબોધસ્વામીજી મહારાજે દુમાડ ગામમાં વર્ષોથી ચાલતા મતભેદો દૂર કરીને હરિભક્તોને પરસ્પર આત્મીયતાના બંધનમાં કેવી રીતે જોડ્યા, તેનું હૃદયસ્પર્શી નિરૂપણ કરવામાં આવ્યું હતું. શિબિરનો સૌથી વિશેષ અને દિવ્ય લાભ પ્રગટ ગુરુહરિ પ.પૂ. પ્રબોધજીવન સ્વામીજી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો રહ્યો હતો. તેમની સહજતા, દાસત્વ અને ગરીબાઈના દિવ્ય દર્શનથી ભક્તોના હૃદય ભક્તિ અને આત્મીયતાથી તરબોળ થઈ ગયા હતા. પોતાના આશીર્વચનો અને દિવ્ય પરાવાણી દ્વારા ગુરુહરિએ આત્મીય જીવન જીવવા માટેની ગહન સૂઝ, પ્રેરણા અને આશીર્વાદ પ્રદાન કર્યા હતા.


## હરિધામ મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગ માટે સ્વામીજીને આમંત્રણ અપાયું

શિબિરમાં યોગી ડિવાઈન સોસાયટી કેનેડાના પ્રેસિડેન્ટ જનકભાઈ શાહે આગામી તા. ૨૬ જુલાઈએ યોજનારા હરિધામ કેનેડા મંદિરના ભવ્ય ખાતમુહૂર્ત મહોત્સવમાં સહપરિવાર ઉપસ્થિત રહેવા સમગ્ર હરિપ્રબોધમ્ પરિવારને ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું. આ નૂતન મંદિરનું નિર્માણ માત્ર એક ભવ્ય સ્થાપત્ય નહીં, પરંતુ સૌ હરિભક્તોના જીવનમાં આત્મીયતા, ભક્તિ અને સંસ્કારોને વધુ દૃઢ બનાવનારું દિવ્ય કેન્દ્ર બને તેવો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# CLUB CERAMIC

## Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this exceptional family home in one of Oshawa's most desirable communities,offering a rare combination of premium upgrades, functional living space. Built with quality builder upgrades, this home features soaring 9-foot ceilings that create a bright and spacious atmosphere throughout. The open-concept layout is perfect for everyday living and entertaining, featuring a separate family room with a cozy fireplace, an elegant hardwood staircase, and a spacious kitchen complete with a centre island, breakfast bar, stainless steel appliances, and a sun-filled breakfast area with a walkout to the backyard deck. Upstairs, you'll find four generously sized bedrooms, includinga stunning primary retreat with a walk-in closet and a luxurious 5-piece ensuite. The finished basement features a separate entrance and includes two additional bedrooms, making it ideal for extended family, guests, or excellent rental and in-law suite potential. Step outside to a spacious backyard, whether you're dreaming of an outdoor entertaining space or a family-friendly retreat.




Welcome to the one you've been waiting for! Situated on a spacious corner lot in a sought after family-friendly neighbourhood, this beautifully maintained bungalow offers exceptional curb appeal, a double car garage, and is just steps to schools, parks, and shopping. Pride of ownership shines throughout with numerous updates over the years, including: roof (2020), windows and doors (2022), garage door (2020), kitchen (2019), main floor flooring (2021), pot lights (2022), fresh paint (2026), and A/C & furnace (2016). The side yard was transformed in 2023 with new fencing, deck, and awning - creating the perfect private outdoor space for entertaining. Inside, enjoy a bright and functional layout with a huge finished basement offering endless possibilities for additional living space, recreation, or excellent rental/in-law suite potential for extra income. Fully fenced yards ideal for family gatherings and summer enjoyment. A rare opportunity to own a solid, move-in ready bungalow in an unbeatable location!




Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, Demand Location, Walking Distance To Sq 1 And Living Arts Centre, Hwy 403, 401, QEW, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full washrooms. Students welcome. Available Immediately

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.